
૧૮૭
જુલાઈ · ૧૯૩૯
★
તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત




સ્વ. ગિજુભાઈ (ફોટો · રામપ્રસાદ

એમણે બાળકોના આજીવન બેલી બની પોતાનાં સુખો અને સગવડોનો ત્યાગ કરી જીવનભર તેમના જીવનમાં આનંદ, આસ્વાદ અને સુશિક્ષણ એવી પ્રણાલીઓ ગુજરાતમાં સર્જી; બાળશાળાઓને બાળપૂજનનાં મંદિરો બનાવ્યાં; માબાપો અને જાલિમ શિક્ષકોના હાથમાંથી નિષ્ઠુર સજા કાર્પણ્યના દંડો પડાવી બાળકો સમક્ષ નૃત્ય, સંગીત, ચિત્ર અને ક્રીડાના સરંજામ મૂક્યા; તેમનાં દિલ ઉદાર અને મમતાળુ બનાવી ભાવી ગુંડ ચોરો, બદમાશો કે હુમલાખોર થનારા આત્માઓને કારીગર, નેતા, સત્તાધીશ કે સાહસી નરો થવાની બારીઓ ઉઘાડી આપી; ગુજરાત અને બીજા પ્રાંતોને દેવયુગને માર્ગે દોરનાર એ સાચા રાહબર બન્યા. એમનું સ્થાન ગુજરાતમાં ખાલી જ દેખાશે. એમના આત્માને પરમ શાંતિ

કુમાર

પરિવાહ

અંગ્રેજ ઇતિહાસકારોએ એમના શાસનકાલનાં ઇતિહાસપુસ્તકોમાં કોઈ પણ ભારતીય રાજા પ્રત્યે આદર બતાવ્યો હોય તો તે પંજાબના રણજીતસિંહ પ્રત્યે. એ રણજીતસિંહની એમણે તારીફ કરી છે, ખુશામદ કરી છે, કદમબોસી યે કરી છે અને આંગ્લ શાહાનશાહતને નામે ભેટ સોગાદોથી નવાજેલો યે છે. શા માટે? આજે જ્યારે એ પંજાબકેસરીની શતાબ્દી ઊજવાઈ રહી છે ત્યારે અંગ્રેજોનાં કૌટિલ્ય સામે એના ભોળપણથી ભરેલો ભૂતકાળનો એ સફો આપણને અનેક રીતે વિચારતા કરી મૂકશે. ¶ 'સલામતી એ જીવનનો કાટ છે. જમીન પરની કોરી હવામાં એ વધે છે. એને દૂર કરવા માટે ખારી ભેજવાળી હવા જ કામની છે! કેટલી વિચિત્રતા!'— પણ એ વિચિત્રતાનો મર્મ તો કાકાસાહેબનો 'સઢનો સંદેશો' વાંચી દરિયાનો નશો અનુભવો ત્યારે જ સમજાય. અને એમની પ્રસાદભરી કલમનું આ અંકથી ગગનાંગણે જે નવું ક્રીડન આરંભાય છે એના તરફ જિજ્ઞાસુઓ તો કદાચ ક્યારથી પહેલા આકર્ષાવાના. ¶ 'અવળા પાસા'ની વાર્તા નિશાળીઆઓમાં રહેલી નિર્દોષ દાવવૃત્તિ ઉઘાડી પાડે છે, જ્યારે 'નવી જુવાની' સુષુપ્ત માનસના ભ્રાંતિમૂલક જગતની ઝાંખી કરાવે છે. બંને વાર્તાઓના ગર્ભમાં રહેલો હળવો વિનોદ તમને સાચે જ મજા આપશે. ¶ ઇંગ્લિશ ખાડીમાં રહેલા એડીસ્ટનના ખૂંખાર ખડક પર બંધાએલી દીવાદાંડી પરનો લેખ માનવગૌરવની મહત્તા જગવી રહે છે; અને 'આંખ'નો લેખ તો આપણા દૃશ્ય જગતમાંયે અવિશ્વાસ જન્માવે એવી અદ્ભુતતાઓ રજૂ કરે છે. ¶ પ્રભાતપ્રાયા રજની થતાં ચરવા નીકળતા અને આપણાથી તિરોહિત રહેતા 'દશરથિયા'ને આપણામાં ઘણાખરા ન ઓળખતા હોઈ મૂર્તિમતી શાંતિ સમા એ નક્તંચર પક્ષીનો પરિચય સાધવાની તક રખે ખોતા. ¶ 'જીવનનું પરોઢ'ના આ ત્રીજા ખંડથી દક્ષિણ આફ્રિકાના ધર્મયુદ્ધનું મંગલાચરણ થતું હોઇ, તેના હવેના હપતા ચૂકવાની ગફલત ન કરતા. ¶ આટલા લંબાણ છતાં યે હજુ ઘણા લેખો ગણાવવા રહી જાય છે, ને લેખોથી યે વિશેષસંખ્ય વિભાગો— પણ આ તો પરિવાહ છે; પ્રવાહ તો નહિ જ ને!



મુદ્રક: મણિભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬ બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ.; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં, સી. જમનાદાસની કં. રાવળ બ્રધર્સ પ્રિન્સેસસ્ટ્રીટ

તારંગાની ટેકરીઓથી પાછાં આવતાં

સાભ્રમતી-દર્શન

(લાવણી)

૧

મંદ સુમંદ લહરી લહરાય,
કુંજ તવ સંગીતસ્વર પથરાય,
અનેરૂં વેર્યું ચંદ્રીએ હાસ,
અલૌકિક ઝીલે જગઉલ્લાસ.
થાક વિસારી અધિક શ્રવણે પીઉં મંજુલ સૂર;
ધવલ દેગી તવ પટ ત્યાં સહસા નાચે નંદિત ઉર.
સાભ્રમતિ! વહે હર્ષનું પૂર.

૨

કૌમુદી ચુમંત પટવિસ્તાર,
ધવલતા ધરે સરલ શણગાર,
ખીલ્યા કહીં નીલમનીલા છોડ,
અલંકરણો તવ અંગ અજોડ.
રસાંગુલિએ ચંદ્રી નિમંત્રે ચારુ ગગનને ચોક,
તન્વાંગિ, ફરકે તવ પાલવ, ઉડી જશે અયિ રોક.
ઊડવાં હાથ ધરે શે ફોક?

૩

મળ્યો વિશ્રામ, સુણી ઊંડું ગાન,
કર્યું વળી જીવનરસ મધુપાન.
ગીત ગિરિકુહરકુહર પડઘાય,
સુતાં ખગનાં હાલરડાં ગાય.
કેડ પરે કંઇ ગામ ઝુલાવે, પોષે સ્તન્યની ધાર,
ઘાટે ઘાટે હશે સોહતી શી પનિહારીની હાર!
નમંતિ હૃદયભાવને ભાર.

૪

તરંગે તરંગ રૂપલ વેલ,
ચંદ્રપ્રતિબિંબ થકી નિર્મલ,
વિમલ તવ હૃદય તણે ઊંડાણ
સરલ શું વસે એ જ તવ પ્રાણ?
અંગાંગે એ રજત વેલડી જીવનમૂર્તિ તરંત,
સદા વહે તવ સલિલ મધુર રવ નિત્ય કાલ ભ્રમંત,
કોકિલી રટે ડગેડગ કંથ.



૫

ભમું શું આજ ભમંતી સાથ?
અખંડ તવ સુણી રહું ગુણગાન?
ન્યાળી રહું સલિલે શશીની વેલ?
દિવસભર પનિહારીની હેલ?
લાડકડી, છોડી ડુંગરડા ધપતી તું ત્યમ હું ય,
પ્રવાસિની, મારે ય કેડી દર કેડી ખેડવી ભૂંય.
મળીશું રાજનગરને તીર,
સંતની જ્યાં જગજ્યોત કુટીર.

ઉમાશંકર જોષી



પ્રો. રોરીકની મુલાકાતે

● પ્રો. નિકોલા રોરીક વિષે 'કુમાર'માં ઘણું લખાઇ ગયું છે. એઓ એકવાર રશિયાની એક મહાન કલાશાળાના આચાર્ય હતા. ત્રણ હજાર વિદ્યાર્થીઓ તેમની પાસે શીખતા. ઝાર તેમના વાર્તાલાપો એકાંતે સાંભળતા. તેમણે મૉસ્કોના નાટ્યગૃહોના રૂપાંતરમાં મોટો હિસ્સો આપ્યો છે. સ્વ. મૅક્સિમ ગોર્કીએ જગતની કલાપરિષદ્ ભરી તેના પ્રમુખપદે પ્રો રોરીક હતા. ઉપરાંત તેમણે જગતના સાંસ્કૃતિક વિષયોમાં બહુ જબ્બર અન્વેષણો અને વિવેચનો કર્યાં છે એમણે પોતે આજ સુધીમાં પાંચ હજાર જેટલા ચિત્રો કર્યા છે અમેરિકામાં તેમનો ખૂબ આદર થતા તેઓ ત્યાંના વતની બન્યા ને ત્યાં જ પોતાના ધ્યેય પ્રમાણે રોરીક મ્યૂઝિયમ અને કોરોના મન્ડી નામનું કલા, સંગીત અને સ્થાપત્યનું વિદ્યાભવન સ્થાપ્યું. ત્યાર પછી સંસ્કૃતિઓના મૂળ શોધતા તે હિંદ આવ્યા અને હિમાલયમાં દસ હજાર માઇલનો પ્રવાસ કર્યો જે Altai Himalayas નામના ગ્રંથ દ્વારા પ્રસિદ્ધ થયો છે. હિમાલયના અનેક પુરાણપ્રસિદ્ધ પર્વતો, તીર્થો ને મઠોની તેમણે મુલાકાત લીધી છે અને તેનાં લગભગ ૫૦૦ જેટલાં ચિત્રો કર્યાં છે. તેમના આ પ્રવાસ વિષે એવું કહેવાય છે કે જો તે ન થયો હોત તો બીજાં ૧૦૦૦ વર્ષ સુધી હિમાલય વિષે આટલું મર્મસ્પર્શી જ્ઞાન અને દર્શન આપનાર બીજા કોઇ પુરુષની રાહ જોવી પડત. એમની કલા પ્રદર્શન કે વૈભવનો નગારો નથી, પણ કુદરતમાં પ્રતિબિંબિત થતી દિવ્યતાનું નિરૂપણ છે. માનવોની સૌંદર્યદૃષ્ટિ ઉઘડે અને જાગ્રત બને એવા હેતુથી એ ચિત્રો તેમણે જગતમાં પચાસ કરતાં વધારે સ્થળે, માત્ર સંરક્ષણની શરતે ધીર્યાં છે. આજે તેઓ પંદર વર્ષથી હિમાલયને પોતાનું વતન બનાવી સીમલાની ઉત્તરે કુલુની ખીણમાં નગર નામના સ્થળે આશ્રમ બનાવી રહ્યા છે.

આવા ઋષિ સમા કલાકારનાં પ્રત્યક્ષ દર્શન કરવાને મેં ઘણા દિવસોથી ધારણા રાખી હતી. એ સફળ થવાનો સુંદર યોગ મને સહજ જ પ્રાપ્ત થયો અને મેં તે વધાવી લીધો. પ્રસિદ્ધ થીઓસોફિસ્ટ તત્ત્વચિંતક, કવિ અને કલાપ્રચારક ડો. જેમ્સ કઝિન્સે આ ઉનાળામાં પ્રો રોરીક પાસે જવાનો પોતાનો કાર્યક્રમ એક પત્રમાં મને જણાવ્યો, એટલે મેં પહેલી તકે મારો દાબી રાખેલો મનોભાવ તેમની આગળ રજુ કર્યો. એમણે નગર પહોંચીને મારી વાત પ્રો. રોરીકને કહી. સામાન્ય રીતે તો એ સ્વકાર્યોમાં નિમગ્ન રહે છે અને જેમતેમ મુલાકાતો આપતા નથી. પણ મારા માટે તેમણે ડૉ. કઝિન્સને જે કહ્યું તે તેમણે મને લખી જણાવ્યું: He is not a casual; he is a colleague (એ કાંઇ ફાલતુ નથી, પણ સહધર્મી છે) આટલા વાક્યે આ પ્રવાસ ખેડવાની મને હામ અને પ્રેરણા આપી અને મને જે કાંઇ જાણવા-જોવાનું મળ્યું તે 'કુમાર'ના વાચકો પાસે રજૂ કરી રહ્યો છું.

પાપ્રોલા

● ૧૭મી જૂનની સવારે દિલ્હી પહોંચ્યા પછી સાંજ સુધીનો વખત ઠીક પસાર થયો. સાંજે કંઇ ખાસ કામ નહોતું એટલે હું અને ભાઈ યશવંત પંડ્યા સાથે ત્યાં આવી વસેલા આર્કિટેક્ટ ભાઇ કોઠારીને ઘેર ગયા. એમણે દિલ્હીનું એક થીએટર બાંધવા લીધું છે તેનાં સુશોભનોની વાત નીકળતાં કલાકાર શોભાસિંગનું નામ નીકળ્યું એ નજીકમાં જ છે એમ ત્યાં બેઠેલા મિ. મૂળરાજ કરીને તેમના મિત્રે જ કહ્યું એટલે અમે તેમને ત્યાં ગયા તેમનો સ્ટુડિયો જોયો તેમને એક કુશળ કારીગર કહી શકાય. પીંછીમાં ચમત્કાર લાગે, પણ ભાવ કે ઊર્મિમાં શૂન્ય. કાફરસિદ્ધની શૈલીએ યુરોપિયન ચિત્રોની ઓથે કામ કરી જાય

રાત્રે જ અમૃતસર જવાનું ઠરાવ્યું હતું એટલે વહેલા વાળુ કરી શ્રી પંડ્યાની કારમાં સ્ટેશન ભેગા થઈ ગયા. ફ્રન્ટીયર મેઇલમાં ગર્દી બહુ હતી, પણ એક ડબ્બામાં મુંબઇથી આવતો એક મિત્ર હતો તેણે જગ્યા કરી આપી એટલે મારું મિઝાનું થઇ ગયું ને અમૃતસર સુધી ઊંઘમાં જ મુસાફરી પૂરી કરી. પાપ્રોલા-વૈજનાથ--પઠાણકોટની ગાડી આઠ વાગ્યે જ મળતી હતી. એટલે શહેરમાં ન ગયો. પઠાણકોટની ગાડીમાં ગર્દી મુદ્દલ નહોતી મારા ડબ્બામાં હું એકલો જ હતો બે બાજુનાં પંજાબી ગામડાં, નહેરો ને સાદા ભોળાં ગામડિયાં જોતા સાચું હિંદુસ્તાન કેવું હોય તેનો ખ્યાલ મળતો હતો. પઠાણકોટ સુધી કોઇ વાત કરનારે મળ્યું નહિ. પઠાણકોટથી નાની ગાડીમાં બદલ્યું એના ડબા આપણી અમદાવાદની બસ જેવડા જ, એટલે બિસ્તર પણ પાથરાય નહિ સાંજના સાડા સાત સુધી એમાં બેસી જ રહેવાનું હતું.

રસ્તામાં કોઇ કુલુ જવાની માહિતી આપે નહિ. પ્રો. રોરીક વિષે કોઇ જાણે નહિ આ ઉપરથી સુપ્રસિદ્ધ શબ્દની વ્યાખ્યા વિચારવી ઘટે. પાપ્રોલા--વૈજનાથથી કુલુ નગર ૧૦૦





દિલ્હીને માર્ગે: આબુ નજીકનાં ગામડાં અને પર્વતપ્રદેશનાં બે દૃશ્યો (સ્કેચ: ર. મ. રા.)

માઈલ થાય છે. મેં ૧૦ માઈલ વાંચેલા, એટલે સાંજે પામ્પોલા ઊતરીને હું તો મજૂરને લઇને બસ સ્ટૅન્ડ તરફ જવા ચાલ્યો; પણ વચમાં કોઇએ ભૂલ ભાંગીને કહ્યું કે અત્યારે કોઇ બસ જતી નથી અને રાત અહીં રોકાવું જ પડશે. ક્યાં રોકાવું, તો કહે આ હૉટલમાં. હૉટલ એટલે એક ઝાડ નીચે છાપરું; તેની ઓસરીમાં બે ચૂલા અને અભરાઈ ઉપર થાળીઓ; માથે મેડો. આ પંજાબી હૉટલમાં રાત રહેવું પડશે એ મને નક્કી દેખાયું. સામાન મૂકાવી દૂધ ગરમ કરાવ્યું તે પીને બેઠો. એક સીખ મિસ્ત્રી ત્યાં જમતો હતો તેની સાથે વાતો કાઢી. તે પણ ત્યાં સૂનારો હતો. તેણે મને સમજાવ્યું કે કંઇ તકલિફ નહિ પડે. પહેલાં તો મનમાં ધાગી ધડભાંગ થઇ કે આ જંગલમાં આપણી સલામતી શી? પણ પહાડીઓની નમ્રતા અને સુજનતા અપાર છે. કોઇ ભાગ્યે જ ચોરી કરે છે. રાત્રે ઊંઘ સરસ આવી ગઇ અને સવારમાં બારીમાંથી જોઉં છું તો આખી ખીણમાં સોનેરી કેસરી રંગ ઉભરાતો હતો. પેલો સીખ કહે છે કે આવું તો બારે માસ જોવાનું મળે છે. પણ બિચારા પહાડીઓ! એમનાં મેલાં ચીથરાંની ચીવટમાં આ કુદરતનાં ચિત્રો કે ગીતો ક્યાંથી કરે? આવા પ્રદેશમાં કળાશાળા હોય તો દરેક જણ સહેજે કલાકાર બની જાય. સ્કૉટલંડનાં નિસર્ગદૃશ્યોની વાતો અને નિબંધો વાંચવા કરતાં અહીં જ પ્રવાસધામો થવાં જોઇએ. બધું સસ્તું લાગે છે, સુંદર લાગે છે; સંસ્કાર ને કેળવણી માત્ર નથી. પામ્પોલા 3000 ફૂટ ઊંચું છે. કુલુ ૫૦૦૦ ફૂટ કહેવાય છે હવે દસ વાગ્યે મોટરબસ ચાલશે ત્યારે ઉપડવાનું છે. શું કરવું તે નહિ સૂઝવાથી આટલી નોંધ લખી નાખી ને હજામત કરી લીધી. હૉટલવાળો છોકરો ઊઠયો. તેણે પેલા શીખ માટે થોડી રોટલી ને શાક કરી નાખ્યાં. મને ગરમ પાણી કરી આપ્યું અને હવે 'મ્હાકા ઇન્તેજાર હો રહા હૈ!' અહીં ટોપી પહેરીને જ બધાં કામ કરવાનાં હોય છે. ભાષા શુદ્ધ હિન્દી કોઇ બોલતું કે સમજતું નથી. મુસાફરી 'રોમાન્સ' તો લાગે છે. ડૉ. કઝિન્સ મારી, ફેરી રાહ જોતા હશે તે તો મળ્યા પછી જણાય. તેમનો આ મુસાફરીનો અનુભવ પણ જાણવા જેવો જ હશે. પરંતુ એક વાત ખરી છે કે હિમાલયને હિંદુસ્તાન પૂજે છે, પણ ઉપાસી જાણતું નથી. નૈનીતાલ, મસૂરી વગેરે કરતાં અહીં ઘણું જુદું છે.

કુલુ

● સવારે હું માનતો હતો કે સાંજે તો ડૉ. શેરીક કાં ડૉ. કઝિન્સનું મોં જોઇશ, પણ મારો 'રોમાન્સ'નો શોખ પૂરો થવાનો હશે! સવારે વીશીવાળો જાગ્યો તે દરમિયાન મેં તપાસ કરી લીધી હતી કે કુલુ જનારી મોટર ક્યારે ઉપડે છે; એટલે પહેલાં ચા કરવાનું કહ્યું ને એક પ્યાલો પેટમાં નાખી પામ્પોલા ગામ જોઇ આવ્યો. ગામ તો રસ્તાને બંને કાંઠે ઉપરવાશ હતું. અહીં બધું જ મળે છે, પણ સ્વદેશીનું તો નામ જ નથી. નદીઓ વહી જતી હોય છે, છતાં લોકોએ લુગડાં ન જ ધોવાં એમ ઠરાવ્યું લાગે છે! કદાચ તેમને પાણી ને પથરા મળે છે એટલો સાબુ સસ્તો નહિ પડતો હોય. મેં નં. ૫૦૧નો સાબુ લીધો અને ધોતિયું-ટુવાલ લઈ પાસે જ નદીમાં ગયો. કપડાં ધોયાં અને નાહ્યો એટલે કંઇક ઉત્સાહ અને જાગૃતિ આવ્યાં. કુલુની મોટર તૈયાર થઇ રહી હતી તેમાં સામાન મૂકી જગ્યા રીઝર્વ કરી પેલા હૉટલવાળાને ત્યાં હું એકલો જ ઘરાક હતો. તેણે તો ટેબલ પર થાળી-વાટકો મૂકી જમવાનું પીરસ્યું: રોટલી, રીંગણાંનું શાક અને અડદની દાળ. રાત્રે ખાધું નહોતું એટલે કંઇક રૂચિ હતી, પણ આ બધું જોઇ તે ઠંડી થવા લાગી, એટલે પૈસાનું દહીં મંગાવ્યું અને બે રોટલી ખાઇ ઓડકારી લીધું. હૉટલવાળા પાસે આંકડો માગ્યો તો રાત્રે રહેવા ખાવાપીવાનું બધું મળી માંડ ચાર આના જણાવ્યા. પણ તેણે મારી દરકાર બહુ જાળવી હતી એટલે જરા વધારે આપી મોટરમાં બેઠો.

હિમાલયની ખીણમાં આટલો લાંબો પ્રવાસ પહેલી જ વારનો હતો. મસૂરી, નૈનીતાલ કે દાર્જીલિંગમાં ટ્રેન સપાટાબંધ આરામથી લઇ જતી. અહીં તો ખીણનાં મોંઓમાં પેઠા એટલે હિમાલયનું પેટ ચીરી જોતા હોઇએ, એવું લાગે



પઠાણકોટના રેલવેમાંથી એ પ્રદેશનું એક દૃશ્ય



પહાડભૂમિની નાની પાપીલા રેલવે (સ્કેચ: ર. મ. રા.)

હજારો ફીટના ઊંચા પહાડો વચ્ચે વહેતી પહાડી નદીને કાંઠે-કાંઠે જ રસ્તો શેષનાગની જેમ વળ્યો જાય છે. મોટરબસ ચલાવનારા ભડના બેટા છે. વળાંકો જ મારતા ચાળીસ માઈલની ઝડપે નગડાવે છે. જરાક હાથ ચૂકે તો થઇ રહ્યું. તેમને ખ્યાલનો વખત સાચવવાનો, એટલે ક્યાંયે જરા પણ રોકાય નહિ. પહાડો પરનાં ગામડાં વચ્ચે થઇ મોટર મંડી નગરમાં આવી એટલે બદલવી પડી અને બ્રિટિશ મોટરમાં ખડકાયા. બરોબર દસ વાગ્યાથી સાત વાગ્યા સુધી, જે કુ માર્ગો વગર, કે વખત કાઢવાના સાધન વગરની મુસાફરી. પણ જે દૃશ્યો જોવાનાં મળે છે તેમાં પૈસા અને શ્રમ ભુલાઇ જાય છે. અને અંતે જેમને માટે ઉતારો તૈયાર હોય છે તેમને તો બધું ય ભુલાઈ જાય. રોરીકનાં ચિત્રોમાંના લૅંડસ્કેપ (નિસર્ગદૃશ્યો) તો અહીં સેંકડો છે. કોઇ નવરો કલાકાર અહીં પડાવ નાખે તો લૅંડસ્કેપોથી દુનિયાને છક કરે તો નવાઇ નહિ.

સાત વાગ્યે ગાડી કુલુની પોસ્ટ ઑફિસે આવી. હું અને એક બીજો એમ બે પૅસેંજરો બાકી હતા. મેં દાઢીવાળા પોસ્ટમાસ્તરને રોરીકનું સરનામું પૂછ્યું ત્યારે પહેલવહેલો એ માણસ મળ્યો કે જેણે મને રોરીક વિષે ખરી માહિતી આપી.



કુલુના પોસ્ટમાસ્તરે મને ખરી માહિતી આપી

કુલુથી પણ દૂર દસ માઇલ ઉપર નગર છે ત્યાં મારે જવું પડશે. સાંજ પડી ગઇ છે, અંધારું છે. સવારમાં સાત વાગ્યે મોટર ત્યાં જાય છે, એટલે મોટર ડ્રાઇવરને પૂછી એક પંજાબી હૉટલ આગળ ઊતરી પડ્યો છું. દુકાન જેવું છે. એક બાજુ દાળભાત શાકનાં તપેલાં છે. ચોરણી-પહેરણવાળા પંડિતજી સૌને પીરસે છે. ખૂણામાં મારો સામાન નાખ્યો છે. કાલે તો હું જંગલમાં એકલો હતો, પણ આજે અહીં બજાર વચ્ચે છું.

વખત જલદી ખૂટતો નથી. અજાણ્યા સ્થળે રાત્રે રખડવું પણ ક્યાં? એટલે પંડિતજીને જલદી થાળી તૈયાર કરવા કહ્યું. જરાતરા ફર્યો. આખા દિવસનો મોટરનો થાક આંખ ઘેરી રહ્યો હતો, એટલે પંડિતજીના મેડા પર બિસ્તરો ચડાવી એક ખાટલા પર બિછાવ્યો. અહીં મેડા દરેક ઠેકાણે નીચેની જમીન જેટલા જ વિશાળ, પણ ઊંચા નહિ. પહાડોમાં જે પ્રકારે આરામ અને શાંતિ મળે તેવા તો ખરા જ. મરીબીને લીધે શણગારેલા કે ભીંત ધોળેલા નહિ, પણ બહારની હવા તોફાન ને ટાઢથી સારું રક્ષણ આપે, અને ચોખ્ખી જોવા લાગે એટલે ઊંઘને પણ પોષક થાય. એકંદરે મને તો ધાર્યા કરતાં વધુ સગવડ અને આરામ મળતાં લાગ્યાં. આટલી સોઇ હોય તો અહીં રહેવાનું મુશ્કેલ ન લાગે. આખી રાત જાણે છાપરા પર વરસાદની ધારાઓ ચાલુ હોય તેમ પડોશી નદીનો કલરવ ચાલુ જ હતો. કલાપીએ જેલમના અવાજ વિષે ક્યાંક લખ્યું છે કે આ અવાજ માતાનાં હાલરડાં જેવો લાગે છે. મને પણ એવું જ લાગ્યું અને દિવસની અકળામણ ભૂલી ઊંઘી ગયો.

સવારમાં હું તો બિસ્તરો બાંધી તૈયાર થઈ ગયો. અહીં પહાડમાં સવારનું કામ મોડું શરૂ થાય છે, કારણકે ગામડાંમાં દૂધ અને શાક આવે ત્યારે જ કામ શરૂ થાય. ઉપરાંત પ્રકાશ પણ મોડો ઉઘડે. ચારે તરફ પહાડોની ગગનચુંબી દીવાલો હોય ત્યાં એમ જ બને. પંડિતજીએ ચા બનાવી. મેં તેની આગળ એક રૂપિયો મૂક્યો. તેણે માત્ર ચાર આના રાખી બાકીનું પાછું આપ્યું. હવે તો ઊલટું એમ લાગ્યું કે આવા ઠેકાણે એકાદ દિવસ રહી જવું. અહીં મ્યુનિસિપાલિટીનું નામ દેખાતું નથી.



ગાઢ જંગલમાં રસ્તાકાંઠે પાણીવાળાની હૉટલ



કુલુની પંજાબી 'વૈષ્ણવ હિંદુ હૉટલ' (સ્કેચ: ર. મ. રા.)

જેને જ્યાં ફાવે ત્યાં ખૂણેખાંચરે કચરો નાખી દે છે. ચોમાસાનાં પૂર એકવાર બધું સાફ કરી નાખે છે. થોડીવારે નગર તરફ જતી મોટર આવી. પંડિતજીને બધી સ્વાગતાના ફુલ પાંચ આના આપ્યા એટલે સંતુષ્ટ થયા. આ મોટરમાં ગુણોની જેમ માણસો ખડક્યા હતા. મેં પણ લપાઇને બેઠક મેળવી. જવાનું હતું માત્ર દસ માઈલ. વચ્ચેનાં ગામડાંના અનેક વેપારીઓ પોતાના માલ લઈ ઠસ્યા હતા. એક નવી માહિતી હવે મળી કે નગર પણ મોટરના રસ્તાથી ચાર માઈલ ઊંચાઇ પર છે. ત્યાં ટટ્ટુ અથવા પગનો જ રસ્તો છે એટલે કટરાઈ નામનું ગામ આવ્યું ત્યાં ઊતરી જવું પડ્યું. વળી એક દુકાનદારને પૂછ્યું એણે બેચાર મજૂરોનાં ઘર બતાવ્યાં. તેમાંથી એક હિંદી જાણતો મજૂર બહાર આવ્યો. તે અમેરિકન કોઠી તેમ જ તેના સાહેબ (રોરિક)ને જાણતો હતો. આઠઆઠ આના ઠરાવી બે જણને માથે સામાન મૂકી સવારી પાયદળ ચાલી. વચમાં મજૂરો વળી એક ઝૂંપડીમાં ખાવા રોકાયા, પરંતુ મારા મનને રોકનાર વિષયો બહુ જ મળતા રહ્યા. ઝૂંપડામાંથી કોઇ સ્ત્રી નીકળે છે, કોઇ જુવાન જોડું ચાલ્યું જાય છે, મોઢો લઈ જનારાં ખચ્ચરોના ઘંટ વાગતા સાંભળું છું, સામેના પહાડ ઉપર પ્રકાશના પટા ફરતા જાય છે. મજૂરો આવી ગયા અને મામી ઊતર્યા ત્યાં બીઆસ નદીને વનરાજીમાં રમતી જોઇ. બેચાર મોલ વૃક્ષ નીચે નાનાંનાનાં ઝરણો વહેતાં જોઇ શકુન્તલા આવાં જ વનોમાં રમી હશે એવું લાગે. આપણી કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પ્રાચીન કવિવરોનાં વર્ણનો અને શબ્દોનો સાચો ભાર સમજવાને અહીં થોડું આવી જતા હોય તો? કવિના શબ્દો પણ ઓછા પડે એટલી વનશ્રી અહીં ઊછળી રહી છે. યૂરોપના ફોટોગ્રાફો ને જર્મનીના બ્લૅક ફૉરેસ્ટનાં ચિત્રો મને તો સામાન્ય લાગ્યાં. હિમાલયની સાચી પૂજા આર્યો જાણતા તેવી આજની હિંદી પ્રજા જાણતી નથી. નહિતો અહીં શું નથી? ચેતના, પ્રેરણા, ભૂમિની સમૃદ્ધિ અને પ્રકૃતિ–સૌંદર્યની તાજગી એ બધું એક સાથે છે; તેમજ અભ્યાસ, શોધખોળ અને ચિંતનનું વાતાવરણ સતત જાળવી રાખે એવું હવામાન છે. એક મોટી હિમાલયન યુનિવર્સિટી આ પ્રદેશમાં હોય તો હજારો યુવક–યુવતીઓ સંસ્કૃતિની સમગ્ર દીક્ષા પામી દેશમાં તેનો પ્રચાર કરી શકે.

બીઆસ વટાવીને સામે તો પહાડ ચડવાનો હતો, એટલે મારા વિચારો થંભાવી હું ચડવા લાગ્યો. પહેલાં શંકા અને ભય હતાં કે ચડતાં ચડતાં શું થશે, પણ પહેલી વારનો થાક થંભાવી ઉપર ચડ્યો એટલે હવાથી જ થાક ઓગળી જતો લાગ્યો. મજૂરો સાથે અમેરિકન કોઠી સુધી જવાનું ઠરાવ્યું હતું, પણ માર્ગમાં એક સ્વચ્છ કપડાંવાળો પટાવાળો આવતો દેખાયો. તે કંઇક કુતૂહલથી મારા તરફ જોતો આવતો હતો અને મને પણ લાગ્યું કે આ માણસને મારા આવવા સાથે કંઇક સંબંધ છે. તેણે નજીક આવતાં તુરત પૂછ્યું: 'આપ કહાંસે તશરીફ લા રહે હૈં?'

જવાબમાં 'એહમદાબાદસેં' એટલું સાંભળતાં તેણે કહ્યું 'આપ અમેરિકન સાબકે મહેમાન હો? આપકે લિયે નીચે એક આદમી ભેજા ગયા હય વો આપકો નહીં મિલા? આપ તો ડાકકી મોટરમેં બારા બજે આને વાલે થે ન?'

'હાં પર મેં સુબહ કી મોટર મેં ચલ આયા.'

'ફિર આપકે લિયે સામનેકા ડાક બંગલા મેં બંદોબસ્ત કીયા હય. મેં કુલીકુ બતા દેતા હું. આપ વહાં ઠહરીએ.'

બસ, મારા થાક અને શંકાઓનો પાર આવી ગયો. મોટા મકાન પર 'નગર કૅસલ' લખ્યું હતું. કોઈ વાર્તામાં લાગે એવું જ મકાન તેના ઉપર નેપાળી બાંધકામની અસર હતી. કુલુ સુધી દેખેલાં મકાનો કરતાં નિરાળું જ લાગતું હતું કૅસલમાં કોઈ દેખાતું નહોતું. કુલી અંદર હાક મારતો ગયો: 'ચૌકીદાર સાબ!' બેત્રણ અવાજે એક બુઝર્ગ માણસ બહાર આવ્યો. ચોકીદારે જરા વાર લગાડી મગજ ઠેરાવ્યું કે અમેરિકન સાહેબ (પ્રો. રોરીક)નો મહેમાન હું જ હતો. ડાક બંગલાની ગોઠવણો અંગ્રેજી ઢબે હતી મેં પહેલાં ચાની વરધી આપી એવામાં મારા માટે રોકેલો જુવાન આવી પહોંચ્યો.

(ચાલુ)

ર. મ. રા.

ભારતનો છેલ્લો સ્વતંત્ર ભૂપાલ

પંજાબકેસરી

ઇંગ્લંડના વાણિયાઓની સત્તા હજુ હિંદુસ્તાન પર સુદૃઢ નહોતી બની, ત્યારે ગુરુ ગોવિંદની પુણ્યભોમ પંજાબમાં એવા એક શેર નરનો ઉદય થએલો જે ધારત તો 'શેરે પંજાબ'ને બદલે 'શેરે હિંદ' બની શકત. એનાં શૌર્ય અને રણટેક સામે મજાલ નહોતી કે કોઈ દુશ્મનના પગ સ્થિર રહી શકે. માનું ધાવણ મોએથી સુકાતાંવેંત એ રણક્ષેત્રમાં પગ મૂકતો થયો હતો. અને એ કાળનું હિંદ? આજે એ નહિ સમજાય. શારદાપીઠોને ચરણે જ જીવનધન્યતા માનનારા લઘુચેતસોમાં રણચંડીના એ આરાધકોનો જીવનમર્મ સમજવાની ગુંજાશ નથી રહી.

પંજાબનો એ સિંહ, હિંદનો એ છેલ્લો સ્વતંત્ર ભૂપાલ ને અંગ્રેજોની છેલ્લી આડખીલી તે મહારાજા રણજીતસિંહ, જેની જયંતી ઊજવી હિંદ આજે પોતાને કૃતકૃત્ય માની રહ્યું છે. સુકરચાકીઆ સંસ્થાનના જાટ સાંસી જાતિના શીખ ઠાકોર મહાસિંહનો એ પુત્ર. માતાનું નામ રાજકુંવર. કયા તરીકાએ એક ઠકરાતનો આ વારસદાર પંજાબસર્વસ્વ બની બેઠો?

૧૭૮૦ના નવેમ્બરની ૨જીએ એનો જન્મ થયો. એની બાર વર્ષની વયે પિતાનું અવસાન થતાં રાજલગામ માતાએ હાથમાં લીધેલી. નાનપણમાં જ શસ્ત્રાસ્ત્ર ને ઘોડેસવારી ઉપર એણે અજબ કાબૂ મેળવી લીધો હતો. તલવાર પકડવા ટેવાએલો તેનો હાથ કલમથી કદી નહોતો અભડાયો ને આખી જિંદગી એ નિરક્ષર જ રહેલો. ક્ષાત્રતેજે ઊભરાતાં પોતાનાં અરમાન કેમ પૂરાં કરવાં તે તે સારી પેઠે સમજતો હતો. અને એને લઈને જ સત્તર વર્ષની વયે તો મા પાસેથી રાજ્યની લગામ એણે સ્વહસ્તક લઈ લીધી. સત્તર વરસના નિરક્ષર છોકરાની આ ધૃષ્ટતા પ્રત્યે રખે સાશંક બનતા. એના પુરોગામી અકબર ને શિવાજીના હિંદના ઇતિહાસમાં એવા દાખલા મોજૂદ છે જ.

થોડા જ વખત બાદ ઇ. ૧૭૯૮માં મરાઠાઓને ખુવારખસ્ત કરનાર અહમદશાહ દુર્રાનીના પૌત્ર અફઘાનિસ્તાનના શાહઝમાંએ લાહોર ઉપર આક્રમણ કર્યું પણ તરતમાં અફઘાનિસ્તાનમાં બંડ જાગતાં તેને પાછા વળવું પડ્યું. વળતી વખતે એની બાર તોપો જેલમ નદીમાં ડૂબી ગઈ. રણજીતસિંહને એણે કહી મોકલાવ્યું કે એ તોપો કાઢીને જો તે પેશાવર મોકલી આપશે તો લાહોર નગર તેની આસપાસનો ઇલાકો તથા રાજાની પદવી તેને આપવામાં આવશે. બારમાંથી આઠ તોપો તેણે કઢાવી અપાવી ને કબૂલાત મુજબ શાહઝમાંએ સૂબાગીરીની સનદ તેને મોકલાવી આપી.

આ સનદ તો જોકે નામની જ હતી. રણજીતસિંહને સઘળા મુલકનો કબજો જાતે જ મેળવવો પડ્યો હતો. અને એ રીતે સારૂં પંજાબ હાથ કર્યા પછી જ તેણે ૧૮૦૧માં પ્રાચીન પ્રણાલી અનુસાર રાજ્યાભિષેક કરાવી મહારાજાની પદવી ધારણ કરી. ભંગી નામની શીખ જાતિ પાસેથી અમૃતસર હાથ કરી એણે શીખોના રાજકીય અને ધાર્મિક બંને પાટનગરોનો કબજો મેળવ્યો. એક લાખ રૂપિયાના ખર્ચે એણે લાહોરની પુનર્રચના કરાવી ને પોતાના સિક્કા પાડવા ત્યાં ટંકશાળ ઊભી કરી. એ સિક્કાઓની એક બાજુ સંવત છપાતી ને બીજી બાજુ 'તલવારનો આદર અને ગુરુ નાનકથી માંડી ગુરુ ગોવિંદસિંહ સુધી અક્ષય વિજય' એ લખાણ આવતું. પુરાણા રીતરિવાજો મુજબ જ દેશનો પ્રબંધ એણે કરવા માંડ્યો.

હિંદુસ્તાની કબજાગીરી માટે શીખ, મરાઠા ને અંગ્રેજોના ભાગ્યની શરત હજુ ચાલુ હતી; પણ અંગ્રેજોનાં કૌટિલ્ય અને તકસાધુતાએ બીજા બેને પાછળ પાડી દીધા હતા. એવામાં ફ્રાન્સનું સુકાન નેપોલિયન બોનાપાર્ટના હાથમાં ગયું. એ અદમ્ય વિજયાકાંક્ષીના મારેન્ગો, ઑસ્ટરલિટ્ઝ ને જીનાનાં રણક્ષેત્ર પરના તોપોના પડઘા તહેરાન થઈ ઠેઠ લાહોર સુધી પહોંચ્યા હતા. ભયભીત અંગ્રેજોએ તરત જ બાજી બિછાવી. એલ્ફિન્સ્ટનને અફઘાનિસ્તાન સાથે સમજાવટ કરવા મોકલી, તેમણે ઇ. ૧૮૦૮ના ડીસેમ્બરમાં સી. એફ. મેટકાફને રણજીતસિંહ તરફ રવાના કર્યો.

કસૂર મુકામે મેટકાફ ને રણજીતસિંહની મુલાકાત થઈ. મેટકાફે એક ગાડી, એક જોડ ઘોડા, સોનાના હોદ્દાવાળા ત્રણ હાથી, કેટલાંક આભૂષણો ને શાલ-

રણજીતસિંહ



જેની શતાબ્દી ગયા માસમાં પંજાબભરમાં મોટા સમારંભથી ઉજવાઈ

દુશાલા ભેટ ધર્યાં. અંગ્રેજોનો ઇરાદો સતલજ નદીની દક્ષિણ બાજુ એને ન વધવા દેવાનો હતો, જ્યારે રણજીતસિંહનો ઇરાદો સઘળાં શીખ રાજ્યોનું એકીકરણ કરી ઉત્તર હિંદમાં એક પ્રબળ ભારતીય એકમ ઊભું કરવાનો હતો.

અને એ ઇરાદો પાર પાડવા જેટલું સામર્થ્ય પણ તેની પાસે હતું. યુરોપિયન અફસરો રોકી એણે પોતાની આખી સેના યુરોપિયન ઢબે જ કેળવી હતી. એના ખાલસા સૈન્યના બે ભાગ હતા. એક ભાગ એ પોતે નભાવતો, બીજો ભાગ એના જાગીરદાર સામંતો. એના પોતાના લશ્કરના ત્રણ વ્યવસ્થિત ભાગ એણે પાડેલા—ફોજે ઐન, ફોજે સવાર અને ફોજે ખિલાફત. લાહોરમાં તોપો ઢાળવાનું કારખાનું પણ એણે ઊભું કરેલું. સૈન્યોનો પોશાક પણ યુરોપિયનો જેવો જ. માત્ર માથે લશ્કરી ટોપી શાકો (Shako)ને બદલે પાઘડી એટલો ફેર. એ સુશિક્ષિત દમામદાર સૈન્ય જોઈને હેવલૉકે લખેલું છે, 'Here was not merely the infancy of military knowledge, but its vigorous manhood.'

એ તાકાત પર મુસ્તાક થઈ એણે સતલજની દક્ષિણે આગળ વધી અંબાલા, શાહબાદ વગેરે જીતી લીધાં. મેટકાફ પાછો ચાલ્યો ગયો. કલકત્તા પહોંચતાં જ તેને ખબર પડી કે નેપોલિયને હિંદ પર આક્રમણ કરવાનો વિચાર છોડી દીધો છે એટલે તરત એણે રણજીતસિંહ પર ગવર્નર જનરલને નામે તેની આગેકૂચ થંભાવવાનો હુકમ મોકલ્યો.

રણજીતસિંહ ક્રોધે ભરાયો. એણે લુધિયાના નજીક સેના એકઠી કરી. બીજી બાજુથી અંગ્રેજ સેના પણ આગળ વધી. પણ પછી શું થયું, રણજીતસિંહ કેવી રીતે ભોળવાયો, એની કશી વિગત નથી મળતી; પરંતુ ઈ. ૧૮૦૯ના એપ્રિલની ૨૫મીએ અમૃતસર મુકામે બંને વચ્ચે સંધિનો ખરીતો ઘડાયો અને ૩૦મીએ ગવર્નર જનરલ લૉર્ડ મિન્ટોએ તે પર સહી કરી. એ સંધિખતની ગોઝારી ક્ષણથી જ પંજાબનો સ્વૈરાચારી સિંહ અંગ્રેજોનો પાળેલો સિંહ બની ગયો.

આ સંધિની ખબર પડતાં જ બાબા ફૂલાસિંહ

નાગી તલવારે રણજીતસિંહ પાસે ધસી ગયો ને બોલ્યો, 'મહારાજ, આ વિદેશીઓએ આપણી દુર્દશા કરવા માંડી છે. અપમાનો કરવા માંડ્યાં છે ને એનો બદલો જો નહિ લો તો આ તલવારથી તમારું શિર તો ધડથી જુદું કરી નાખીશ, પણ તમારા આખા વંશનું પણ નિકંદન કાઢી નાખીશ.'

રણજીતસિંહે જવાબ આપ્યો, 'ભાઈ, હું એમની સાથે મૈત્રીભાવે જોડાયો હોઈ એમના અનિષ્ટનો ખ્યાલ સુદ્ધાં કરવો મને હવે લાજિમ નથી. હું ગર્દન ઝુકાવું છું. ખુશીથી તારી તલવાર ચલાવ.'

ક્ષાત્રવટ જેટલો જ સ્વામીભક્તિનો અનુરાગી ફૂલાસિંહ ચૂપ બની ગયો. આગળ જતાં રણજીતસિંહની એક જિદ્દને જ કારણે એ વીર સામંત રણાંગણે કામ આવ્યો. રણજીતસિંહે સાંભળેલું કે પેશાવરના અજીમખાં પાસે 'લૈલી' નામની ઉમદા ને જાતવાન ઘોડી છે. એણે એ ઘોડી પોતાને આપી દેવા કહેવડાવ્યું. અજીમખાંએ ના પાડી. યુદ્ધ થયું અને તેમાં આ ફૂલાસિંહ મોખરે હતો. એ યુદ્ધમાં જ તેના પ્રાણ ગયા. એ એક 'લૈલી' ઘોડી પાછળ રણજીતસિંહે સાઠ લાખ રૂપિયા વેડફ્યા ને બાર હજાર સૈનિકોની કત્લ કરાવી. અને છતાં એને મળેલી ઘોડી મૂળ 'લૈલી' જ હતી કે કેમ એ અનિશ્ચિત રહ્યું!

અંગ્રેજો જોડે મૈત્રી કરીને સતલજથી પાછા હઠતાં રણજીતસિંહે બીજી બાજુ નજર દોડાવી. અહમદશાહ દુર્રાનીનાં સતત આક્રમણોને લઈને પંજાબમાં અનેક સ્થળે મુસલમાની રાજ્યો સ્થપાઈ ગયેલાં. એણે એ રાજ્યો અને ખુદ અફઘાનિસ્તાન પર હલ્લા કરવા શરૂ કર્યા. વિજય ઉપર વિજય તે મેળવતો ગયો ને છેવટે કાશ્મીરથી સિંધ ને સતલજથી પેશાવર સુધીની એકહથ્થુ સત્તા હાથ કરી ત્યારે જ તે જંપ્યો. એના યુદ્ધનૈપુણ્ય પર વારી જઈને ફ્રેન્ચ મુસાફર જૅકવેમૉંએ તો તેને 'Bonaparte in miniature' કહેલો છે.

અફઘાનિસ્તાનના નિર્વાસિત શાહ શુજાને આશરો આપી તેની રાણી બાફા બેગમ પાસેથી એણે વિખ્યાત કોહેનૂર હીરો હાથ કર્યો. શાહ શુજાને અફઘાનિસ્તાનની ગાદીએ બેસાડાય તો રશિયા સામે અંગ્રેજોનું હિત જળવાય તેમ હોવાથી ૧૮૩૧માં લૉર્ડ વિલ્યમ બેન્ટિકે રણજીતસિંહ અને શાહ શુજા સાથે મળી ત્રિમુખ સંધિ કરી. શાહ શુજાએ ગાદીએ આવતાં રણજીતસિંહને દર વર્ષે ૧૮ હીરાની તલવારો, ૫૫ ઉત્તમ ઘોડા, ૨૫ ખચ્ચર ને અનેક પ્રકારનાં સ્વાદુ ફળો મોકલાવવાનું કબૂલ્યું.

રણજીતસિંહ સમરકેસરી જ હતો; સમરક્ષેત્રની બહાર એણે ક્રૂરતાને અવકાશ નહોતો આપ્યો. કાનૂન તો ગુનેગારના અંગછેદન સુદ્ધાંની મંજૂરી આપતો, છતાં હડહડતા દુશ્મનને યે એણે કદી શારીરિક સજા નહોતી કરી. એ પોતે તો નિરક્ષર જ હતો, છતાં વિદ્વત્તા પ્રત્યે એને ઓછો અનુરાગ નહોતો. એના દરબારમાં અનેક વિદ્વદ્‌રત્નો બિરાજતાં અને એના અમલ દરમિયાન હિંદના અન્ય કોઈ પણ પ્રાંત કરતાં પંજાબમાં શિક્ષણ ને વિદ્વત્તાનું પ્રમાણ વિશેષ હતું.

એની નમ્રતા યે અદ્‌ભુત હતી. એક વખત કશોક સામાજિક અન્યાય એના હાથે થઈ ગયો. શીખ ગુરુઓ કોપ્યા. ગુરુ બાબા ફૂલાસિંહે જણાવ્યું, 'રાય હોય કે રંક, ધર્મના કાનૂન સૌને સરખા જ લાગુ પડે છે.' રણજીતસિંહે કાનૂન ફરમાવે તે દંડ ભોગવવા કશી આનાકાની વિના તૈયારી બતાવી. ખુલ્લા શરીરે ઝાડ સાથે તેને બાંધી સો કોરડા ફટકારવાની ધર્માજ્ઞા થઈ અને તેણે તે માથે ચડાવી. અકાલ તખ્ત પાસેના આમલીના ઝાડે પંજાબના એ સિંહનુ શરીર દોરડે બંધાયું. પણ જેરબંધ ચલાવવાની આજ્ઞા કોણ આપે ને કોનો હાથ એ માટે ઊપડે? લોકમેદની જ ત્રાસી ઊઠી. બાબા ફૂલાસિંહને વિનવવામાં આવ્યા ને રણજીતસિંહને માટે એટલી જ નસીહત પૂરતી મનાઈ.

અને સાદાઈ તો રણજીતસિંહને જ જાણે વરી હતી. હાથે વણેલા શણનો જામો જ એનો નિત્યપોશાક હતો. એક વખત એક કારીગર રત્નજડિત સોનેરી ચંદરવો લાવ્યો ને તે સિંહાસન પર બિછાવવામાં આવ્યો. રણજીતસિંહ આવીને એ જોતાં જ બોલ્યો, 'એ ઉતારી લો. હું એને લાયક નથી. એ ગુરુ સાહેબને આપી દો.' એ ચંદરવો અમૃતસરના સુવર્ણમંદિરને ભેટ ધરાયો ને હજુ સુધી ત્યાં જળવાયેલો છે.

વેગભર વહેતી કરાળ સિંધુ નદીને માત્ર ઘોડા ઉપર પાર કરી જનારો, અને ગુરુ ગોવિંદ પછી શીખોનો પહેલો જથ્થેદાર બનેલો બલવીર રણજીતસિંહ બીજાઓ પર જેટલો કાબૂ ધરાવતો એટલો પોતાની જાત પર

ધરાવવા અસમર્થ નીવડેલો. લાપરવાહી ને રખડપાટમાં જુવાની વીતવાને પરિણામે માનવસ્વભાવમાં પ્રવેશતા બદીઓનો પણ તે ભોગ થઇ પડ્યો હતો. એની અઢાર રાણીઓમાં માત્ર નવ જ વિધિપુરઃસરના લગ્નની હતી. લગ્નસંબંધની આ નિરંકુશતાને લઇને જ એના ઉત્તરાધિકારી તરીકેનો હક સાબિત કરવા પ્રપંચખોરી ચાલી, ગૃહવિગ્રહો ચાલ્યા ને પંજાબ હાથથી ગયું. દારૂની લત પણ એને જબરી લાગુ પડેલી. એને લઇને જ ૧૮૩૪માં એને લકવો લાગુ પડ્યો ને ૧૮૩૯ના જૂનની ૨૭મી તારીખે ૫૯ વર્ષની વયે તેનું અવસાન થયું.

રણજીતસિંહ શરીરે ખાસ દેખાવડો ન હતો. નાનપણમાં શીળી નીકળતાં એની ડાબી આંખ ગએલી ને ચહેરો ઊંડા ઘોબા પડી બેડોળ બની ગએલો. છતાં બૅરન હ્યુગેલના કહેવા પ્રમાણે પાતળા ધડ પર વજનદાર માથાવાળું તેનું ઠીંગણું શરીર ઘોડા પર સવાર થતાં જ એનું વ્યક્તિત્વ બદલાઇ જતું ને કોઇ મહારથી જેમ તેનો પ્રભાવ ડારી દેતો.

સર્વ ધર્મો અને સર્વ કોમો પ્રત્યે એણે સહિષ્ણુતા કેળવી હતી. ફકીર અઝીઝુદ્દીન, નુરુદ્દીન વગેરે મુસલમાનો અને જનરલ વેન્ચુરા, જનરલ ઍલાર્ડ વગેરે યુરોપિયનોને પણ એણે માનનીય હોદ્દાઓ આપેલા.

પંજાબના એ સિંહને અંગ્રેજોએ કોણ જાણે એવો તો બેબસ બનાવી દીધો હતો કે અંગ્રેજોની મિટ્ટી પલીદ કરનારો જસવંતરાવ હોળકર જ્યારે તેની મદદ માગવા ગયો ત્યારે તેણે એને પોતાની પેઠે અંગ્રેજોની સાથે સંધિ કરવા સમજાવવા માંડ્યો! આ જોઇને જસવંતરાવ બળતા દિલે બોલ્યો: 'એક વિપત્તિગ્રસ્ત અતિથિ ને પોતાના દેશવાસી પ્રત્યે આવું જ આપનું ધર્મપાલન હોય તો યાદ રાખજો કે મારા કુળમાં તો રાજગાદી રહેશે, પણ આપના કુળની સત્તાનો અંત જ આવશે.'

આ પ્રસંગ ઉપરથી, એ જ હોળકરને આસરો આપી પોતાનો મુલક તેમજ જિંદગી જોખમમાં મૂકી દેનાર ભરતપુરનો જાટ રાજા રણજીતસિંહ યાદ આવે છે. એ હોળકર ને એ રણજીતસિંહ ન હોત તો હિંદના નકશાનાં પીળાં ધાબાં આજથી સવા સદી પહેલાં જ લાલ રંગે રંગાઇ ગયાં હોત. અને આ રણજીતસિંહે હોળકરને જો મદદ આપી હોત તો તો, એક ઇતિહાસકારના કથન મુજબ, અંગ્રેજોનો સિતારો બિયાસ નદીનાં પાણીમાં જ ડૂબી આથમી ગયો હોત. સિંધના અમીરોના સ્વાતંત્ર્યના હ્રાસની કારણભૂત પણ રણજીતસિંહની અંગ્રેજો જોડેની મૈત્રિ જ લેખી શકાય.

અંગ્રેજોએ રણજીતસિંહની તારીફ કરી છે, ખુશામદ કરી છે, કદમબોસી યે કરી છે અને આંગ્લ શાહાનશાહતને નામે આખી જિંદગી એને અવનવીન ભેટસોગાદોથી નવાજેલો યે છે. શા માટે? મરાઠા અને અફઘાનો વચ્ચે આવા એક મિત્રરાજ્યની તેમને જરૂર હતી. એ જરૂર જતી રહી, મરાઠાઓનાં ને અફઘાનોનાં પાણી ઓસર્યાં કે રણજીતસિંહનું સામ્રાજ્ય પણ અંગ્રેજ મહત્ત્વાકાંક્ષામાં ઓગળી ગયું.

રણજીતસિંહ આ ગોરી તસ્કરવૃત્તિ ને ચાલબાજી સમજ્યો, પણ બહુ મોડી મોડી. એનું અરધું અંગ લાચાર નીવડ્યા બાદ અંગ્રેજોએ પહેલા દાંત દેખાડ્યા ને ૧૮૦૯ની સંધિથી વિરુદ્ધ જઇ, સિંધમાં કશો હસ્તક્ષેપ ન કરવાનો તેને હુકમ કર્યો. હુકમનો જવાબ આપવાની રણજીતસિંહની તાકાત ત્યારે ઓસરી ચૂકી હતી. કહેવાય છે કે એ આખર દિવસોમાં હિંદનો એક નકશો તેને બતાવવામાં આવ્યો. અંગ્રેજોએ હાથ કરેલા ને લાલ રંગે રંગાએલા હિંદના મોટા મોટા પ્રદેશો જોઇ, ઉદ્વિગ્ન મને એ નકશો દૂર ફેંકી નિસાસો નાખતો તે બોલેલો: 'આ આખો દેશ હવે લાલ રંગે રંગાઈ જશે.'

એ અંતબુદ્ધિ એના યશજીવનના આરંભે એના ચિત્તમાં વસી હોત તો હિંદને પોતાના રાષ્ટ્રશરીરને લાગેલો મેલ ધોવા માટે ૧૮૫૭ સુધી રાહ જોવાની કશી જરૂર ન રહેત.

અશોક હર્ષ



રણજીતસિંહનું સમાધિમંદિર—લાહોર

અવળા પાસા

માસ્તર સામે મંડાએલી એક નિષ્ફળ ગએલી ચાલાકીની

શાળાજીવનની વાર્તા

'મનુ! એ મનુ! ઊઠ બાપલા' જો, નિશાળનો ઘંટ પણ વાગી ગયો.' કહેતાં બાએ મને જગાડવા માંડ્યો. ઘંટ તો મેં યે સાંભળ્યો હતો, છતાં નિરાંતે એ સાંભળતા રહી, આવી ટાઢમાં નિશાળે જવાની તકલિફ અને શંભુશંકરના શનિવારના ત્રણ 'પારિયડ્ઝ' દૂર કરવાની યુક્તિ હું શોધી રહ્યો હતો.

'મનુ! ઊઠે છે કે નહિ?' બાની બીજી બૂમ પડી. મહામહેનતે મોં પરથી રજાઇ દૂર કરી મેં ટૂંકો જવાબ આપ્યો, 'બા! માથું દુખે છે.'

'તો બામ ચોપડીને જા.'

'ના, બા. બામ તો ખૂબ બળ્યા કરે. ક્લાસમાં બેસાય પણ નહિ.'

'ઠીક ત્યારે ન જતો.'

'ચા....લો. એક ધારાસભામાં તો બિલ પસાર થઇ ગયું. હવે ઉપલી ધારાસભામાં મુશ્કેલી રહી' એમ વિચારતાં મેં રજાઇ માથે ખેંચી. પણ હવે ઝાઝો વખત પથારીમાં પડ્યા રહેવાય તેમ ન હતું, એટલે ઊઠી, મોં ધોઇ, માથે હાથ મૂકી એક ખુરશીમાં પડ્યો.

ત્યાં તો 'કેમ, મનુ! આજે નિશાળે નથી જવું?' પૂછતા બાપાજી સામે આવી લાગ્યા.

'જહન્નમમાં ગઇ નિશાળ!' મેં મનમાં શાપ દીધો, 'આજે એ નિશાળ જેટલાજ ભાગમાં ધરતીકંપ થાય—' પણ એવા તો હજારો શાપને ગળી જઇ હજી પણ એ મકાન એમ ને એમ અટ્ટહાસ્ય કરતું ઊભું છે.

'મનુ! સાંભળે છે કે નહિ? આજ નિશાળ નથી?'

આ ત્રાડથી હું એકાએક ઝબકી ગયો ને કટાણું મોં કરી જવાબ આપ્યો, 'માથું દુખે છે.'

'મા . . . થુ દુખે છે!' બાપાજીએ ચાળા પાડતાં કહ્યું. 'ચાલ ઊઠ, કપડાં પહેરી નિશાળે જા.'

'પણ . . . માથું બહુ દુખે છે.'

'એ . . . મ? કાલે ઓછું ખાવું'તું.'

'અને, બાપા! હવે તો મોડું પણ બહુ થઇ ગયું.'

'મોડું થઇ ગયું તેમાં બીજા શું કરે? શા માટે વહેલો ન ઊઠ્યો? ચલ, કપડાં પહેરવા માંડ.'

'પણ માસ્તર પૂછે તો?'

'તો કહેજે કે માથું દુખતું હતું એટલે મોડું થયું.'

'તો પણ તે તો મારે એવા છે.'

'એમ? એટલી બધી દાઝ રાખે છે? તેનું નામ શું?'

'શંભુશંકર દવે'—જોકે અમે છોકરાઓ તો તેને 'શંભુ પોઠીઆ' તરીકે જ ઓળખતા. આ નામ પાડવાનો બધો જશ મને જતો હોઇ, હું વર્ગમાં ગર્વપૂર્વક ફરતો. એક વખત આ ઉપનામ શંભુશંકરને અદૃશ્ય રીતે સંભળાઇ જતાં, મારી કળાના પારિતોષિક તરીકે બે 'પારિયડ' બાંકડા ઉપર ઊભા રહેવાનું કર્તવ્ય બજાવવું પડ્યું હતું ને હું પણ વર્ગના બધા વિદ્યાર્થીઓની આંખથી અપાતી મૂગી સહાનુભૂતિ આકર્ષતો એક જૂના અને જાણીતા બહારવટિયાને છાજે તેવી અદાથી ઊભો રહેલો.

'તે બધા છોકરાઓને મારે છે કે તને એકને જ?'

'બધાને જ. દયાનો તો એનામાં છાંટો યે નથી. તેમાં યે મોડા આવનારાને તો મૂકતો જ નથી. (મારા કલ્પિત વર્ણનને વધારે તાદૃશ્ય બનાવવા મેં તેને માટે હવે એકવચન વાપરવું શરૂ કર્યું) થોડા દિવસ પહેલાં એક છોકરો બિચારો સહેજ મોડો આવ્યો તેને આખો દિવસ અંગુઠા પકડાવી ઊભો રાખ્યો. એક વખત એક છોકરાથી ભૂલથી સીસોટી વગડી ગએલી. તેને ત્રણ કલાક બાંકડા ઉપર ઊભો રાખ્યો. અને વળી સોટી ને કાન આમળવાનું તો વધારામાં. (હું જોતો હતો કે બાપાજી ઉપર આની અસર થતી હતી.) એક દિવસ એક છોકરો તેના બાપાની ચિઠ્ઠી લઇને મોડો આવ્યો તોપણ તેને નેતરની સોટીથી એવો માર્યો, એવો માર્યો, કે હાથમાંથી લોહી નીકળવા માંડ્યું....'

'અને છતાં હેડમાસ્તર તેને કાંઇ કહેતા નથી!'

'કહે છે કે હેડમાસ્તર પણ તેનાથી બીએ છે.'

મેં મારી શક્તિ પ્રમાણે શંભુશંકરનો જેટલો બરાબ



મેં એકને બદલે બે હાથ ધરી દીધા

માં બરાબ ચીતરાય તેટલો ચીતર્યો. આટલું બધું કહ્યા પછી મને આશા હતી કે બાપા હવે આટલા મોડા નિશાળે નહિ જવાનું કહે. પરંતુ તેમના ગુસ્સાએ તો ન ધારેલું એવું જુદું જ સ્વરૂપ પકડ્યું

'એ . . . મ? અમારા છોકરાઓને મારવામાં એ લોકો એમના મનમાં શું સમજે છે? એવાઓને તો નિશાળમાંથી કાઢી મૂકવા જોઈએ.' એમ ત્રાડુકતા બાપાજીએ, મોડો તો મોડો પણ એક 'ચૅલેંજ' તરીકે મને નિશાળે મોકલવાનો નિશ્ચય કર્યો. બાપાજીના ગુસ્સા આગળ મારી કોઈ બીજી દલીલ હવે ચાલે એમ હતું નહિ એટલે મારે છેવટે તૈયાર થવાનું જ રહ્યું. હું કપડાં પહેરી તૈયાર થયો, એટલા વખતમાં એમણે એક લાંબો કાગળ લખી રાખ્યો હતો. એ બીડી તેમણે મને અમારા હેડમાસ્તરને દેવા આપ્યો.

'એમાં શું લખ્યું છે?' મેં બીતાંબીતાં પૂછ્યું.

'તું જોજે ને? આવતી કાલે શંભુશંકર તમારા કલાસમાં નહિ હોય.'

હું ગભરાયો. મેં શંભુશંકરનો આખો અહેવાલ કેટલું યે મીઠુંમરચું ભભરાવીને આપ્યો હતો, અને મારે આજે નિશાળે નહોતું જવું એટલા જ ખાતર મેં ફાવે તેમ તેને વિષે ભારડ્યું હતું. પણ હવે બીજો રસ્તો ન હતો. એટલે, શંભુશંકર મને આજે કેમ વધારે મારે તેનો ઘાટ ઘડતો હું નિશાળે જવા ઊપડ્યો.

આજે મારામાં અસાધારણ હિંમત આવી ગઈ હતી. આજે મને સામે જઈ સોટી ખાવાની હોંશ થઈ હતી. આજે હું હમેશની જેમ બીતો ન હતો. એ પીળા ભવ્ય મકાનનાં પગથિયાં હું રૉફમાં ચડી ગયો. મારામાં આજે ગુમાન હતું. મારા ખિસ્સામાં વિદ્યાર્થીઓના એક દુશ્મનનું જીવન હતું. હું ધારું તો એ જીવન રોળી શકું. હું ધારું તો એ જીવન છોકરાંઓને વધારે સોટી ખવડાવવા ટકાવી શકું.

પણ—હેડમાસ્તર સાહેબના ઓરડાની બહાર જ હું અટકી ગયો. 'શું હું શંભુશંકરને અન્યાય નથી કરતો? મેં તેને જેટલો ચીતર્યો તેટલો બધો તે ખરેખર ક્રૂર છે? હું અકળાયો. ખૂબ મૂંઝાયો. શંભુશંકરે કરેલી શિક્ષાઓનો આખા વર્ષનો ઇતિહાસ હું જોઈ ગયો. પણ બે ત્રણ સિવાય વધારે ગંભીર દાખલા મને

ન મળ્યા. છતાં એ વાત તો ચોક્કસ હતી કે મારે આજે કાગળ તો હેડમાસ્તરને આપવો જ જોઈએ.

છેવટે એક ઉપાય જડી ગયો. શાળાના બધા સમય દરમ્યાન કાગળ મારી પાસે જ રાખવાનો મેં નિર્ણય કર્યો. એટલા સમયમાં શંભુશંકર કાંઈક એવું કરે કે તરત હું આ કાગળ હેડમાસ્તરને આપી આવું એમ વિચારી કાગળ ખિસામાં હડસેલી, 'ઑફિસ'ના દરવાજા આગળથી પાછો ફરી હું વર્ગ તરફ ગયો.

'રેસીટેશન'નો 'પીરિયડ' ચાલતો હતો. માસ્તર છોકરાઓ પાસેથી મોઢે કવિતા લેતા હતા. એક છોકરો મોટેથી બરાડતો હતો: 'Ring out the Old, ring in the New.' મેં પણ મનમાં કહ્યું. 'Ring out the Old, ring in the New.'

હું અમારા વર્ગના બારણામાં આવી ઊભો અને અંદર જવાની રજા માગી. બારણાની સામે જ અમારા માસ્તરનું ટેબલ હતું. પડખે, અમારા માસ્તર સાથે નોકરીનાં વર્ષોમાં હરીફાઈ કરતી, નીચેથી અર્ધગોળાકાર થઈ ગયેલા નેતરવાળી ખુરશી પડી હતી. તેની ઉપર જ્યારે અમારા માસ્તરનું કોળા જેવું શરીર બે પગ ટેબલ ઉપર નાખી બેસતું ત્યારે ખુરશીનો હર્ષ અતિશય ઉભરાઈ જતો અને તે ધીમા અવાજથી કે અંગમરોડથી એ જાહેર કરતી.

અત્યારે તેમના એક હાથમાં સોટી હતી અને બીજા હાથમાં વળી ગયેલા ખૂણાવાળી ચોપડી હતી. જાડી, કાળી 'ફ્રેમ'વાળાં ચશ્મા ચોપડી વાંચવા ભમર ઉપર ચડાવ્યાં હતાં જ્યારે કોઈ વિદ્યાર્થી પ્રશ્ન પૂછતો ત્યારે તેને જોવા તેમને ખૂબ મુશ્કેલી પડતી. આખી ડોક—જોકે ચહેરાના વર્તુળાકારને લીધે સામાન્ય રીતે ડોક ભાગ્યે જ દેખાતી—દાઢી તરફ આગળ નમાવી, ડોળા ઊંચા ચડાવી, ચશ્માંના અર્ધા કાચમાંથી તે છોકરા સામું જોવા મથતા ઘણું સામ્ય દેખાતું, પણ જ્યારે દાઢી છાતી સાથે ભીંસાતી અને નમવાની ના પાડતી ત્યારે ન છૂટકે નાક ઊંચું ચડાવી, આખા ચહેરાને સંકોચી વિકૃત બનાવી, હાથનો જરા પણ ઉપયોગ કર્યા સિવાય ચશ્માને તેની મૂળ જગ્યા—નાક ઉપર લાવી દેતા. આ વખતે ચહેરા ઉપરની કરચલીઓ, કરચલીને લીધે વાંકાચૂંકા થઈ જતા કપાળમાંના તિલકના ત્રણ લીટા, અને દસ દિવસના ધોયા વગરના ધોતીઆની કરચલીઓ એક સંવાદી આકૃતિ ઊભી કરતી.

મેં અંદર જવાની રજા માગી. ઝીણી નજરે ઘડીભર તે મારી સામે તાકી રહ્યા અને પછી થોડો વખત ગળામાં ઘૂંટી ઘોઘરો સાદ કાઢ્યો, 'કેમ મોડો આવ્યો?'

'સાહેબ, મોડું થઈ ગયું' મેં આડો જવાબ આપ્યો.

'પણ કેમ મોડું થઈ ગયું એ તો કહે!' આજે અવાજમાં હમેશ કરતાં કાંઈક નરમાશ હતી.

'એ જોવા કે તું શું કરે છે.' હું મનમાં બોલ્યો, પણ બહાર તો આટલું જ બોલી શક્યો: 'સાહેબ, માથું દુખતું હતું.'

મેં ધાર્યું કે હવે મારી ઉપર ઝડી વરસશે પણ સામેથી અણધાર્યો જવાબ આવ્યો. 'તો નિશાળે આવ્યો જ શું કામ? ઘેર સૂઈ રહેવું હતું ને?'

હવે શો જવાબ આપવો તેના વિચારમાં હું પડ્યો. ત્યાં માસ્તરે કહ્યું, 'ઠીક લે ચાલ. તારી જગ્યાએ બેસી જા.' મારો પહેલો પ્રયત્ન નિષ્ફળ ગયો. હું સહેજ નિરાશ થયો. પણ ત્યાં તેણે પૂછ્યું. 'કવિતા મોઢે કરી લાવ્યો છે?'

આ મારા માટે સરસ તક હતી. મેં જરા પણ ગભરાયા વગર જવાબ આપ્યો! 'ના'

'એ–મ! એક તો મોડું આવવું અને વળી આપેલું લેસન કરી ન લાવવું!' મને થયું કે હવે એક પડશે, પણ ત્યાં તો 'પીરિયડ' પૂરો થવાનો ઘંટ વાગ્યો.

હું હતાશ થઈ ગયો. મને ખૂબ જ નવાઈ લાગી કે દરરોજ સહેજ વાતમાં તપી જનાર આજે આટલો બધો ઠંડો કેમ છે? મારે માટે તો હવે એનો છેલ્લો એક જ ઇતિહાસનો પીરિયડ હતો. મેં કોઈ પણ હિસાબે હવે તેને ચીડવવાનો નિર્ણય કર્યો.

ત્રીજો પીરિયડ પૂરો થતાં છેલ્લો ચોથો પીરિયડ લેવા શંભુશંકરનું હાથી ચાલે ચાલતું શરીર વર્ગમાં દાખલ થયું. આજે મને તેની ઉપર તિરસ્કાર નહોતો આવતો, પણ દયા ઉપજતી હતી.

સાધારણ રીતે કેટલાક માસ્તરોને હોય છે એવી એક ખરાબ ટેવ શંભુશંકરને હતી. તે એક વિષયમાં ઘેર લખવા આપેલું લેસન બીજા વિષયના 'પીરિયડ'-માં લેવાની. એ મુજબ તેમણે આવતાં વેંત ગઈકાલે ગણિતમાં આપેલા ત્રણ દાખલાની ઉઘરાણી કરી. લેસન

તપાસાતી વખતે વર્ગમાં હિંસાનું વાતાવરણ વર્તી રહેતું. ખોટા દાખલાવાળા કોઇ કમનસીબની નોટો ફેંકી દેવામાં આવતી. કોઇની પેન્સિલના ટુકડા થતા તો કોઇને પેન્સિલ માથામાં પડતી. કોઇ છોકરા ઉપર બહુ ચીડાઇ જતાં અમારા માસ્તર તેના કપાળમાં ચાકની એવા જોરથી ઘસીને ચોકડી કરતા કે ઘણા વખત સુધી ઘસ્યા છતાં એ નિશાન કાયમનું રહી જતું. થઇ ગયું હતું કે મારી યોજના આમ ધૂળ મળતી હતી. મેં મનમાં પ્રાર્થના શરૂ કરી દીધી, 'હે ખોડિયાર માતા! જો આજે તે મને મારે તેવું કરે તો બાને સમજાવી જેશીંગભાઇના દીકરાની બાધાની લાપસી કરાવવા આવીશ.' આ રીતે હનુમાનને પણ તેલ ચડાવવાની બાધા મનમાં ને મનમાં લીધી. મેં મનમાં 'રામ રામ'ની માળા જપવા માંડી. અરધો પીરિયડ વીતી

થોડાં જીવનસ્મરણો

(સંમિશ્ર)

[ઉપજાતિ, વસંત, શાલિની, મંદા, સ્રગ્ધરા]

મયૂરનૂં નર્તન અંગમાં ભરી,
નિનાદ લૈ કોકિલનો સગર્વ,
વજ્રતણી દુર્ધર શક્તિ ધારી
હું નીકળ્યો જગતમાં પુરુષાર્થ માટે.
મારે હૈયે રોજ જાગે ઉષા શું
ઉત્પ્રેક્ષાઓ: રોજ સંધ્યા વિતે ને
ઢાંકે એને રાત્રિની હિમશાન્તિ
જેવું કોઇ હિમ-પ્રલયમાં બાલપંખી ઠરાતું.
આંબો મોર્યે પાંગરે આશ સૌની,
મારે આંબે મોર આવે, ન આવે
આવે તો યે જેમ વીતી વસંતે
દાઝી તાપે એ ખરે, તેમ મારે.
મેં જોયો છે કેસુડાને ઉમંગે
રાચ્યો જોઇ ફૂટતાં પાંદડીઓ,
ડાળે ફૂલો આવતાં એ કસુંબી
મ્હારી શોભે નવલ કલગી યૌવનોલ્લાસ રંગે.
જોઉં મારા બાળને પ્રેમથી જે
ગૅલ્મોરને મેં દીઠો હેતથી એ;
એના પીળાં ફૂલ વૈશાખ માંહે
ખાલે, વેરે, ને વધાવે જનોને;
રાચે, નાચે કવિ ઉર લઇ અંજલિ એની ભાવે.



વર્ષોથી મેં વીચિમાલા નિહાળી
આવી હેલે ભીંજવે છે કિનારો,
વેળૂ કોરી નીર જાતાં રહે છે.
આવી હૈકે ઊર્મિ હૈયાકિનારે
તો યે રેતી સમું એ કદિય નહિ થયું આર્દ્ર એ નીર ઝીલી.
આજે મારાં અશ્રુની દોર ગૂંથી
લેવો મારે તાગ ઊંડી ગુહાનો
વર્ષો કેરી, એથી યે કે યુગોનાં
સ્મરણો કેરો—
ને તુટે દોર મારી.

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

પણ આજે એવું કાંઇ ન હતું. આજે શંભુશંકર ખૂબ જ શાન્ત લાગતા હતા. ખોટા દાખલાવાળાની નોટો ધીરેથી ધક્કો મારી તે ખસેડી નાખતા.

હું અકળાયો. આજે શંભુશંકરને કોણ જાણે શું જવા આવ્યો હતો ને મારી ધીરજ ખૂટતી જતી હતી.

'મનુ, દાખલા ગણી લાવ્યો છે કે?' જાણે આકાશવાણી થઇ!

આ તકને કોઇ પણ હિસાબે ન જવા દેવાનો

નિર્ધાર કરી, મેં બને તેટલા જોરથી બૂમ પાડી, 'ના, એક પણ નહિ!'

'અલ્યા, બૂમ કેમ બહુ પાડે છે? હું બહેરો નથી, સમજ્યો?' સામેથી ધીમો અવાજ આવ્યો.

'સાહેબ, આ તો મારો હમેશનો અવાજ છે' મેં વધારે જોરથી બૂમ પાડી.

'એ...મ? ઠીક. દાખલા કેમ ન ગણી લાવ્યો? માથું દુખતું હતું એટલે?'

'હા.'

'ઠીક બેસી જા.'

થઇ રહ્યું! મને બરાબર ન આવડ્યું. મારું મગજ જોસથી કામ કરવા લાગ્યું. માસ્તરે ઇતિહાસ શરૂ કરી દીધો હતો. સાધારણ રીતે ઇતિહાસના પીરિયડમાં હું રીંગણાં તોળતો, અથવા તો માસ્તરે આજે કોટનાં કેટલાં બટન બીડ્યાં છે અને તે ક્યાં ક્યાં તેનું બારીક નિરીક્ષણ કરતો, અથવા તો લડતાંલડતાં કોટની બહાર નીકળી ગએલી એમની રુદ્રાક્ષની માળા અને જનોઇના દ્રઢમાંથી માળાના મણકા ગણવાનો પ્રયત્ન કરતો. પણ આજે તો તે જે જે શબ્દ બોલતો તેની ઉપર મેં ધ્યાન આપવા માંડ્યું. વાસ્કો ડ ગામા હિંદુસ્તાન કેવી રીતે આવ્યો તે માસ્તર કહેતા હતા. એકાએક મેં ખળભળાટ મચાવી મૂકતી બૂમ પાડી: 'તો સાહેબ! કોલંબસ હિંદુસ્તાન કેમ ન આવ્યો?'

'તે ભૂલો પડી ગએલો.' માસ્તરે સીધો જવાબ દીધો.

'હું નથી માની શકતો' મેં મોટા માણસ જેમ કહ્યું, 'એવો મોટો માણસ કદી ભૂલો ન પડે.'

'ગધેડા, તારા માથાના દુખાવાએ આજે તારું માથું ફેરવી નાખ્યું લાગે છે. મૂંગો મર.'

'ના સાહેબ, માથું તો ઊતરી ગયું. પણ અમારે પૂછવું નહિ?'

'બેસ છાનોમાનો. હવેથી જો વચમાં બોલ્યો છે તો સોટી જોઇ છે?' મને સફળતા મળતી જતી હતી. હું મનમાં હરખાતો હતો.

હવે માસ્તરે વાંચવું બંધ કરી પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. 'ધનુ, વાસ્કો ડ ગામા કઇ સાલમાં હિંદ આવ્યો?'

ધનુને વિચાર કરતો રાખી મેં વચમાં ધડાકો કર્યો: '૨૦મી ડીસેમ્બર સોળસો અડતાલીસ.'

'મનુ! મેં તને શું કહ્યું હતું?' શંભુશંકર તેના ખરા સ્વરૂપમાં આવતા જતા હતા. આંખનો ખૂણો લાલ થયો, ઢીલા પડી ગએલા ચહેરા ઉપર નસો ચડી આવી. મને બાજી સવળી પડતી લાગી.

'તમે મને આજે એમ કહ્યું હતું કે હવેથી જો વચમાં બોલ્યો તો આ સોટી જોઇ છે?' મેં ઠંડે કલેજે ગંભીર મુદ્રાએ જવાબ આપ્યો.

'એ....મ? ઠીક ત્યારે, અહીં આવ. આજે તારે સ્વાદ ચાખવો લાગે છે.' તેમણે ખુરશી ઉપરથી ઊભા થઇ નેતરની સોટી લીધી.

હું હિંમતથી મારી જગ્યાએથી કૂદ્યો. બીજા છોકરાઓ પણ મારા વર્તનથી ડઘાઇ ગયા. ઊંચે મસ્તકે હું એક કૂદકે માસ્તરના ટેબલ આગળ પહોંચી ગયો.

'ચાલ,હાથ લાંબો કર.' માસ્તર ક્રોધથી ધ્રુજતા હતા.

મેં એકને બદલે બંને હાથ ધરી દીધા. 'સટાક' 'સટાક' નેતરની ઝડીઓ તે પર વરસી રહી. હું ડગ્યા વગર ઊભો રહ્યો.

શંભુશંકરનો મિજાજ હવે કાબૂ બહાર ગયો હતો. છોકરાઓ તદ્દન દબાઇ ગયા. આખા વર્ગમાં શાન્ત સનસનાટી ફરી વળી. દરેકની છાતી ધબકવા લાગી.

તેણે પાઘડી એક કોર મૂકી મને વધારે મારવાનું શરૂ કર્યું. પણ એટલામાં જ મારા કમનસીબે છુટ્ટીનો ઘંટ વાગ્યો અને ધૂંધવાતા ધૂંધવાતા તે જેમતેમ પાઘડી માથે મૂકી ચાલ્યા ગયા.

હું દફતર બગલમાં મારી તરત હેડમાસ્તરની ઑફિસ તરફ દોડી ગયો. મારી પાસે શંભુશંકરને બરતરફ કરાવવાનું 'વૉરન્ટ' હતું. ખીસામાં રહેલા એ કાગળ ઉપર હાથ દાબતો હું હેડમાસ્તરની ઑફિસ પાસે પહોંચ્યો. મારેથી થોડે દૂર છોકરાઓનું ટોળું ઊભું હતું. ઑફિસ બહાર એક પટાવાળો બેઠો હતો તેને મેં પૂછ્યું, 'મોટા સાહેબ અંદર છે?'

'મોટા સાહેબ તો બહારગામ ગયા છે. આઠ દિવસ પછી આવશે. કાંઇ કામ હોય તો આસિસ્ટન્ટ સાહેબને પૂછો.' જવાબ મળ્યો.

'આસિસ્ટન્ટ સાહેબ કોણ છે?' મેં પૂછ્યું.

'તમારા માસ્તર શંભુશંકર!'

કાગળને જોરથી ખીસામાં દાબી, મૂઠીઓ વાળી મેં ઘર તરફ દોટ મૂકી.

જનાર્દન રાવળ

(સાપ્તાહિક 'હિંદુ'માંની આર. કે. નારાયણની વાર્તા પરથી)

સઢનો સંદેશો



[કરાડી-મટવાડના કોળી વિદ્યાર્થીઓના સંમેલન વખતે પ્રમુખ તરીકે આપેલા ભાષણમાંથી]

કુદરતે બનાવેલા આપણા લોકોના ત્રણ વર્ણ વિષે બાર વરસ પહેલાં મેં લખ્યું હતું. એ ત્રણ વર્ણ તે રાનીપરજ, ખેતીપરજ અને દરિયાપરજ.

રાનીપરજ મુખ્યતઃ શિકાર ઉપર નભે છે. હાથમાં તીરકામઠું લઈ રાનીપરજનો માણસ પોતાના વફાદાર સાથી કુતરાને સિસકારતો સિસકારતો શિકાર પાછળ દોડતો જાય છે. એક જ સ્થાને રહી જવું એને પોષાય નહિ. એ બહાદુર, સ્વાતંત્ર્યપ્રેમી અને સ્વાવલંબી હોય છે. અજાણ્યા માણસ ઉપર એ સહેજ વિશ્વાસ ન રાખે; પણ જ્યાં વિશ્વાસ બેઠો ત્યાં ખોળામાં માથું મૂકતાં પણ એને સંકોચ નહિ. કુદરત સાથે લડીલડીને માંડ આજીવિકા મેળવવી પડતી હોવાથી સંસ્કૃતિના નાજુક અંશો ખીલવવાનો સમય એને મળતો નથી. અખંડ દોડધામ કરતાં છતાં, પોતાનું જંગલ છોડી બીજા જંગલમાં જવાની હિંમત એ ભાગ્યે જ કરે છે. કુદરતનો, વન્ય પશુઓનો અને બીજા વનવાસીઓનો હમેશાં વિરોધ જ કરવાનો કે ખમવાનો હોવાથી એનામાં અવિશ્વાસ અને સાવચેતપણું બંને અસાધારણ રીતે વધે છે.

કુદરતે ગોઠવેલો બીજો વર્ણ તે ખેતીપરજ. માણસે ગાયબળદને પાળીને સૌમ્ય બનાવ્યા અને એમની મદદ લઈને જમીન ખેડવાનું શરૂ કર્યું. ગાયનું દૂધ અને બળદની મજૂરી મળતાં હોવાથી ખેતીપરજ વર્ણના લોકોને ખોરાકમાં અહિંસા પાળવી શક્ય થઈ. માણસે ગાય-બળદને પાળ્યાં અને ગાય-બળદે માણસને સંસ્કારી બનાવ્યા. સંસ્કૃતિના આ જબરદસ્ત સહચારીઓએ જે જીવનવિકાસ સાધ્યો તેને જ આપણે આર્યસંસ્કૃતિ કહીએ છીએ. અર્ એટલે ખેડવું: એ ખેડાણમાં જે કુશળ હોય તે જ આર્ય એનું જીવન સ્થિર થવાથી એ જીવનના અનેક અંગો ખિલવી શક્યો. જમીનનો પ્રેમ એ એનું મુખ્ય લક્ષણ છે. જે જમીન ખેડે તે ક્ષેત્રીય, એનું રક્ષણ કરે તે ક્ષત્રીય. બંને એક જ હતા. ખેતીપરજના લોકો ખેતી ખેડે, બગીચાઓ ઉછેરે, માટી કેળવીને વાસણો તૈયાર કરે, લાકડાં વેરીને મકાનો બનાવે, જાતજાતનાં ઓજારો અને રાચરચીલાં વસાવે, અને મોટાં મોટાં શહેરો સ્થાપે. વ્યવસ્થાશક્તિ અને રાજ્ય કરવાની શક્તિ એ આ પરજનાં વિશેષ ગુણ ગણાય.

ત્રીજી પરજ તે દરિયાપરજ. સમુદ્રકિનારે રહી એ દરિયો ખેડે. વહાણવટું કરે અને મોજાંઓ સાથે મોજ કરે. મોજાઓ જ્યાં બોલાવે ત્યાં નિર્ભય થઈને જાય.

સામાન્ય માણસ પાણીથી ડરે. મોજાંઓના ઘુઘવાટથી એના હૈયામાં ધ્રાસકો જ પડે. સમુદ્ર કાંઠે ઊગતી મજાદ વેલ જ્યાં જોઈ ત્યાં પોતાના પ્રવાસની મર્યાદા આવી ગઈ એમ સમજીને ચાલે. પણ તમે લોકો એ જ દરિયા સાથે દોસ્તી બાંધી છે. ખેતીપરજના લોકો ઘોડા પર સવાર થતાં જે અભિમાન અને આત્મવિશ્વાસ અનુભવે છે તે જ વિજય અને સ્ફૂર્તિ તમને મોજાંઓના માથા ઉપર સવાર થતાં પડે છે.

ગઈ કાલે આ તમારા મંડપમાં જ્યારે મેં પ્રવેશ કર્યો અને મંડપ ઉપર પાથરેલા આ ત્રિકોણી સઢો જોયા ત્યારે મારા મનમાં કંઈ ને કંઈ થઈ આવ્યું. હૈયું પોતાને જ સમજાવવા લાગ્યું કે શું બેઠો રહે છે? આ સઢનો ફફડાટ નથી સાંભળતો? એના પેટમાં જ્યારે પવન ભરાય છે ત્યારે શું દેશદેશાંતરની સફર કરવાની તમન્ના મનમાં નથી જાગતી?

નાનપણમાં વહાણમાં બેસીને મેં જે મુસાફરીઓ કરી હતી તે બધી યાદ આવી. ત્રિકોણી સઢ જોયો અને મારો રખડવાનો આનંદ ઉછળ્યો. ચાલો આપણે દૂરદૂરના દેશ જોઈ આવીએ. નવાનવા અનુભવો મેળવીએ, ચિત્રવિચિત્ર લોકોસાથે દોસ્તી બાંધીએ, અહીંનો માલ ત્યાં પહોંચાડીએ અને ત્યાંનો માલ લઈ આવીએ, કારીગરીનો માલ પણ લઈ આવીએ અને



કલ્પનાએ ઘડેલો માલ પણ લઈ આવીએ. દરિયો માણસ જાતનો પરમ મિત્ર છે. જે ડરે છે તેને માટે તો એ એની ઘોર છે. પણ નીડર છે તેનો એ દોસ્તદાર છે. જ્યાં જવાનું મન થાય ત્યાં એ તમને લઈ જાય છે. મોજાંઓ તમને જોઈને હસે છે. બાંય ફેલાવીને તમને આવવાનું આમંત્રણ આપે છે. દિવસ અને રાત્રે કશો ભેદ રાખ્યા વગર ચાલવા જ માંડો. જમીનનો મુસાફર રાત પડ્યે થોભી જાય છે, પડાવ નાખીને સૂઈ જાય છે પણ સમુદ્રમાં એવું થોભવાપણું નથી. ગમે ત્યારે સૂઈ જાઓ, ગમે ત્યારે જાગો, પવનને બોલાવવો હોય ત્યારે સિસોટી વગાડો પણ તમારું જહાજ તો ડોલતું ને કૂદતું-ચાલતું જ રહે છે.

સઢ એ કેટલી અદ્‌ભુત શક્તિ છે? પવનને બાથમાં લઈને એની સાથે એ ગેલ કરે છે એટલું જ નહિ પણ ચંચળમાં ચંચળ એ પ્રાણી પાસેથી ધાર્યું કામ કઢાવે છે. જ્યાં સુધી પવન સાવ સામો જ નથી વાતો ત્યાં સુધી એની પાસેથી ઓછુંવત્તું ધાર્યું કામ કઢાવવા માટે સઢ કરતાં વધારે ઉપયોગી સાધન કયું હોઈ શકે?

જે માણસ વહાણ ખેડે છે એ આગળ ને આગળ ધપવાનો જ. એને કોઈ કાળે આપણે પશ્ચાત ન ગણીએ. માણસ એક ઠેકાણે હાર્યો અને બીજે જો જઈ ન શકે તો એનો આત્મા હણાય છે. જે લડી શકે છે અને જે ભાગી શકે છે તે બન્નેને માટે આશાનાં કિરણો કોઈ કાળે આથમતાં નથી.

રાનીપરજ માણસ વનવાસી હોય છે. ખેતીપરજ માણસ કાં તો ગામડાંઓ હોય અથવા શહેરી હોય; પણ દરિયાપરજ માણસ તો આ આખા વિશ્વનો રહીશ ગણાય. નીચે પાણી અને ઉપર આકાશનો ચંદરવો એ જ જેની સાહેબી છે તેને કોઈ પણ પ્રદેશ પરાયો મુલક નથી હોતો. તારાઓ એને સ્થળ અને કાળ બન્નેનું ભાન કરાવવા સમર્થ હોય છે અને મોજાંઓ એને મોજમાં આવે ત્યાં પહોંચાડી દે છે. આવો એ દુનિયાનો બાદશાહ છે.

તમે દરિયા ખેડનાર સિંદબાદની વાર્તા સાંભળી હશે. એની પાસે અઢળક ધન હતું, વહાલ કરનાર ઇષ્ટમિત્રો અને બાલબચ્ચાં હતાં, સમાજમાં, ભારે પ્રતિષ્ઠા હતી, પણ એ ઘેર રહી શકતો ન હતો. દરિયાનો ઘૂઘવાટ એના કાનમાં પડે એટલે એનું હૈયું થનગનાટ કરવા માંડે. જમીન એને માટે પરદેશ જેવી હતી; દરિયો એનું ઘર હતું. ભારેમાં ભારે સંકટમાં સપડાઈને જ્યારે એ નાસીપાસ થતો ત્યારે એ સોગન ખાતો કે આ વખતે જો બચી ગયો તો ફરી દરિયો ખેડવાનું નામ નહિ લઉં. પણ એમ કંઈ માણસ સ્વધર્મને ટાળી શકે? થોડાક આરામ લેતો કે એને ઘરની પથારી કાંટા જેવી લાગવા માંડતી. ગએલો દિવસ એને વેરી સમાન જણાતો. જેટલા દિવસ જમીન પર ગાળતો તેટલા ઘડપણને નોતરનાર જેવા એને લાગતા. એ પોતાનું મન વાળતો, વાસનાને મારતો, ઘેર રહેવાથી મળતાં જાતજાતનાં સુખોને સ્મરતો, પણ એમાંનું કશું એને રોકી શકતાં નહિ. એ બધાની દલીલો અને એમનાં વિધવિધ આકર્ષણ એને માટે મોજાંનાં ઘૂઘવાટ સામે ડૂલ હતાં. એ નવા વહાણો તૈયાર કરતો. કિંમતી માલથી એમને લાદી દેતો અને દરિયા-પીરનું સ્મરણ કરી દરિયાના પ્રવાહમાં પોતાનો જીવનપ્રવાહ મેળવી દેતો.

જોખમ ખેડવું એ જ જીવનની સૌથી સરસ લહેજત છે. સલામતી એ જીવનનો કાટ છે. જમીન પરની કોરી હવામાં એ વધે છે. એને દૂર કરવા માટે ખારી ભેજવાળી હવા જ કામની છે! કેટલી વિચિત્રતા!

તમે દરિયાપરજના કોળી લોકો ધારો તો દેશનું મુખ ઉજ્જવલ કરી શકો. દેશની આગેવાની પોતાના હાથમાં લેવાનાં સ્વપ્નો તમારે સેવવાં જોઈએ. આપણે પશ્ચાત છીએ એવો પામર ખ્યાલ તમારા મનને અડવા દેતા નહિ. દરિયાને રત્નાકર કહે છે. એ જ જેની મિરાસ છે, એ જ જેનો વારસો છે તેના ભાગ્યને મર્યાદા શી? મોત સાથે જે રમી શકે છે તેના ભાગ્યને કશી જ મર્યાદા હોતી નથી. તમો ધારો એટલી વાર તમે તમારો અને તમારા દેશનો ઉદ્ધાર કરવાની શક્તિ જરૂર કેળવી શકો.

દરિયાનું આમંત્રણ મેં અનુભવ્યું છે, સઢનું કાવ્ય મેં સાંભળ્યું છે, વહાણના ડોલન સાથે મારું હૈયું ડોલ્યું છે. સઢ, વહાણ અને મોજાંઓ મારે મન કેફી પદાર્થ છે. એનો નશો અનેરો હોય છે. એ નશાનો જેઓ અનુભવ કરી શકે છે તેઓ ભાઈ ભાઈ બને છે. મારા હૈયાના ખળભળાટ અને ઘૂઘવાટનો પડઘો તમારાં હૈયામાં પણ જરૂર પડવાનો એ વિશ્વાસે જ હું તમને સિફારશ કરું છું કે તમારો સ્વધર્મ ઓળખો અને એની મારફતે વિપુલ પરાક્રમ કરી કૃતાર્થ થાઓ.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

નવી જુવાની

એમની લાંબીચોડી ઓળખાણ આપવા બેસાય એમ નથી. સદા અરધી મિચાએલી રહેતી એમની આંખો, કોટ, પાટલુન ને ઉપર પાઘડી તથા કપાળે તાણેલું ટીલું એમના વર્ગમાંથી એમનું સ્પષ્ટ જુદાપણું બતાવી આપતું. ટાલવાળું માથું સાધારણ રીતે નસીબદારની નિશાની ગણાય છે, પણ પ્રોફેસરે હજુ સુધી પોતાની નસીબદારી કબૂલ રાખી ન હતી. એ ટાલિયા માથામાં રહેતા ભેજા સંબંધે કશી શંકાને અવકાશ ન હોઇ શકે, પણ લોકો ને વિદ્યાર્થીઓ પણ કોણ જાણે કેમ ભર્તૃહરિના નીતિશતકની અવગણના કરીને યે તેમના ઉપસી આવેલા પેટ પરથી જ તેમની લાયકાતગણના કરતા. ઘણી વાર રસ્તામાં જતાં યે તેમને કડવાં વિશેષણોના ઘૂંટડા ગળી જવા પડતા.

આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદને સાદ્યંત સમજનારાઓમાંના પોતાને એક મનાવતા પ્રો. શાસ્ત્રીને આથી જગત બેકદર લાગે તેમાં નવાઇ ન હતી. છતાં એ બેકદર જગત વચ્ચે તેઓ ધીરજપૂર્વક જીવ્યે જતા.

આજે એ પોતાની વરસગાંઠ ઊજવવાના હતા. એમના એક મિત્રના ગઇ કાલે આવેલા કાગળથી જ એ વાત તેમને યાદ આવી હતી. કૉલેજના બધા પ્રોફેસરોને તેમણે એ સપરમે દિવસે આમંત્ર્યા હતા ને અત્યારે એ બધા એમની આરામખુરસીની આસપાસ જ ગોઠવાયા હતા.

'મિ. શાસ્ત્રી, તમે થોડો શારીરિક શ્રમ પણ કરતા હો તો?' હેલિયમની શોધથી માંડી ભાગવતના રચનાકાળ સુધી થએલી ચર્ચાઓને અંતે થોડી વાર મૌન પ્રસરતાં એક પ્રોફેસરે સવાલ કર્યો.

'શ્રમ? શું કહો છો!' ઓસરતે જુસ્સે શાસ્ત્રી બોલ્યા. 'શ્રમ તો હું તમારાથી યે વિશેષ કરૂં છું, ઘણી વખત તો ઉપવાસ પણ ખેંચી કાઢું છું. પરંતુ કાયામાં લેણાદેવી ન મળે ત્યાં . . .'

'ગભરાઓ નહિ શાસતરીજી!' કોઇ પયગામ દેવા ઊતર્યા હોય એમ એક અંગ્રેજી ફરફરિયું ખોલતા પ્રોફેસર સંજાણા વચ્ચે કૂદી પડ્યા. 'આ એ નુસખો આજે જ મારા વાંચવામાં આવ્યો. મકુંજે અજમાવવા જેવો જનાઓછ.'

કોઇ શિકારીના પંજામાંથી શિકાર છોડાવતા હોય એવી અદાથી પ્રો. શાસ્ત્રીએ સંજાણાના હાથમાંથી એ ઍંગ્લો–ઇંડિયન પત્રનું ફરફરિયું છીનવી લીધું ને તેમણે નિર્દેશેલી જાહેર ખબર વાંચવા લાગ્યા:

જુવાનીનું અમૃત

જર્મન પ્રોફેસર બ્લૂમેન ફ્રાંકની અજબ શોધ

ફક્ત એક જ અઠવાડિયા માટે તેઓ હિંદની મુલાકાતે આવ્યા છે. એક જ ઇંજેકશન લઇ, જુવાનીનું જોમ પાછું મેળવો. તમારા શરીરની બધી ફરિયાદો દૂર થશે.

'સાચ્ચું?!' ફરફરિયાસામે તાકતા જ રહી શાસ્ત્રીએ બધાને એકસામટો સવાલ કર્યો.

'આવા પત્રમાં આવેલી જાહેર ખબર ખોટી તો ન જ મનાય.' પ્રોફેસર સરૈયાએ અભિપ્રાય આપ્યો.

લંચ લીધા બાદ બધા વિખેરાયા ત્યારે પ્રોફેસર શાસ્ત્રીના હાથમાં હજુ પેલું ફરફરિયું રમી રહ્યું હતું. અત્યારે એ પોતાના કમભાગી શરીરના વિચારોમાં પરોવાઇ ગયા હતા. પોતાની પ્રતિભાને એ કેટલું આડું આવતું? ઉતાવળે ચાલવું તો વર્ષોથી એ ભૂલી ગયા હતા. 'વૈદ્યકલ્પતરૂ'થી માંડી 'ફિઝિકલ કલ્ચર' સુધીનાં બધાં માસિકો તેઓએ વર્ષો સુધી વાંચેલાં ને અખતરા યે કરેલા. થોડુંક થયાં જ એ બધાં પડતાં મૂકેલાં, કારણ તેમને પોતાની શરીરની ફરિયાદ દૂર થવી અશક્ય લાગી હતી. પણ આજે વાંચેલી આ જાહેર ખબરે ફરી તેમનામાં નવી આશા જન્માવી હતી.

વિચારોમાં વધુ વખત ગુમાવવો એમને ગેરવાજબી લાગ્યું ને સીધા એ પ્રોફેસર બ્લૂમેન ફ્રાન્કની ઑફિસે પહોંચ્યા. બાજ જેવી તેજીલી ઊંડી આંખોવાળા પ્રોફેસરે તેમનું યોગ્ય સ્વાગત કર્યું ને ધીમે સાદે પોતાની બધી ચિકિત્સાપદ્ધતિ તેમને સમજાવી દીધી.

'એમાં ગભરાવા જેવું મુદ્દલ નથી' એ આખરી શબ્દો પૂરા કરતા બ્લૂમેન ફ્રાન્ક ઊઠ્યા. કબાટ ખોલ્યું ને ઇંજેકશનની પીચકારી તૈયાર કરી. 'હં, હવે તમારો હાથ ખુલ્લો કરો.'

ધ્રૂજતે હાથે પ્રોફેસર શાસ્ત્રીએ પોતાની જમણી બાંય ઉપર ચડાવી. 'ઇજા તો નહિ થાય ને?' તેમણે સવાલ કર્યો.

'ફ્રાન્ક? શું બોલ્યા સાહેબ! મારી ચિકિત્સાનો આજ સુધી હજારો લાભ લઈ ચૂક્યા છે. અરે, મારા પોતા પર જ અજમાવી ચૂક્યો છું ને? માનો છો, મને ગયા માસે જ સિત્તેર પૂરાં થયાં. તમે એ કળી શકો છો મારા ચહેરા પરથી?'

પ્રોફેસર શાસ્ત્રીએ સંતોષનો એક દમ ખેંચ્યો. બ્લુમેન ફ્રાંકની વિશાળ આંખો વધુ વિશાળ બની. ને થોડી જ ક્ષણોમાં તેમણે પોતાનું કામ પતાવી દીધું.

'આપની ફી . . .'

'આ તો સાહેબ, હું મારી ખાતર કરતો જ નથી. નહિતર તો જેટલી ફી લેવાય તેટલી ઓછી છે.'

શાસ્ત્રીએ ખીસામાંથી પાકીટ કાઢ્યું. હાથમાં જે આવ્યું તે બ્લુમેન ફ્રાન્કના હાથમાં મૂકી દીધું ને તેને પણ એથી સંતોષ થયો. મીઠી વિદાય લઈ શાસ્ત્રીજી બહાર નીકળ્યા.

થોડી વાર પહેલાંના ને હમણાંના પ્રોફેસર શાસ્ત્રી વચ્ચે જાણે આસમાન જમીનનો તફાવત પડી ગયો હતો. કોઈ રંગી જુવાનીઆને પણ અદેખાઈ ઊપજે તેમ સોટી વગાડતા તેઓ ચાલતા હતા. પોલીસ પણ ઘણી વખત તેમને જોઈ રહેતી.

ત્યાં સામેના રસ્તા પર તે દિવસના છાપાના ખાસ વધારાની બૂમો પાડતો ફેરિયો દોડતો દેખાયો. છાપું ખરીદવા પ્રોફેસર શાસ્ત્રીએ પણ દોટ મૂકી.

બીજે દિવસે પ્રોફેસર શાસ્ત્રી કૉલેજમાં ગયા પ્રોફેસરોનું ગ્રુપ કંપાઉન્ડમાં જ એકઠું મળેલું. શાસ્ત્રી ત્યાં પહોંચ્યા ને જતાં વેંત પ્રોફેસર સંજાણાને ધારી ધારી નજરાવવા લાગ્યા. 'મિ સંજાણા, તમારૂં પોપટ જેવું આ નાક મને મુદ્દલ નથી ગમતું.' તેમણે ધડાકો કર્યો ને બધા પ્રોફેસરો સજડ થઈ ગયા.

'મિસ્તર શાસતરી, આય ડૂટ . .'. ' પૂરા શબ્દો પણ પ્રો. સંજાણાના મોંમાંથી ન નીકળ્યા ત્યાં તો દીપડા જેમ વચ્ચેનું અંતર બે પગલે કાપી નાખી લંબાવેલા હાથની આંગળી ને અંગુઠા વચ્ચે તેમણે સીધું સંજાણાનું નાક દાબી દીધું. થોડી વાર આમતેમ હચમચાવ્યું ને પછી જોરથી મૂકી દીધું. 'ના, બિલકુલ નાલાયક છે.' તેઓ બોલ્યા.

એમની આ ક્રિયા દરમિયાન પ્રો. સંજાણાના 'ઓહ, ઓહ'ના અવાજે બીજા પ્રોફેસરોમાં પણ સહાનુભૂતિ જગાવી હતી. બધા તીરછી નજરે એમની સામે નાખી રહ્યા હતા, પણ તેઓ તો હજુ યે સંજાણાના લાલ ચણોઠી જેવા બની ગએલા નાકના ટેરવાને કુતૂહલપૂર્વક નજરાવી રહ્યા હતા.

પ્રોફેસર સંજાણાની ત્યાં વધુ રોકાવાની હિંમત ન ચાલી. 'સિલી ગોટ' કહેતા એ ત્યાંથી ચાલી નીકળ્યા.

'વેલ, વેલ, વેલ, એ મહાશય ગયા?' પોતાની તંદ્રામાંથી જાગ્રત થતાં શાસ્ત્રી બોલ્યા.

'અરે, અરે, મિ. શાસ્ત્રી! આજ તમને થયું છે શું?' પ્રો. સરૈયાએ પૂછ્યું.

'ઢીંચ્યું હોસે' પ્રો. વાડીઆએ ખુલાસો કર્યો.

'ઓહ, મને નવી જુવાની આવે છે.' પ્રો. શાસ્ત્રીએ સાચો સ્ફોટ કર્યો.

'સાચ્ચે? પેલો નુસખો અજમાવ્યો?' કુતૂહલની નજરે એમની સામે જોતાં પ્રો. સરૈયાએ પૂછ્યું.

'એ હું તમને કહેવા નથી માગતો. ચાલો સાહેબજી' કહેતા પ્રોફેસર શાસ્ત્રીએ તો કૉલેજમાં પેસા પહેલાં જ રજા લઈ લીધી.

રસ્તે ચાલતાં એમને આજનો દિવસ અનેરો જ ઊગ્યો હોય એમ જણાયું. એમના હૃદયના ધબકારા અનેકગણા વધી ગયા હતા. જુવાનીના જોશથી જાણે એમનો સ્નાયુએ સ્નાયુ ખેંચાતો હતો.

ત્યાં તો એમની નજરે રસ્તાના એ વળાંક પર કંઈ અવનવું જ ભાળ્યું.

એ હતો તો મ્યુનિસિપાલિટીનો સાધારણ થાંભલો, પણ પ્રો. શાસ્ત્રીને આજે તેમાં કંઈ અનેરી વિશેષતા જણાઈ. બસ, એ થાંભલાથી જ એમણે ત્રાટક સાધ્યું. આસપાસની દૂકાનો, રાહદારીઓ, ટ્રાફિક બધું તેમની નજર બહાર ચાલ્યું ગયું.

એ થાંભલો જ, બીજું કંઈ નહિ! કોટ ને પાઘડી એમણે રસ્તા વચ્ચે જ ફેંકી દીધાં ને થાંભલા પાસે દોડી ગયા. બે હાથે એને મજબૂત પકડી ખૂબ જોરથી હલાવવાનો પ્રયાસ કર્યો, પણ થાંભલાને બદલે પોતે હાલી ઊઠ્યા.

કોઈ સભ્ય માણસે આજ સુધી આવું પરાક્રમ બતાવવાની જાહેર હિંમત નહોતી કરી. લોકોને આકસ્માત કરતાં પણ એ દશ્ય વધુ આકર્ષક લાગ્યું ને

ટોળું જમા થવા લાગ્યું. બીજી થોડીક મિનિટોમાં તો એ સેંકડોની સંખ્યાએ પહોંચ્યું. બધી આંખો આજ સુધી ઉપેક્ષિત રહેલા એ દીવાના થાંભલાને જ તાકવા માંડી હતી. વધુ ને વધુ જામ્યે જતી મેદનીથી હવે તો ટ્રાફિકને પણ હરકત આવવા માંડી.

'અકસ્માત થયો છે?' મેદનીને છેવાડેથી કોઈકે પૂછ્યું.

'ના, ટાલ્લો થયો છે.' આગળના ભાગમાંથી કોઈક બોલ્યું ને ત્યારે તો પ્રોફેસર શાસ્ત્રી અરધો થાંભલો ચડી ગયા હતા.

પણ એટલામાં ટ્રાફિક સાચવવા ઊભેલો પોલીસ ત્યાં આવી પહોંચ્યો. 'એઈ, મિસ્ટર, નીચે ઊતરો,' તેણે બૂમ મારી.

પ્રોફેસરને લાગ્યું કે કોઈ તેમને સંબોધી રહ્યું છે. તેમણે નીચે જોયું. પોલીસને તેમણે જોયો, પણ એક તિરસ્કારની નજર ફેંકી, પાછું થાંભલામાં ધ્યાન પરોવી દીધું.

પોલીસ એમની એ નજર સાંખવા મુદ્દલ તૈયાર ન હતો. 'નીચે ઊતર, હું કહું છું' તે ધુંવાપુંવા થતો બોલ્યો.

'હવે સાંભળ્યું!' કહેતા, કશી દાદ આપ્યા સિવાય પ્રોફેસર તો વળી એક ફૂટ જેટલું ચડી ગયા.

લોકોનો હોકારો વધ્યો. પોલીસને પોતાની જાતનું એમાં અપમાન દેખાયું ને પ્રોફેસરની ગત કરવા એણે પણ થાંભલા પર ચડવા માંડ્યું!

પ્રોફેસરે એ જોયું કે નહિ તે તો કોણ જાણે, પણ એમને એકાએક થઈ આવ્યું કે હવે નીચે ઊતરવું જોઈએ. ને ચડ્યા એવી તકલિફ લઈ નીચે ઊતરવાનું યોગ્ય ન લાગતાં તેઓ નીચે સરી પડ્યા.

પણ પોલીસ એમના અરધા અંતરે પહોંચી ગયો હતો. એ હતો તો બરાબર જેવો ધીંગો, પણ પ્રોફેસર શાસ્ત્રીનું વજન સહન કરવા જેટલી તાકાત તેનામાં ન હતી; એટલે પ્રોફેસર શાસ્ત્રી જેવા એના માથા પર જઈ પછડાયા તેવા જ બંને સાથે જમીન પર આવી પટકાયા.

પ્રોફેસરની પાઘડી છૂટી જતાં પોલીસનો ચહેરો એમાં ઢંકાઈ ગયો ને એ તકનો લાભ લઈ, પોલીસના ઊઠવા પહેલાં જ એમણે તો સીધી ચાલતી પકડી. સારે નસીબે લોકોએ પણ તરત તેમને માર્ગ કરી આપ્યો.

પણ ટોળા બહાર નીકળતાં જ પોલીસની સીટીનો અવાજ એમને કાને અથડાયો. બીજી પળે તો પોલીસ એમની સન્મુખ હાજર થઈ ગયો.

કોણ જાણે પ્રોફેસરને આજે શું થયું હતું, તે પોલીસ સામે આવતાં જ તેમણે નીચા નમી તેના પગ પકડી લીધા ને બીજી પળે એને ઉલાળી મૂક્યો. પીઠ પર થોડા દંડા તો એમને વાગ્યા, પણ એની ઉપેક્ષા કરી એમણે પાછી ત્યાંથી ચાલતી પકડી.

થોડે જ દૂર ગયા હશે ત્યાં એક કરતાં વધુ સીટીઓનો અવાજ એમને કાને પડ્યો. થોડી વારે તો ત્રણ ચાર પોલીસો તેમને ઘેરી ઊભા રહ્યા.

પ્રોફેસર આમ પણ કોઈને ઘટી દે તેવા ન હતા, તેમાં આજે તો નવી જુવાની મેળવી હતી એટલે 'બધાયે આવી જાઓ' કહેતાં તેમણે બાંયો ઊંચી ચડાવી. પરંતુ તેમને વીરત્વ દાખવવાનો અવસર મળે તે પહેલાં તો તેમના માથામાં કંઈક અફળાયું ને કોઈ મહા-સમરમાં પડતા સૈનિક જેવી વીરત્વભરી એક ચીસ સાથે તેઓ જમીન પર ઢળી પડ્યા.

'ઓહ, ઓહ' પ્રોફેસરે બેત્રણ વાર ચિત્કાર કર્યો. પણ આ શું? કોઈક લાગણીભર્યો હાથ એમનું માથું પસવારી રહ્યો હતો. 'હં, હવે ભાનમાં આવતા લાગે છે.' અસ્ફુટ અવાજ પણ એમને સંભળાયો.

હવે એમણે આંખો ખોલી નાખી ને એ સાથે પોતાની સ્થિતિ જોતાં જ હેબતાઈ ગયા. 'હું ક્યાં છું? આ બધું શું છે?' આંખો ચોળતાં એમણે પૂછ્યું. હજુ એમના મગજમાં ધમધમાટ ચાલુ હતો.

'બાપુજી!' એક દર્દભર્યો અવાજ સંભળાયો ને એમણે ઊંચું જોયું. એ એમનો પુત્ર વિનાયક હતો. 'બાપુજી! તમે ઝાઝું બોલો નહિ. તમારા માથામાં ટૅક્સીનો આઘાત લાગ્યો છે.'

હવે બધી વાત પ્રોફેસર શાસ્ત્રીના મગજમાં તાજી થઈ ગઈ. પોતે બ્લૂમેન ફ્રાન્કની ઑફિસેથી નીકળી છાપું ખરીદવા દોડેલા ત્યારે જ કશું પોતાની સાથે અફળાયું હોવાનું તેમને યાદ આવ્યું. પ્રોફેસર સંજાણા ને દીવાનો થાંભલો એ બધા તો સુષુપ્ત માનસના ચમત્કાર જ હતા. પણ એ પર વધુ વિચારવા જતાં માથામાં પાછું દર્દ થતું લાગ્યું એટલે પ્રોફેસર શાસ્ત્રીએ આંખો પાછી મીંચી દીધી.

અશોક હર્ષ



देवोनुं काव्य

આજ નામની તારાદર્શન ઉપરની કાકાસાહેબની એક લેખમાળા 'કુમાર'ના ૯૭ થી ૧૦૨ અંકોમાં અગાઉ આવી ગઇ છે, અને તે પછી તે એમના 'જીવનનો આનંદ' નામના લેખસંગ્રહમાં પ્રકટ પણ થઈ ગઇ છે; એટલે હિંદી માસિક 'સર્વોદય'માં આ લેખમાળા શરૂ થએલી જોઇને પણા ગુજરાતી વાચકોએ તેને એ ગુજરાતી લેખોનો અનુવાદ જ માની લીધેલો. પણ વસ્તુત: આ તદ્દન જુદી જ લેખમાળા એમણે 'સર્વોદય'માં શરૂ કરી છે. એ વાંચીને કેટલાક ગુજરાતી મિત્રોએ ફરિયાદ કરી કે એમાં અગાઉના ગુજરાતી લેખો જેવું કાવ્ય નથી; કોઇએ કહ્યું કે એથી પૂરો અર્થબોધ થતો નથી; કોઈ વળી લખે છે કે એ સૌ તારાઓને ઓળખવાની રીત જ્યાં સુધી ન બતાવો ત્યાં સુધી કેવળ આ લેખમાળા વાંચ્યે શું વળે ? એ સૌને ઉત્તર આપતાં કાકાસાહેબે ખુલાસો કર્યો છે કે 'ગુજરાતીમાં મેં જે લખેલું તે, રાત્રિની સમૃદ્ધિ જોઇને મને થએલો આનંદ મારી 'વાસરી' (ડાયરી) માટે શબ્દબદ્ધ કરતો હતો તે હતું. એ પ્રવૃત્તિ મારા નિજાનંદની, આત્મનેપદી અને 'સ્વાન્ત સુખાય' હતી; જ્યારે આ લેખમાળા એ પરસ્મૈપદી લખાણ છે. મને થયુ કે આ વખતે અધ્યાપન શક્તિનો જરા ઉપયોગ કરૂં અને માત્ર સૂચનાઓ જ આપીને અટકું. પણ મારે કમનસીબે વાચકો પુસ્તકી આંખે જ બધું જોવા લાગ્યા'.

કેટલા યે લોકો પૂછે છે: 'આ તારાઓ જોવાથી લાભ શો થાય છે?'

'સંગીત સાંભળવાથી અને કવિતા વાંચવાથી આપણને શું મળે છે?' આવો પ્રશ્ન જો કોઈ કરે તો તેને શો જવાબ આપવો! લોકો આ પહેલવાળા અને રંગીન પત્થરો આટલી મારે કીમત આપી શા માટે ખરીદે છે? અને તેમને જોઈ શા માટે આટલા ખુશ થાય છે? જો આવું કોઈ પૂછે તો આપણે તેને શો જવાબ આપીએ? ખરેખર, દર સાંજે નવીનવી રીતે દર્શન આપતા આ તારાઓ અને ગ્રહો દેવોનું એક અપ્રતિમ અને ચિરન્તન કાવ્ય જ છે. એમને જોવાથી આપણને સાત્વિક આનંદ પ્રાપ્ત થાય છે, અપાર શાંતિ મળે છે અને જેમનામાં યોગ્યતા છે તેમને આમાંથી અદ્દભુત પ્રેરણા પણ મળે છે. તેમનું અધ્યયન કરવાથી જીવનના આનંદની સાથે જીવનની એક ફિલસૂફી પણ પ્રાપ્ત થાય છે. છ તાત્વિક દર્શનોમાં તારકાદર્શનને ઉમેરી આપણે સાત દર્શનો ગણાવીએ.

તારકાદર્શન અને તેમના અધ્યયનથી વ્યાવહારિક લાભ પણ કંઈ ઓછા નથી. રાત્રે આપણે જલ અથવા સ્થલ ઉપર ગમે ત્યાં હોઈએ, આપણે ક્યાં છીએ, કઈ દિશામાં આપણે જવું છે અને રાતના કેટલા વાગ્યા છે એ બતાવનાર આ એક ઘડીઆળ છે. ફર્ક એટલો જ કે સાધારણ ઘડીઆળોને આપણા ખિસ્સામાં રાખવાં પડે છે ત્યારે આ સનાતન ઘડીઆળના ખિસ્સામાં આપણે બધાને રહેવું પડે છે! સ્થલ કાળ-સૂચક આ અજબ ઘડીઆળ આપણા અસંખ્ય વડવાઓને પોતાના ખિસ્સામાં રાખતી આવી છે. અને આપણા અનંત વંશજોને પોતાના ખિસ્સામાં એટલી જ સહેલાઈથી રાખશે. કંઈ ખબર નથી કે આ વિરાટ ઘડીઆળને કોણે ચાલૂ કરી અને ક્યારે એને ચવી આપવામાં આવી. લાખો કરોડો અને અબજો વર્ષોનો તો એની આગળ કંઈ હિસાબ જ નથી. લાખો કરોડો અને અબજો ગાઉઓનો હિસાબ તો એના પ્રાથમિક ગણિતમાં આવે છે. જ્યારે આપણા ગામના જ્યોતિષી આપણી જન્મપત્રી બનાવી આપે છે ત્યારે તેઓ આ વિરાટ ઘડીઆળના અનંત કાળમાં આપણો જન્મ ક્યારે થયો તેની ક્ષણ ટાંકી આપે છે. આપણે આપણા કાળનો આરંભ વિક્રમ, શાલિવાહન, ક્રાઈસ્ટ અથવા યુધિષ્ઠિરથી ગણીએ છીએ. પણ એ જ શક-કર્તાઓનો જન્મકાળ આપણે ક્યા કાળારંભથી ગણીશું? અનંત કાળમાં કોઈ વિશિષ્ટ ક્ષણલવને આપણે કઈ રીતે ઓળખીએ? તે માટે તો આપણે આકાશના ગ્રહ નક્ષત્રોની સ્થિતિનો જ સહારો લેવો પડશે.

રાતના અમુક વખતે કેટલા વાગ્યા છે એ જોવાની અને સમજવાની જરૂર પાંચ પ્રકારનાં માણસોને રહે જ છે. જ્યારે ઘડીઆળો ન હતી અને અંતરી

ઘંટા વગાડતો ન હતો ત્યારે લોકો આકાશ તરફ જોઈને જ સમયનો નિશ્ચય કરતા હતા. શાકુંતલમાં કણ્વ ઋષિનો શિષ્ય રાતના કેટલા વાગ્યા છે તે જાણવા આકાશની આ ઘડીઆળને જ પૂછે છે.

મોડી રાત સુધી વાંચનાર અને સવારે બ્રાહ્મ મુહૂર્તે વહેલા ઊઠનાર વિદ્યાર્થી તારાઓ પરથી વખત ઓળખવાની જરૂર સમજે છે. સવારે ઊઠી પોતાને ખેતરે જનાર ખેડુત તારાઓને જ સમય પૂછે છે. ભરતી–ઓટ જોઈ દરિયામાં વહાણ લઈ જનાર ખલાસીને તો નક્ષત્રવિદ્યા વિના એક પળ પણ ચાલી શકે નહિ. ગરમ દેશોમાં અથવા ઉનાળામાં રાતની ઠંડકમાં પ્રવાસ કરનાર મુસાફરોને તારાઓ વડે જ દિશાદર્શન અને કાળજ્ઞાન થાય છે. રાતના પોતાના લશ્કરને કૂચ કરાવનાર સેનાપતિ માટે તો આ તારાઓ જ ભોમીઆનું કામ કરે છે. આપણી બધી ધાર્મિક ક્રિયાઓ સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્ર તારાઓના હિસાબે જ કરવામાં આવે છે. જ્યારે સૂર્ય ગ્રહણ થાય છે અથવા આકાશમાં ક્યાંથી ધૂમકેતુ દેખાય છે ત્યારે તેટલા સમય માટે બધા લોકો નક્ષત્ર વિદ્યાના રસિયા અથવા અભ્યાસી બની જાય છે.

આ વિદ્યાના અનંત લાભો છે અને આ છેલ્લાં સો વર્ષમાં તો આ વિદ્યાનો એટલો બધો વિકાસ થયો છે કે બધી વાતોનો વિચાર કર્યા પછી મોંમાંથી ઉદ્ગાર નીકળે છે કે આજ સુધી અનંતતા એ આપણા માટે માત્ર શબ્દ જ હતો, આપણને તેનો વાસ્તવિક ખ્યાલ જ ન હતો: હવે આપણે સમજ્યા છીએ કે અનંતતાનો ખ્યાલ કરવો એ કેટલું કઠણ છે.

સામાન્ય માણસે સૌથી પહેલાં પૃથ્વીની ગતિ, દિવસ રાત્રીનું સ્વરૂપ અને અક્ષાંશ રેખાંશ વગેરે પ્રાથમિક બાબતો વિષે જાણવું જોઈએ અને ત્યાર પછી જ્યોતિષનો કોઈ પણ ગ્રન્થ વાંચતાં પહેલાં અથવા કોઈની મદદ લેતાં પહેલાં પોતાની કુદરતી જિજ્ઞાસાને આધારે સવાર સાંજ આકાશ તરફ જોતા રહેવું જોઈએ. જોતાં જોતાં સૌથી પહેલા તારાઓના ઉદય અને અસ્ત તરફ ધ્યાન જશે. સાથે એ વાત પણ સમજાશે કે કેટલાક તારા બહુ મોટા હોય છે. જો શુક્લ પક્ષની પૂર્વ રાત્રી હશે અથવા કૃષ્ણ પક્ષની પાછલી રાત હશે તો જણાશે કે ચંદ્ર દરરોજ પોતાનું સ્થાન આ તારાઓની વચ્ચે બદલતો રહે છે. એ મામો સાહેબ દરરોજ અડતાળીસ મિનીટ મોડા ઊગે છે, અને કૃષ્ણ પક્ષ હોય તો દરરોજ ક્ષીણ થતા જાય છે અને એ જ ચંદ્ર શુક્લ પક્ષ બેસતાં જાડા થતા જાય છે. પણ તારાઓમાં જોતાંયે દરરોજ એક નક્ષત્ર આગળ જ દોડે છે. કારણ કે નક્ષત્રોનો ક્રમ પશ્ચિમથી પૂર્વ તરફ ગણાય છે.

આકાશદર્શનનો મહિમા



બાળકોને અને મોટાંને નાટકો અને તેમાં થતાં દૃશ્યો બહુ ગમે છે; પણ જે નાટક કુદરતે આપણે સારૂ આકાશમાં ગોઠવ્યું છે તેને એકે મનુષ્યકૃત નાટક પહોંચે તેમ નથી.

એમાં તો શંકા જ નથી કે આકાશ અને આપણી વચ્ચે જેટલો અંતરાય આપણે મૂકીએ છીએ તેટલે અંશે આપણે શરીરને, મનને અને આત્માને હાનિ પહોંચાડીએ છીએ.

વળી, આકાશ નિહાળતાં આંખને શાંતિ થાય છે. આકાશ નિહાળવા માટે બહાર રહેવાથી શુદ્ધ હવા ફેફસાંને મળે છે; અને જેમજેમ આ ઈશ્વરી ચમત્કારનું ધ્યાન ધરીએ છીએ તેમતેમ આત્માનો વિકાસ જ થાય છે.

અભણમાં અભણને સારૂ પણ આ તારાગણ મિત્રની ગરજ સારે છે. ક્ષણભર પણ તે તરફ દૃષ્ટિ નાખે કે તુરત તે ધારે તો પોતાનાં બધાં દુઃખ વિસારી મૂકે ને ઇશ્વરનો મહિમા ગાતો થઇ જાય.

જેને રોજ રાત્રિના મેલા વિચારો, સ્વપ્નાં આવતાં હોય તે બહાર સૂઇ આકાશદર્શનમાં લીન થવાનો પ્રયત્ન કરી જુએ. તેને તુરત નિર્દોષ નિદ્રાનો અનુભવ થશે. આકાશમાં રહેલા ગણો કેમ જાણે ઈશ્વરનું મૂક સ્તવન કરતા ન હોય એમ આપણે જ્યારે એ મહાદર્શનમાં ઓતપ્રોત થઇએ ત્યારે આપણે સાંભળતા જણાઇએ છીએ. જેને આંખ હોય તે આ નિત્ય નવો નાચ જુએ. જેને કાન છે તે આ અસંખ્ય ગંધર્વોનું મૂક ગાન સાંભળે.

મારે સારૂ તો આ નક્ષત્રો ઈશ્વરની સાથે અનુસંધાન કરવાનું એક સાધન થઇ પડયું છે. —ગાંધીજી

કેટલાક દિવસો સુધી દરરોજ જોવાથી આપણને સમજાશે કે આજે ઊગનાર તારો કાલે તે જ જગ્યાએ લગભગ ચાર મિનિટ વહેલો ઊગે છે અને દરરોજની પોતાની ગણત્રી પ્રમાણે પૂર્વથી પશ્ચિમ સુધીનો પોતાનો માર્ગ વટાવતો જાય છે.

નવા શીખનાર માટે દક્ષિણ બાજુએથી જોવાની શરૂઆત કરવી સારી નથી. તેમણે શરૂઆતમાં પશ્ચિમ બાજુએ જોવું જોઈએ, કારણ કે ત્યાંના તારા જલ્દી આથમી જાય છે. પશ્ચિમને પોતાની કરી લીધા પછી પોતાની દૃષ્ટિ પૂર્વ બાજુએ લઈ જવી જોઈએ અને ત્યાં મરજી પ્રમાણે તારાઓનો ઉદય નિહાળવો જોઈએ.

જો ઉત્તર દિશા બરાબર હાથ આવી જાય તો ત્યાં પોતાનું સ્થાન કદી યે ન છોડનાર સુનીતિકુમાર ધ્રુવ દેખાશે અને તેની ચારે બાજુએ ભ્રમણ કરનાર કેટલાક તારાઓના સમૂહ દેખાશે. અંગ્રેજી એમ Mના જેવો પણ બાંકુ જ વાંકો એક તારાસમૂહ પણ દેખાશે. અને જો સવારે ચાર પાંચ વાગ્યે ઊઠી જોવામાં આવે તો તે Mની પાછળ પાછળ આવનાર સાત તારાઓ એક પતંગ અને તેની પૂંછડી જેવા જમણી બાજુએથી ઊંચે આવેલા દેખાશે.

દક્ષિણ બાજુએ ઉપર જોવાથી તો અનેક કોહેનૂરોની ગોવલકોંડાની ખાણ જણાશે. આપણી કલ્પના અહીં પણ અનેક આકૃતિઓ રચી શકે છે. કોઈને પૂછ્યા વિના આપણી કલ્પનાને દોડવા દેવી જોઈએ. વેદકાળના ઋષિઓ, ઈજિપ્ત અને ઍબિસોનિયાના હબશીઓ, ખાલ્ડિયાના જ્યોતિષીઓ અને ચીનના ભંડારિનો જ્યારે આકાશ તરફ જોતા હતા ત્યારે તેમને શીખવનાર કોણ હતું? આશ્ચર્ય પામી તેમણે જોયું, જોઈને કલ્પના દોડાવી અને ધીરેધીરે નક્ષત્રવિદ્યા વિકાસ પામી. આપણે પણ તે જ ઋષિઓનું અને અરબ મુસાફરોનું અનુકરણ કરવું જોઈએ. પોતાની નિજી નક્ષત્રવિદ્યાનો ઠીક ઠીક પ્રારંભ થયા પછી બીજાઓની મદદ લેવી જોઈએ. વાચકો પોતાની જિજ્ઞાસાવૃત્તિને જાગ્રત કરી સવારસાંજ–રાતના આઠ વાગ્યે તથા મળસ્કે પાંચ વાગ્યે–કેવળ દસ દસ મિનીટ આપશે તો તેમને અમૂલ્ય રત્નલાભ થશે. થોડોક સમય અને થોડુંક ધ્યાન અપાય તો પછી કંઈ વિશેષ આપવું પડશે નહિ. બાકીનું બધું મફત જ મળશે.

दत्तात्रेय बा. कालेलकर

ફોટોગ્રાફી

શરૂઆત કરનારાઓ!
આટલું તો કરજો જ

(૧) એક્સ્પોઝર કર્યા બાદ તરત જ ફિલ્મને લપેટી બીજો નંબર તૈયાર કરવાનું વિસરતા નહિ.

(૨) પૂરી કરેલી ફિલ્મનું રોલ તડકામાં ઊભા રહીને કૅમેરામાંથી બહાર ન કાઢતા. તેમ જ નવું રોલ પણ કૅમેરામાં તડકામાં રહીને ચડાવતા નહિ. નજદીકમાં મકાન ન હોય અને રોલને ખુલ્લામાં જ ભરવાની ફરજ પડે તો સૂર્ય તરફ તમારી પીઠ ફેરવી, તમારા પોતાના જ પડછાયામાં રોલ ચડાવવાની ટેવ પાડો, નહિતો રોલની ધારમાંથી પ્રકાશ દાખલ થતાં, ફિલ્મની બે બાજુએ કાળા પટ્ટા નેગેટિવમાં આવશે અને એમ તમારી નેગેટિવ બગડશે.

(૩) કૅમેરા હાથમાં રાખીને ૧/૨૫ શટર સ્પીડ કરતાં ધીમી ગતિથી કદી એક્સ્પોઝર ન કરતા. બહુ જ થોડા માણસો વગર હાલ્યે કે ધ્રુજારે ૧/૧૦ અથવા તેથી ય ધીમી ગતિના એક્સ્પોઝરો હાથમાં (નાનો કૅમેરા રાખીને) આપી શકે છે.

(૪) એક્સ્પોઝર કરતી વેળા કૅમેરાના લેન્સની આડે તમારાં આંગળાં આવવા દેશો નહિ. અજાણતાં આડે આવતાં આંગળાં ઘણીવાર દૃશ્યનું એક્સ્પોઝર થવા દેતાં નથી અને તે નંગર ખાલી આવે છે.


(૫) લેન્સને કદી તમારાં ચીકણાં આંગળાં અડકાડતા નહિ. આંગળાંના ડાઘ લેન્સ ઉપર પડતાં પરિણામ આઉટ ઑફ ફોકસ અને બ્લર્ડ (blurred) આવે છે. લેન્સને સાફ કરવો હોય તો મોંનો ધીમો શ્વાસ આપી તેની ભીનાશથી ઝીણા મલમલ કે રેશમના સુંવાળા કપડા કે રૂમાલ વડે કાચને સ્વચ્છ કરવો. શામ્વા લેધર (શેમૉય ચામડું) કે પાતળી મખમલનો ચશ્માં સાફ કરવાનો કકડો આવે છે તે વાપરવો પણ લાભદાયી છે.

(૬) ગમે તેને હાથ પડે તેવી જગ્યાએ અગર તડકામાં કે હવાની અસર થાય તેવા ખુલ્લામાં કૅમેરાને કદી રખડતો ન મૂકો. કૅમેરાનું કેસ ખરીદવું લાંબા ગાળે મોંઘું પડતું નથી.

(૭) નાનાં બાળકો કે પ્રાણીઓની છબી પાડતાં કૅમેરાને નીચો રાખવાનું ભૂલતા નહિ. કૅમેરાનું દૃષ્ટિબિન્દુ–'કૅમેરા વ્યુપૉઇન્ટ' નીચું રાખવાથી હમેશા સારું પરિણામ આવે છે. તેથી ચિત્રમાં ડિસ્ટૉર્શન (distortion) થતું નથી.

હરીફાઈના પરિણામ માટે જુઓ આ અંકનો મુખચિત્રની પાછળ.

બ્રિટન જાપાન અને આપણે



જર્મની, ઇટલી ને જાપાન—જગતની એ ત્રણ મહાન ફાશિસ્ટ સત્તાઓ આજે બ્રિટિશ સિંહનું પૂછડું આમળવા લાગી છે. એણે અને એના સાથીદાર રાષ્ટ્રોએ પ્રદેશોના પ્રદેશો ઓહિયાં કરી જમાવેલા વિપુલ સામ્રાજ્યની તેઓ સમવહેંચણી માગે છે. જર્મની અને ઇટલીએ મધ્ય યુરોપને ચગડોળે ચડાવ્યું છે ને સારા જગતનું ધ્યાન અત્યારે એ બાજુ દોરવાયું છે. પણ ત્રીજી ફાશિસ્ટ સત્તા જાપાનની પ્રશાંત (પૅસિફિક) મહાસાગરમાંની પેશકદમી પણ એથી ઉપેક્ષા કરવા જેવી જરા યે નથી.

પ્રશાંત મહાસાગરની મહારાણી બનવાનું જાપાનનું સ્વપ્ન જગતથી હવે આજે અછતું નથી રહ્યું. પહેલે પણ તે અછતું તો નહોતું જ. કારણ ઠેઠ ૧૮૯૮થી બ્રિટન, યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની, ફ્રાન્સ ને રશિયાએ એ સ્વપ્નને ફલિત થતું ખાળવા ચીનને કાંઠે કિલ્લેબંદીઓ ઊભી કરી રાખેલી. પણ મહાયુદ્ધે જગતના નકશાને નવો જ પલટો આપ્યો. એ પલટાએ જાપાનને વધુ બળવત્તર બનાવ્યું ને એ પામી જઈ, ઇ. ૧૯૩૬માં વૉશિંગ્ટનના કરારો ખલાસ થતાં જ બ્રિટને પૂર્વનો પોતાનો પ્રદેશ જાળવવા સિંગાપોર, પીનાંગ, હૉંગકૉંગ ખાતે જબરાં યુદ્ધમથકો ઊભાં કરી દીધાં.

જાપાનને હિંદ જીતવાની મહત્ત્વાકાંક્ષા હોય કે ન હોય, પણ હિંદ પર એનું આક્રમણ બિલકુલ સંભવિત છે. અને બ્રિટનને યે વધુમાં વધુ દરકાર હિંદ જાળવવાની જ છે. એટલે પૂર્વ તરફના એ આક્રમણને હડસેલવાની તડામાર તૈયારીઓમાં એ રોકાયું છે.

એ તૈયારીઓ કેવીક છે?

હિમાલયના તળને શિરોબિંદુ કલ્પો. એમાંથી એક બાજુ દક્ષિણ આફ્રિકા ને બીજી બાજુ પશ્ચિમ ઑસ્ટ્રેલિયા સુધી પહોંચતી બે રેખાઓ વડે જે કલ્પિત ત્રિકોણ બને, એ ત્રિકોણમાં ચાર નૌકાદળો, એટલાં જ હવાઇદળો ને ૧,૭૦,૦૦૦નું હિંદી તથા ૧ લાખનું બ્રિટિશ લશ્કર રહ્યું છે. બચાવની એ આખી યોજનાનું સ્વરૂપ એકાદ વિમાન જેવું છે. ઑસ્ટ્રેલિયન લશ્કર એનું શીર્ષ છે, સીંગાપોર એનું ધડ છે, હૉંગકૉંગ ને ડાર્વિન થાણાં એની બે પાંખોના બે છેડા છે ને શાહી હિંદી નૌકાદળ એની પાંખ છે.

પણ આટલેથી હિંદનો બચાવ થશે?

જાપાને જો ચીન જીત્યું તો એશિયાની એ પ્રમુખ ભૂમિસત્તા (Mainland power) બની જવાનું.

એમ થતાં સૌથી પહેલું કામ તો તિબેટથી મંચુકુઓ સુધી ચીન–જાપાનનાં સંયુક્ત દળો વડે રશિયાને રૂંધી રાખવાનું એ કરશે. અને બીજી બાજુ સગડોળે ચડેલી સિયામની ક્રાની સંયોગીભૂમિની નહેર ખોદવાનું આરંભશે. સિયામે બ્રિટન સાથેનો મૈત્રિભાવ તોડી નાખી જાપાન સાથે નવો સંબંધ બાંધ્યો છે એ તો જાણીતુ છે, અને ક્રાની નહેર જો ખોદાઈ, તો જાપાન સીંગાપોર ને ફિલિપ્પાઇન્સ બંનેની પછીતમાં આવી જઇ, બંને થાણાને નકામાં બનાવી દેશે.

હવે એથી આગળની સંભાવના વિચારીએ.

ક્રાની નહેર મારફત બંગાળના ઉપસાગરમાં આવી પહોંચતાં આખો કોરોમંડલ કિનારો તેની મુનસફી પર આવી પડવા જેટલી કલ્પનાની હિંમત આપણે ન બેડીએ તો યે સિયામને જમીન રસ્તે થઇને બંગાળ, બ્રહ્મદેશ ને આસામ સામે તો એનો બરાબર મોરચો ગોઠવાઇ જાય. આપણે વચ્ચે પર્વતોની આડ-ખીલી જણાવીએ. પણ આબીસીનિયાનો બચાવ એવા પર્વતોથી ન થયો તો હિંદનો ક્યાંથી થશે? અને વિમાનથી તો માઉન્ટ એવરેસ્ટ પણ અજેય નથી રહ્યો.

પોતાના હિંદી ચીન સંસ્થાનની સલામતી જાળવવા ક્રાની નહેર ખોદવાનો વિચાર તો ફ્રાન્સને યે આવેલો ને બ્રહ્મદેશનું વિકટોરિયા પૉઇંટ ત્યાં આવેલું હોઇ બ્રિટન અને તેનો સહકાર બંનેને વધુ સુરક્ષિતતા અપાવી શકે એમ હતું; પણ તેની યોજના કારગત બને તે પહેલાં તો જાપાને પોતાનો પાસો ફેંકી દીધો છે. બ્રિટને પીનાંગની નવી કિલ્લેબંદી કરવા માંડી છે તે યે સીંગાપોરની ૭૦૦ માઇલ ઉત્તરેથી ૫૫ માઈલના એ જળમાર્ગે દક્ષિણ ચીનાઈ સમુદ્રમાંથી સીધા હિંદી મહાસાગરમાં આવી પહોંચતાં જાપાનનો અવરોધ કરી શકે તેમ નથી.

આમ હિંદને રક્ષવા ઊભી થએલી પાસિફિકની સઘળી કિલ્લેબંદીઓ તો નિષ્ફળ નીવડે છે. છતાં હિંદને દિલાસો આપવામાં આવે છે કે જરૂર પડ્યે બ્રિટન તેને મદદ કરશે.

એ દિલાસામાં રહેલું વજૂદ હવે તપાસીએ.

બ્રિટન દિલાસો તો આપે છે, પણ એ આપતી વખતે જર્મની જાપાનને પડખે છે એ વસ્તુ તદ્દન વિસરી જાય છે. વળી તે એ વસ્તુ પણ વિસરી જાય છે કે ગયા આખા મહાયુદ્ધમાં ગ્રેટબ્રિટન પર ૭૪ ટન બૉંબ ફેંકનાર જર્મની આજે એથી દસગણા બૉંબ એક જ દિવસમાં વરસાવી શકે છે (કૅપ્ટન લિડેલ હાર્ટના કથન મુજબ).

કદાચ સવાલ થાય કે સામે બ્રિટનની તૈયારી પણ તેવી જ હશેને? તો તેના આંકડા પણ આ રહ્યા. ૭ વરસ પર નાઝીઓ જર્મનીમાં સત્તારૂઢ થયા ત્યારે શૂન્યથી આરંભ કરી ૧૯૩૬માં તો સમગ્ર યુદ્ધ સામગ્રીમાં તેઓ બ્રિટન ને ફ્રાન્સની હરોળમાં આવી ગયા હતા અને ગયા સપ્ટેંબરમાં સુડેટન પ્રદેશોને અંગે જ્યારે યુદ્ધની કટોકટી ઊભી થવા પામી ત્યારે બ્રિટને હત ગૌરવે અનુભવ્યું કે જર્મનીની શસ્ત્રસજ્જતા તેનાથી બમણી ઉપરાંત થઇ ચૂકી છે! ત્યારથી તે આજ સુધી જર્મનીનું યાંત્રિક ઉત્પાદન બ્રિટનથી બમણું જ રહેતું આવ્યું છે.

વળી જર્મનીએ તો જમીન પર હવાઈ યુદ્ધ વિરોધક મથકો (Territorial anti-aircraft divisions) એની શસ્ત્રસજ્જનાની સાથોસાથ જ બાંધવા શરૂ કરી દીધેલા ત્યારે બ્રિટને તો એ કાર્ય ઠેઠ ૧૯૩૫થી આરંભ્યું છે. ગયા સપ્ટેંબરની કટોકટી વખતે એણે પોતાની તોપોનો આંકડો તપાસી જોયો તો નવી જૂની બધી મળીને ગયા મહાયુદ્ધથી યે ઓછી સંખ્યા માલૂમ પડી હતી!

આવી ખુદ બ્રિટનની સ્થિતિ છે. અને આપણી?!

હમણાં જ કરો

ન્યુયૉર્કની એક મોટી પેઢીના માલિકે પોતાની પેઢીમાં કામ કરતા માણસો આળસ ન કરે એ હેતુથી દરેકની બેઠક નજીક Do it nowનું પાટિયું લગાડાવ્યું. ગણ્યા જ દિવસો બાદ પાટિયાની અસર થઇ છે કે નહિ તે તપાસવા તે પેઢી પર ગયો. તપાસતાં માલૂમ પડ્યું કે અસર થઈ હતી. એક નાના કારકુને પગાર વધારવા માગણી કરી હતી, એનો ગદ્દનીશ સ્ટેનોગ્રાફર લઇ ઊપડી ગયો હતો ને કૅશિયર પચાસ હજાર ડૉલર ગાંઠે બાંધી ગયો હતો.

આ પરિણામને પરિણામે એના પર પોતાના જ પાટિયાની અસર થએલી કે નહિ—પોલિસમાં તરત ખબર આપેલી કે નહિ—તે જાણવા મળ્યું નથી! અંબેલાલ નાયક

~

ઉદ્યમ ઉપર કલાકેક ચર્ચા ચલાવ્યા બાદ શિક્ષકે સવાલ કર્યો, 'અંતુ, મધમાખી આપણને શું શીખવે છે?'

'મધપૂડાથી દૂર રહેવાનું, સાહેબ.'

માનવગૌરવને મ્હાત કરવા મથેલા ખડકને શિરે ખૂંપેલો અનન્ય દીપસ્તંભ

એડીસ્ટન

ઇંગ્લિશ ખાડીમાં આવેલા એડીસ્ટનના ખડક પરની દીવાદાંડીનો રખવાળ વિલિયમ જૉર્ડન બીમાર પડતાં હમણાં જ તેને લંડન લઈ જવાનો હતો; પણ ત્યાંથી તેને ખસેડતાં ખસેડતાં જ આઠ દિવસ નીકળી ગયા! કારણ? કારણ કે એ ખડકની આસપાસનો દરિયો દુનિયાભરના કોઈ પણ સ્થાન કરતાં વધુ બેફામ રીતે વર્તે છે. એ ખડક સાથે જે કમભાગી ઇન્સાનનું ભાગ્ય જડાયું તેનો સંસ્કૃત દુનિયાનો સંબંધ છેદાઈ ગયો જ સમજવો. સહરા કે ઉત્તર ધ્રુવના અંતરાળથી યે એ ભયંકર એકાકી સ્થાન છે. એને લઈને જ હજારો માઈલ દૂર રહેલા ટિંબકટૂ કે સ્પિટ્ઝબર્ગેન પરનો માણસ પણ જે સહેલાઈથી દાક્તરી સારવાર મેળવી શકે એટલી સહેલાઈથી ઇંગ્લંડની ભાગોળમાં જ રહેલો જૉર્ડન ન મેળવી શકેલો!

પણ એડીસ્ટન એ માત્ર કારાગ્રહ જ નથી. ભયાવહ કબ્રસ્તાન પણ છે. એનાં ચરણો નજીક હજારો વહાણો ને એથી વધુ જિંદગીઓએ જળસમાધિ લીધી છે.


આ એનો ખોફ નિવારવા સત્તરમી સદીથી દયાવાળી માનુષોએ પદ્ધતિસર પ્રયાસો કર્યા—એ દુરાપ ખડક પર એક દીવાદાંડી ચણી વહાણોને એથી ચેતવવા માટે.

આ અર્થે પહેલો યત્ન આરંભનાર લંડનનો રેશમનો વેપારી હેન્રી વિન્સ્ટૅન્લી (એના વીરોચિત ચરિત્ર માટે જુઓ 'કુમાર' અંક ૧૩૪). ઇ. ૧૬૯૬માં એણે શરૂઆત કરી. એના સાહસથી યે દરિયો સવિશેષ ખુમારીભર્યો હતો. ને એને લઈને એડીસ્ટન પહોંચવા એને ઘણી વખત ચૌદ ચૌદ દિવસ સુધી રાહ જોવી પડતી. થોડા થોડા અંતરે મળીને બે વરસ કામ ચાલ્યું ત્યાં તો ભયંકર ઝંઝાવાત ઊઠ્યો. અગિયાર દિવસ સુધી તેના ફૂંફાડા ચાલુ રહ્યા. વિન્સ્ટૅન્લી ને તેના માણસો અગિયાર દિવસ સુધી લાચાર બની રહ્યા. મોજાંની ઝાપટોએ એમનાં કપડાં તરબોળ નીતરતાં હતાં. અને છેવટે એક હોડીમાં તેમને બચાવી લઈ જવામાં આવ્યા ત્યારે તો રોટીનો છેલ્લો ટુકડો યે ખૂટ્યો હતો.

દીવાદાંડી એમણે ઊભી કરી દીધી હતી. એવી, કે પહેલાં કદી નહોતી થઈ ને પછી યે કદી નથી થઈ. લાકડાથી બંધાએલી એ દીવાદાંડી, દીવાદાંડીને બદલે ચીનાઈ કે બ્રહ્મી પેગોડાને જ વધુ મળતી લાગે. એ કાષ્ઠમાળાની સહીસલામતી માટે ઘણાને શંકા ઊપજી. વિન્સ્ટૅન્લીએ જવાબ આપ્યો, 'હું ઇચ્છું છું કે દુનિયાએ આજ સુધી ન જોએલું હોય એવું તોફાન જાગે ને હું એ સમયે દીવાદાંડીમાં હોઉં.'

ને ખરેખર ઇતિહાસે ન જાણેલું એવું જબરૂં તોફાન આવ્યું અને વિન્સ્ટૅન્લી પણ એ વખતે દીવા-

[નીચે: એડીસ્ટનની દીવાદાંડીને વિન્સ્ટૅન્લીએ, રડયર્ડે, સ્મીટને અને ડગલાસે આપેલા ચાર અવતારો.]



દાંડીમાં હતો! ૧૭૦૩ના નવેમ્બરની એ ૨૬મી તારીખ હતી. કેટલીક મરામત માટે બીજા પાંચ માણસો સાથે તે આવી લાગ્યો હતો. પાછું વાળી જોયા વિના તોફાને તાંડવ આરંભ્યું.

એ શાંત પડ્યું એ સવારે ડેવન અને કૉર્નિશ કાંઠાના વતનીઓની ભયાકુળ આંખો એ ખડક સામે લંબાઈ—કશું જ નજરે ન પડ્યું. હોડીઓ ઉપડી નીકળી પણ કશાની ભાળ ન લાગી. માનવગૌરવ પર મુસ્તાક એ હેન્રી વિન્સ્ટૅન્લી, એના સહકારીઓ ને એની દીવાદાંડીને રૂઠેલી કુદરતે કોણ જાણે ક્યાં યે ગાયબ કરી દીધાં હતાં.

બીજાં ત્રણ વરસ એ ખૂંખાર ખડક નજીક ઢૂકવાની યે કોઈએ હામ ન ભીડી. એવે વર્જિનિયાથી આવતા એક જબરા જહાજે જાનમાલનો નવો ભોગ આપ્યો ત્યારે વળી એક કરુણાળુ દિલ દ્રવ્યું. એ પણ રેશમનો જ વેપારી હતો. એનું નામ ટૉમસ રડયર્ડ. એકે પથ્થર વાપર્યા વિના સાગનાં તોતીંગ ઢીમ વડે એણે એ દુર્જેય ખડકને જીત્યો ને લોખંડ વડે આખી દીવાદાંડીને તેનાથી જડી ડામરથી રંગી લીધી.

જોકે એ કાર્ય પણ નિર્વિઘ્ને નહોતું પત્યું. ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે ત્યારે લડાઈ ચાલતી હોઈ, ફ્રેન્ચો એ ખડક પરના સઘળા માણસોને કેદી તરીકે પકડી ગયા. ને લૂઈ ચૌદમા સમક્ષ હાજર કરવામાં આવ્યા. હકીકત જાણીને લૂઈએ એમને છોડી મૂક્યા ને ઉપરથી સોગાદો આપી તે બોલ્યો, 'હું ઇંગ્લંડનો દુશ્મન છું, પણ માનવતાનો નહિ.'

દીવાદાંડી પૂરી થયે બે જણ પહેરા પર મૂકવામાં આવ્યા. દર ચચ્ચાર કલાકે પહેરો બદલાતો. પરંતુ થોડા જ વખતમાં એમાંનો એક સાથીદાર અવસાન પામ્યો. એના મુડદાનું શું કરવું? દરિયામાં ફેંકી તો દેવાય નહિ. વખત છે ને ખૂનનો આરોપ આવે. બીજા સાથીદારે ભયનો વાવટો ચડાવ્યો. પણ સમુદ્ર પાછો ખુન્નસે ચડ્યો હતો. અંધારી રાતોએ ને અજવાળિયા દિવસે, પક્ષીઓની કીકીયારીઓ ને મોજાંના ઘુઘવાટ વચ્ચે એકાકી એ શબ પાસે બેઠા રહી એણે રાહ જોવા માંડી. આખરે એક મહિને એક હોડકું પહોંચ્યું, ત્યારે એ શબનો નિકાલ થયો.

વળી થોડાં વરસો વીતી ગયાં. દાંડીના ઘુમ્મટ પર ખૂબ મેશ બાઝેલી. એક દિવસ ત્યાંથી થોડો ધુમાડો નીકળતો જણાયો. કારણ જાણવા પહેરેદારો ઊંચા ચડ્યા ત્યાં આખી દીવાદાંડીનો ભભૂકો થઈ ઊઠ્યો! ઉપરથી ગળીગળીને સીસાના રેલા નીચે ઊતરવા લાગ્યા. રખેવાળો જીવ બચાવી માંડમાંડ નાઠા. એ ખડકની કોરાણ પર જઈ આસરો લીધો.

ને તરત આખી દીવાદાંડી જંગી મશાલ જેમ ચેતી ઊઠી. સામેના કિનારાના કેટલાક મચ્છીમારોએ એ જોયું ને હોડીઓ લઈ ઊપડ્યા. ઇ. ૧૭૫૫નો એ ડીસેમ્બર મહિનો ચાલતો હતો.

ઉપર સળગતી આખી માંડણી પડું પડું થઈ રહી હતી. નીચે મદોન્મત્ત સાગર ઘૂઘવતો હતો. વચ્ચે ભાવિથી આશંકિત ત્રણ પહેરેદારો સિકડાઈ બેઠા હતા. હોડીઓ ત્યાં આવી પહોંચી, પણ ઠેઠ સુધી પહોંચાય એમ હતું નહિ. આખરે દોરડાંની મદદથી ત્રણે જિંદગીઓ બચાવવામાં આવી.

આ સમાચારે જનતામાં એક જાતની હેબક પેસાડી દીધી. એ કાળમીંઢ ખડક સાથે ફરી રમત આદરવાની કોઈ મરજી ન કરતું. પણ સ્મીટન નામના એક ઇજનેરનું માથું ફર્યું. એની કુશાગ્ર બુદ્ધિએ એને કામયાબ બનાવ્યો ને એની પ્રશસ્તિ સૅમ્યુએલ સ્માઇલ્સના 'Lives of the Engineers'માં અંકાઈ.

પણ એના પુરોગામીઓ કરતાં એ ખુશનસીબ નીવડેલો એમ નથી. પાંચ પાંચ વખત તો નાસીપાસ થઈ તેને પાછા વળવું પડ્યું હતું. છઠ્ઠી વખત પહોંચ્યો ને આખી રાત રોકાઈ મીણબત્તીના પ્રકાશમાં એણે ચણતર માટેની યોજના કરી. ઓકના વૃક્ષ જેવી ખૂબ પહોળા ભોંતળની દીવાદાંડી બાંધવાનું એણે નક્કી કર્યું. બીજી બધી યે દીવાદાંડીઓ ત્યાર પછી એ મુજબ જ ચણાઈ છે.

એણે ચણતરમાં લાકડાને બદલે પથરા વાપર્યા. મોજાંઓની દોડદોડ ને ઝાપટ વચ્ચે ચાર વરસે કામ હેમખેમ પાર ઊતર્યું. સ્મીટન ગૌરવભરી નજરે પોતાની ફતેહમંદી જોઈ રહ્યો. 'એ ચિરકાળ ટકી રહેશે'—એની જીભે આત્મશ્લાઘાભરી વાણી ઉચ્ચારી.

સંમોહવશ જગતે પણ થોડા કાળ માટે એ વાણી તદર્થ માની લીધી. ૧૭૬૨નો ભયંકર પ્રવાત પણ એ વટાવી ગઈ. પણ કાળ સામે એ અણનમ

ન રહી શક્યાં. એના રખવાળો સદા ભયમાં રહેવા લાગ્યા. પેલી લાકડાની દીવાદાંડીઓ તો હજુ સારી હતી કે પવન કે મોજાંના માર સામે ઝૂકી શકતી. પણ આ પથ્થરની દીવાદાંડી તો ધ્રુજ-ધ્રુજી ઊઠતી ને હમણાં કડડભૂસ કરતી પડશે એમ માથે તોળાઈ રહેતી. છતાં સ્મીટનની ઇજનેરી બુદ્ધિની એ કરામત હતી કે સમુદ્રના ગમે એટલા ગુસ્સાને યે લાચાર બનવું પડતું. પણ એ ગુસ્સો ઓગળે એમ ન હતો. માનવચણતરને બદલે જે ખડક પર એ ઊભી હતી એ ખડકનું જ કાળજું તેણે કોરવા માંડ્યું. બરાબર એક સો વીસ વરસ પછી સ્મીટનની ચિરંતન દીવાદાંડીને એણે ક્ષણભંગુર બનાવી દીધી.


પણ માનવ પ્રયત્ને તો એ મદભર્યા સાગરના ગુમાનને ગાળવાનો જ મનસૂબો બાંધ્યો હતો. ટ્રિનિટી હાઉસના ઇજનેર સર જેમ્સ ડગલાસે કેડ બાંધી ને સ્મીટનની દીવાદાંડી કરતાં યે બમણી મોટી દીવાદાંડી બાંધી, જે હજુ અણનમ ઊભી છે. એની દીવાલોની જાડાઈ જ સાડા આઠ ફૂટ છે. તેના બહારના દરવાજે એક ટન વજનનો ગનમેટલનો બનાવેલો છે, ને અંદરનો સાગનો. એ પૂરી થતાં સ્મીટનની જર્જરિત દીવાદાંડી તોડી પાડવામાં આવી છે.

અને માનવગૌરવની પ્રતિષ્ઠા કરતી એ દીવાદાંડી હજુ એ ખુમારીભર્યા ખડકને શિરે ખૂંપેલી રહી છે. 'શ્રનિન'

સંસારનાં શહેરો

શહેરો એ એમની આસપાસના પ્રદેશની ધોરી નસો ગણી શકાય. એમના નિર્માણ સાથે જેટલો ઇતિહાસ સંલગ્ન છે એટલાં જ ભૂગોળવૈશિષ્ટ્ય ને માનસ પણ સંલગ્ન છે. એવાં જગતનાં કેટલાંક શહેરોનો સંક્ષિપ્ત પરિચય આપવાનો આ નવી માળાનો ઉદ્દેશ છે.

(૧) જેરૂસલેમ



(જેરૂસલેમ શહેરનું વિહંગ દૃશ્ય તથા તેના કેટલાક ભાગ · Courtsy: I See All)

દુનિયાનાં શહેરોમાં ખૂબ પ્રાચીન ઇતિહાસ ધરાવતા પાલેસ્ટાઇનના પાટનગર જેરૂસલેમનો ૩૩૦૦ વર્ષનો તો લેખિત ઇતિહાસ મળે છે. એના નામનો શબ્દાર્થ 'શાંતિનું નગર' એવો થાય છે; છતાં દુનિયાના ભાગ્યે જ કોઈ બીજા નગરે એના જેટલા વિગ્રહો જોયા હશે! ડેવિડે એને પહેલું જીત્યું ત્યારથી તે ઍલેન્બીની છેલ્લી જીત સુધીમાં તે અઢાર વખત જીતાયું છે.

બે ઊંડી ખીણો ને બે ધારો વચ્ચે ખડકાળ ઉચ્ચ પ્રદેશ પર દરિયાની સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચે આ શહેર બંધાયું છે. ત્રણ વખત તેનો સંપૂર્ણ ધ્વંસ થએલો ને લગભગ ૧૨ રાષ્ટ્રોએ તે જીતેલું. બાઇબલકથિત તેના ઇતિહાસમાં યહૂદીઓના હાથમાં તો ૩૦૦૦માંથી ૬૦૦ વર્ષ જ તે રહેલું. એના પ્રથમ વિજેતા ડેવિડના પુત્ર સૉલૉમને એની એક ધાર પર એક મંદિર બંધાવેલું છે. એના ખોદકામ ઉપરથી માલૂમ પડે છે કે ડેવિડથી યે કેટલીક સદીઓ પૂર્વે જેરૂસલેમનું અસ્તિત્વ હતું. ઇજીપ્શીઅનો, આસીરીઅનો, ઈરાનીઓ, ગ્રીકો ને રોમનો પછી તે મુસલમાન સારાસેનોના હાથમાં ગયું ત્યારે તે ખ્રિસ્તીઓ માટે પાછું હાથ કરવા યુરોપનાં ખ્રિસ્તી રાષ્ટ્રોએ જબરાં યુદ્ધો મચાવેલાં, જે 'ક્રુઝેડ્સ'ના નામે ઓળખાય છે. એમણે એ જીત્યું ખરું, પણ પાછું ખોયું. યહૂદી, ખ્રિસ્તી ને મુસલમાન ત્રણે ધર્મોનું તે મહાન તીર્થધામ છે.


આપણી અદ્ભુત આંખ

બીજા કોઈ પણ સ્થૂલ સાધન કરતાં આંખ વડે મનુષ્ય દિશા અને કાળ ઉપર અમાપ પ્રભુત્વ મેળવે છે. આપણી સ્થૂલ દૃષ્ટિ ભવિષ્યમાં તો પ્રવેશી શકતી નથી, પરંતુ ભૂતકાળમાં તો તે અલૌકિક રીતે અવગાહન કરી શકે છે. જે તારાઓ બળીને હોલવાઈ જઈ નાશ પામ્યાને હજારો કે લાખો વર્ષો થયાં હોય તે તારાઓને આપણી આંખ આજ જોઈ શકે, એવી અદ્ભુત વાત વર્તમાન ખગોળવિજ્ઞાન કહે છે અને તે એવી રીતે સમજાવે છે કે તે તારાઓ કે સૂર્યો જ્યારે અસ્તિત્વમાં હતા ત્યારે તેમનાં તેજનાં મોજાં કે કિરણો આપણા તરફ આવવા નીકળેલાં, પણ અગાધ અંતરને લીધે આપણી આંખને પહોંચતાં હજારો કે લાખો વર્ષો વીતી ગયાં, જે દરમિયાન તે તારાઓ નાશ પામી ગયા, છતાં તેમનો પ્રકાશ આપણી આંખમાં જાય ત્યારે તેઓ તેમના મૂળ સ્થાનમાં હાજર છે એમ આપણને દેખાય!

સળગેલી હવાઈ જ્યારે ઊંચે ચડે છે, અગર તારો આકાશમાંથી ખરે છે, ત્યારે પ્રકાશનો લાંબો લીસોટો થએલો દેખાય છે, પણ ખરી રીતે તો એ એક ભ્રમ છે. એક લાકડીના કે દોરડાના છેડાને સળગાવી ખૂબ ઝડપથી ગોળ ચક્કરમાં ફેરવવામાં આવે તો પ્રકાશનું એક વર્તુલ દેખાય છે, તે પણ દૃષ્ટિનો ભ્રમ જ છે. સીનેમાના પડદા ઉપર મનુષ્યોનાં ને પ્રાણીઓનાં જે ચિત્રો પડે છે, તેમના હાથપગ કદી હાલતા નથી, પણ આપણને તેવું ફક્ત દેખાય છે. આનું કારણ એ છે કે બહારની દુનિયાની જે છાપ આંખની અંદર જઈને છપાય છે, તેને ભુંસાઈ જતાં એક સેકંડના આઠમા ભાગ જેટલો સમય લાગે છે. એટલે જો જોવામાં આવતાં ચિત્રો દર સેકંડે આઠ કરતાં વધારે ઝડપથી બદલાતાં રહે તો તે જુદાંજુદાં દેખાવાને બદલે સળંગ ને એકનાં એક જ હોય તેવાં જણાય છે.

વળી કોઈ અતિશય પ્રકાશમાન દીવા કે સૂર્ય તરફ થોડો વખત જોઈ રહીને પછી પુસ્તકના પાના તરફ નજર ફેરવવામાં આવે તો ત્યાં કાળું ધાબું દેખાશે, અને આંખ જેમજેમ એ પાના પર ફેરવવામાં આવશે તેમતેમ તે કાળું ધાબું પણ કાગળ પર અમાપ ખસતું દેખાશે. આવા કાળા ધાબાનું દર્શન એ પણ એક ભ્રમ જ છે, કારણ કે પુસ્તકના પાના પર એવો





ઉપરથી અનુક્રમે : માખીની આંખ; મધમાખીની આંખ; બિલાડીની આંખ દિવસે અને રાત્રે; ઘુવડની આંખ; કરચલાની આંખ. નીચેનું મોટું ચિત્ર : કરોળિયાની આંખ

કાંઇ કાચ ખરી રીતે છાપેલો હોતો નથી, અને તે ખસાતો પણ નથી, પણ આગ દેખાવાનું કારણ એ હોય છે કે પ્રકાશનાં અતિ ઉગ્ર કિરણો આંખની અંદરના પડદા પર એક જ સ્થળે લાગટ પડ્યા કરવાથી તે ભાગ થાકી જાય છે, ત્યાંના છબી ઝીલનાર અણુઓ નાશ પામી જાય છે, એટલે જોઇ શકતા નથી. જ્યારે અમુક કલાક કે સમય પછી ત્યાં તાજા નવા નીરોગ અણુઓ આવીને ગોઠવાય ત્યારે જ કાળું ધાબું દૃષ્ટિમાંથી દૂર થાય. સૂર્ય સામે ત્રાટક કરવાથી આમ આંખને ગંભીર નુકસાન થયાના દાખલા જોવામાં આવ્યા છે. વળી આપણી સામે ઊભેલા માણસની જે છબી આંખની અંદર નેત્રદર્પણ ઉપર પડે છે તે હમેશાં ઊંધી જ પડે છે, એટલેકે માથું નીચે અને પગ ઉપર હોય છે, છતાં તેને ચત્તી કે સવળી જોવાનું આપણે શીખ્યા હોઇએ છીએ.

બીજી એક અદ્દ્ભુત વાત એ છે કે આપણે કોઇ દિવસ બીજા કોઇ માણસનો ચહેરો સીધી રીતે જોએલો હોતો જ નથી—જોઇ શકીએ તેમ છે જ નહિ. આપણા પોતાના ચહેરાને જ આપણે કદી જોયો છે? નહિ જ! કેટલી યે વાર આપણે આયનામાં નજર કરેલી છે, અને તેમાં કોઇ આકૃતિ–સુંદર કે બેડોળ–નું પ્રતિબિંબ નિહાળ્યું છે, અને એ જ આપણો ચહેરો છે એમ આપણે માનતા આવ્યા છીએ. પણ ખરી રીતે તો એક કાચમાંથી આવતા પ્રતિબિંબને જ આપણે જોયું હોય છે, પણ સાક્ષાત્ ચહેરાને તો નહિ જ. આપણા મૂળ સ્વરૂપમાં આવા આયના કેવો ને કેટલો ફેરફાર કરીને દેખાડે છે તે તો એકલો ઈશ્વર જ કહી શકે.

અંતર્ગોળ, બહિર્ગોળ, ઊભા ગોળાવાવાળા અને આડા ગોળાવાવાળા, એમ અનેક તરેહના આયના મળે છે (અમદાવાદમાં પાનકોર નાકે રમકડાં માર્કેટમાં પણ આવા આયના ખુલ્લા મુકેલા છે) જેમાં જોતાં જાડાં માણસ ખૂબ પાતળાં, પાતળાં માણસ જાડાં ને ઠીંગણાં માણસો ખૂબ ઊંચાં અને લાંબાં માણસો વેંતિયાં દેખાય છે; તેમ બે ગોળાવાનું એક જ કાચમાં મિશ્રણ હોય તો ડોકું કે ધડ ખૂબ લાંબું દેખાય પણ પગ અતિશય ટૂંકા દેખાય, અગર શરીરનો અમુક ભાગ અતિશય પહોળો દેખાય, અને બાકીનો ભાગ અતિશય સાંકડો કે લાંબોટૂંકો દેખાય.

હવે જેમ આપણે આપણો ચહેરો સાક્ષાત્ જોતા નથી તેમ બીજાઓના ચહેરા પણ કદી સીધી રીતે (Directly) જોયા નથી. કોઇ માણસ તરફ ઉઘાડી આંખે આપણે જોઇ રહીએ છીએ ત્યારે આપણી બંને આંખના ડોળાની અંદર નેત્રદર્પણ ઉપર દર સેકંડમાં આઠ લેખે સેંકડો તસવીરો છપાતી ને ભૂંસાતી જતી હોય છે, જેમાંની કોઇ પણ બે છબીઓ તદ્દન એક સરખી હોતી નથી. એટલે આપણે જે ખરી રીતે જોઇએ છીએ તે આપણી જ આંખોની અંદર છપાતાં ને ભૂંસાતાં આ અનેક ચિત્રો, અને નહિ કે બીજાનો ચહેરો. સમગ્ર દૃશ્ય જગત વાસ્તવિક રીતે કેવું હશે તે આપણે નથી જાણતા; છતાં આપણને દેખાય છે તેને કંઇક અંશે તો મળતું હશે જ, એમ શ્રદ્ધા રાખવી પડે છે.

આંખોની પ્રાપ્તિ એ મનુષ્ય જાતનો વિશેષાધિકાર છે, કારણ કે ઘણી યે જાતનાં પ્રાણીઓની આંખો માત્ર અજવાળું કે અંધારું જ પારખી શકે છે, પણ આકાર કે રંગ પારખી શકતી નથી, અને તેથી તેની પ્રવૃત્તિ હમેશાં એકદેશી જ રહે છે. વળી પહેલ પાડેલા મોટા એક જ હીરા ઉપર જેમ અનેક પાસાં કે પહેલ હોય છે તેવી જ રીતે માખીની દરેક આંખમાં ચાર હજાર નાની નાની આંખો સમાએલી હોય છે. કરોળીઆને એકી વખતે ઘણી વસ્તુઓ ઉપર નજર રાખતા રહેવાની જરૂર હોવાથી તેના આખા માથા પર જ્યાં ત્યાં આંખો જ આંખો ચોંટાડેલી હોય છે, તેથી એક તરફ પોતાના જાળામાં સપડાએલા મગતરા તરફ એક આંખથી નજર રાખે છે, અને એ જ વખતે બીજી તરફ બીજી આંખ વડે પોતાના કોઇ શત્રુ તરફ કે નવા શિકાર તરફ તે તાકી રહી શકે છે. ઉંચી જાતનાં વાંદરાં સુદ્ધાં બીજાં બધાં પ્રાણીઓની આંખો તદ્દન ગોળ દેખાય છે. ત્યારે ફક્ત મનુષ્યની આંખો જ બંને છેડે અણિઆળી બદામ જેવી અતિ સુંદર હોય છે.

આપણી આંખનો દરેક ડોળો લખોટા જેવો ગોળ હોય છે. તેની સપાટીનો આગલો $\frac{1}{6}$ એટલે છઠ્ઠો ભાગ જ પારદર્શક હોય છે. માણસની બંને આંખો એકી સાથે એક જ દિશામાં જોઇ શકે છે, પણ ઘણાંક પ્રાણીઓ ને પશુઓનો આંખો વચ્ચેનો ભાગ એવો ઉપસેલો હોય છે કે જેથી એક આંખ એક દિશામાં

જુએ છે, ત્યારે બીજી આંખ બીજી દિશામાં જુએ છે!

માણસ પોતાની બંને આંખે કોઈ ચીજ તરફ જુએ છે ત્યારે દરેક આંખનો દૃષ્ટિકોણ જરા જુદો હોય છે, તેથી તે વસ્તુની જાડાઈ ને ઊંડાણનો વધારે સારો ખ્યાલ આવે છે. પણ બે જુદીજુદી આંખે એક જ ચીજ જોવા છતાં આપણને તે બેવડી દેખાતી નથી. આનું કારણ એ છે કે આંખના જમણા અર્ધા ભાગના જ્ઞાનતંતુઓ એકઠા થઈને મગજના જમણી તરફના અર્ધા ભાગમાં આવેલા દર્શન-કેન્દ્ર (optic centre)ને જઈ મળે છે અને તેવી જ રીતે ડાબા અર્ધા ભાગના જ્ઞાનતંતુઓ ડાબા અર્ધા ભાગના દર્શન-કેન્દ્રને જઈ મળે છે. આવી રચના હોવાને લીધે પ્રત્યેક આંખ તરફથી આવતા સંદેશા ને છાપ મિશ્રિત થઈ એક જ ચિત્ર ખડું કરે છે.

આખા શરીરના એકેએક ભાગમાં થતાં સૂક્ષ્મ કે સ્થૂલ ફેરફારોની છાપ આંખના કૃષ્ણમંડળ (Iris) ઉપર નોંધાઈ રહે છે. એ શોધ ઉપરથી ફક્ત આંખ જોઈને શરીરના કોઈ પણ ભાગના રોગની પરીક્ષા અને નિદાન કરવાનું એ શાસ્ત્ર રચાયું છે.

ડૉ. મહાદેવપ્રસાદ એમ.ડી.

નવાં પુસ્તકો



જામનગરનું સૂર્યગૃહ: પ્રકાશક ડૉ. પ્રાણજીવન માગ. મહેતા, ડાયરેક્ટર જામનગર સેનેટોરિયમ; **બોલતી પ્રતિમા:** (હિંદી) લેખક-શ્રીરામ શર્મા, પ્રકાશક-હિંદી સાહિત્ય સદન, ફિરથરા, ૦-૬-૦; **પ્રાણોં કા સોદા** (હિંદી) અને **ઝાંસી કી રાણી:** (હિંદી) બંનેના લેખક-પ્રકાશક ઉપર મુજબ. કીંમત અનુક્રમે ૩-૦-૦ અને ૦-૮-૦, **છાત્ર તેજ** (સુવર્ણ મહોત્સવ અંક): પ્રકાશક-ઑન સેક્રેટરી, સાર્વ. એ સો સુરત, ૨-૦-૦; **તુલસી**, ૦-૪-૦, તથા **સ્વપ્નવિચાર**, લેખક-શ્રી ગોપીવલ્લભ ઉપાધ્યાય, ૧-૦-૦, પ્રકાશક-હિંદી સાહિત્ય મંડળ, બનારસ સિટી; **જીવન અને સાહિત્ય** (ભાગ બીજો): લેખક-રમણલાલ વસંતલાલ દેસાઈ, ૨-૮-૦; **રોડિયમ:** લેખક-ગો. રા. આમીન, ૧-૦-૦; **ઠગ:** લેખક-રમણલાલ દેસાઈ, ૧-૮-૦; **રૂપજીવિની:** લેખક-શ્રીકાંત દલાલ, ૨-૮-૦; **પરી અને રાજકુમાર:** લેખક-રમણલાલ દેસાઈ, ૧-૮-૦; સૌના પ્રકાશક-આર. આર શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, **વર્ધા કેળવણીનો પ્રયોગ:** લેખક-નરહરિ પરીખ, ૦-૬-૦; **હિંદુસ્તાનની ગરીબાઈ:** સંપાદક-ગોપાળદાસ પટેલ, ૦-૧૪-૦; **શ્રી રમણ મહર્ષિનો ઉપદેશસાર:** ૦-૧-૮; **વર્ધા શિક્ષણ યોજના:** ૦-૧૦-૦; **જીવતા તહેવારો:** લેખક-દ. બા. કાલેલકર, ૦-૧૨-૦; **ધર્મમંથન:** લેખક-ગાંધીજી, ૦-૧૨-૦; સૌના પ્રકાશક-નવજીવન પ્રકાશન-મંદિર અમદાવાદ; **પરમી હિંદી રાષ્ટ્રીય મહાસભાનો અહેવાલ:** પ્રકાશક-કનૈયાલાલ દેસાઈ, પ્રધાનમંત્રી સ્વાગત સમિતિ; **હિન્દુસ્તાની પ્રવેશિકા:** લેખકો-પરમાણંદદાસ જૈન તથા વલ્લભદાસ અક્કડ, પ્રકાશક-કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ નાણાવટ સુરત, ૦-૧૦-૦; Guide to Basic Step by Step (Part 1): ૦-૨-૦, **બેઝિક ઈંગ્લિશ પ્રાથમિક પરિચય** ૦-૨-૦; પ્રકાશક-બેઝિક ઈંગ્લીશ કલાસ, લાડી; **બળવાખોર પિતાની તસ્વીર:** સંપાદક કકલભાઈ કોઠારી, પ્રકાશક-નવસૌરાષ્ટ્ર કાર્યાલય સલાપોસ રોડ અમદાવાદ, ૨-૮-૦; **અવન્તીનાથ:** લેખક-ચુનીલાલ વ. શાહ, પ્રકાશક-ગુજરાત બંધુ પ્રેસ અમદાવાદ, ૨-૦-૦; **અન્યોક્તિવિલાસ:** લેખક-પ્રકાશક કવિ કેશવલાલ સ્વામીજી, ચારણફળી ભાવનગર, ૧-૦-૦; **મદાલસા** (એક ખંડકાવ્ય): લેખક-ગોવિંદ હ પટેલ, પ્રકાશક-ગોરધનભાઈ કિશોરભાઈ પટેલ, વડોદરા, ૦-૧૦-૦; **નવશક્તિ મહોત્સવ:** લેખક મૂળજી રણછોડ વેદ, પ્રકાશક-અંધેરી સાહિત્ય સભા, ૦-૪-૦; **અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો:** વ્યાખ્યાતા-અધ્યાપક રામનારાયણ વિ. પાઠક, પ્રકાશક-મુંબાઈ યુનિવર્સિટી, ૧-૪-૦; **શિકારી:** અનુવાદક કિસનસિંહ ચાવડા, સોલ એજન્ટ-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧-૮-૦; **આપણે સૌ ભણીએ, નાની પોથી,** તથા **પહેલી ચોપડી:** સંયોજક 'ધૂમકેતુ' પ્રકાશક ગૂ. ગ્ર. કાર્યાલય અમદાવાદ, દરેકની ૦-૧-૦; **ભારતનો ટંકાર:** લેખક-અરદેશર ફરામજી ખબરદાર, પ્રકાશક-યજ્ઞેશ હ. શુકલ, ૪૩ કલ્યાણ બિલ્ડિંગ કાંદાવાડી મુંબાઈ ૪, ૧-૦-૦; **ગુજરાતની અસ્મિતા:** લેખક-કનૈયાલાલ મુનશી. પ્રકાશક-શિષ્ટ સાહિત્યભંડાર, આનંદભુવન પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, ૧-૦-૦.

નવી નજરે

સમાજહિતની કોઇ અદ્દષ્ટ ભાવનાથી, જનસ્વભાવની સહજ સમજથી કે ગમ્મત મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

ફ્રાન્સની પ્રજામાં પોતાનાં લખાણોથી નવું ચેતન રેડનાર વોલ્તેર ઇ. સ. ૧૭૯૨માં ઇંગ્લંડમાં આવ્યો ત્યારે તેના જોવામાં આવ્યું કે ફ્રેન્ચ પ્રજા સામે ઇંગ્લાંડમાં ખૂબ અસંતોષની લાગણી ફેલાઇ ચૂકેલી હતી અને તેથી લંડનની શેરીઓમાં તેને બહુ ઓછી સલામતી લાગતી. એક વખત તે રસ્તે જતો હતો એવામાં લોકોએ તેને ફ્રેન્ચ તરીકે ઓળખી બૂમાબૂમ કરી મૂકી કે 'મારો, આ ફ્રેન્ચને ફાંસી દો.'

વોલ્તેર અટક્યો. ટોળા તરફ ફરી તેણે એક ટૂંકું પણ સમયસૂચક ભાષણ કર્યું કે 'અંગ્રેજ લોકો! હું ફ્રેન્ચ છું એટલા ખાતર તમે મને મારી નાખવા માગો છો. પણ મારા જેવો માણસ અંગ્રેજ નથી એ એક શિક્ષા તમને ઓછી લાગે છે?'

ટોળાએ હુર્રેના પોકારો વચ્ચે તેને સહીસલામત ઘેર પહોંચાડ્યો!

ઇટલીનો એક કવિ, જેબ્રાઇલ દાનુન્ઝીઓ જ્યારે ફ્રાન્સમાં વસતો હતો ત્યારે એક કાગળ ટપાલમાં આવ્યો. તેના પર માત્ર આટલું જ સરનામું હતું: 'ઇટલીના મહાનમાં મહાન કવિને.' એણે એ કાગળ સ્વીકારવાની ના પાડી,–એમ કહીને કે પોતે ઇટલીનો મહાનમાં મહાન કવિ નહિ પણ જગતનો મહાનમાં મહાન કવિ હતો.

બર્નાર્ડ શૉ કહે છે કે 'મશ્કરી કરવાની મારી રીત એક જ કે સાચી વાત કહી દેવી. દુનિયાભરમાં એથી વધુ ખુશમિજાજી મશ્કરી બીજી નથી.

શ્રોતાઓની લાગણીઓ પર કાબૂ મેળવવાની કળામાં નિષ્ણાત થએલો એક ફોજદારી વકીલ એક સાદી તદબીરથી પોતાના અસીલોને મૃત્યુની શિક્ષા પામતા કેમ બચાવી શક્યો તે સમજાવતાં કહે છે કે "હું કદી પણ 'મારો અસીલ' કે 'આરોપી' એવા શબ્દો વાપરતો નથી. હું તેને બદલે મારા અસીલનું નામ લઇને જ આખા કેસની ચર્ચા કરું છું. પરિણામે અસીલો કે આરોપીઓને ફાંસીને માચડે ચડાવી શકનાર જ્યુરી 'ટૉમ જોન્સ' કે 'હેન્રી બ્રાઉન' માટે મોતની સજા ફરમાવતાં અચકાય છે."

એક અમેરિકન વેપારીએ પોલીસને ફરિયાદ કરી કે તેની દુકાનમાં કોઇ બંદૂકધારીએ આવી ૭૫ ડૉલરની લૂંટ કરી છે. સમાચારપત્રોમાં આ ખબર આવ્યા કે તરત જ ગામના પોલીસ ઉપરી પર નીચે મુજબનો એક પત્ર આવ્યો.

'જેલો ટ્રીગર તમારી પાસે ફરિયાદ નોંધાવી ગયો છે કે શનિવારે તેની પાસેથી ૭૫ ડૉલરની લૂંટ થઇ; પણ હું ખાતરીપૂર્વક કહું છું કે એની પાસેથી માત્ર ૪૦ ડૉલર અને ૨૦ સેન્ટ જ ગયા છે. મારા બે ભાગીદારો મારી પાસે આખી લૂંટમાંથી ભાગ માગે છે અને જો હું તેઓને દરેકને ૨૦ ડોલર આપું તો મને ખોટ જ જાય. માટે એને ખબર આપી દેજો કે છાપામાં પોતાની ભૂલ સુધારે. નહિતર પછી અગાઉથી ચેતવણી ન આપી એવો દોષ નહિ કાઢી શકે.'

અમેરિકા એ નવા નુસખાની ભૂમિ છે. થોડા સમય પહેલાં એક છાપામાં ત્યાં આવી જાહેરાત આવી હતી: 'તમે જ વાર્તાનાયક! એક ડૉલર મોકલો એટલે એક વાર્તાલેખક તદ્દન નવીન અને અપ્રકટ વાર્તા મોકલશે, જેમાં તમે પોતે જ વાર્તાનાયક હશો. એ માટે તમારો ફોટો, તમારું વર્ણન, શૉખ તથા ધંધો એ બધું અમને પૂરું પાડો. લખો બૉક્સ નં. ૧૦૯૫.'

ટ્રેનમાં મુસાફરી કરતી વખતે વાતોડિયા માણસો કેટલો બધો કંટાળો આપે છે તે તો બધા જાણતા હોય છે. તમે કોઇ ગંભીર વિચાર પર ચિંતન કરવા માગતા હો, અથવા તો કોઇ બહુ જ રસમય પુસ્તક

વાંચવા માગતા હો ત્યારે વચ્ચે કોઈ મુસાફર જુદાજુદા ચાલુ પ્રશ્નો ઉપર તમારો મત પૂછી તમને કંટાળો આપે ત્યારે એમ તો થતું જ હશે કે આ બધાનાં ડાચાં બંધ કરવાનો કોઈ ઉપાય હશે કે નહિ? એક વૃદ્ધ અમેરિકને એ ઉપાય શોધી કાઢ્યો છે. તે ગાડીમાં ચડી જરા સ્થિર થાય પછી એક મોટું પતાકડું કાઢી પોતાના કોટ પર લગાડી દે છે. અને પછી ભાગી જાય છે. એ પતાકડામાં ચાલુ પ્રશ્નો પરના નીચેના જેવા અભિપ્રાયો લખ્યા હોય છે: 'સાંભળો! મને લાગે છે કે હીટલર મૂર્ખ છે, વૉશિંગ્ટનમાં રેડ ઇન્ડિયનો વધુ પડતા થઈ ગયા છે, વસંતઋતુ આવશે એટલે વેપારમાં તેજી આવવાનો સંભવ છે, આપણે ફીલીપાઈન ટાપુઓને સંપૂર્ણ સ્વતંત્ર કરી દેવા જોઈએ. હવે મને નિરાંતે સૂવા દેજો અને . . . સ્ટેશને જગાડજો.'

ચીનના એક ડૉક્ટરને તેની અમેરિકાની મુસાફરી વખતે એક અમેરિકને મશ્કરીમાં પૂછ્યું: તમે કયી જાતના 'નીઝ' છો—જાપાનીઝ, જાવાનીઝ, ચાઈનીઝ?

ડૉ લુ ટ્રિંગ ફૅંગે પોતે ચાઈનીઝ છે એમ જવાબ આપી પછી પૂછ્યું: 'અને તમે કયી જાતના 'કી' છો—મન્કી, ડોન્કી કે યાન્કી?' (યુનાઈટેડ સ્ટેટ્સનો વતની લાડમાં 'યાન્કી' કહેવાય છે.)

ફક્ત પાંચ જ મિનીટ બોલવું છે એમ કહી પા કલાક સુધી લપ ન મૂકે એવા વક્તાઓને કાબુમાં લેવા એક કલબે નવી યુક્તિ શોધી કાઢી છે. એ કલબનો એવો નિયમ છે કે વક્તા ભાષણ કરવા માગતો હોય ત્યાં સુધી તેણે હાથમાં બરફનો એક ટુકડો પકડી રાખવો જોઈએ. પછી કાં તો તે ટુકડો ઓગળી જાય એટલે એ બેસી જાય. પણ ઘણું કરીને તો એ પહેલાં જ ભાષણ પૂરું થઈ જાય છે!

છાપાંઓનાં પાનાં ઉપર એ નામ ભૂલાવા માંડ્યું છે, પણ પ્રજાની સ્મૃતિમાંથી એ નામ નહિ ખસ્યું હોય—ડ્યૂક ઑફ વિન્ડસરનું. એમના ઉપરનો એક અમેરિકન મંડળનો પત્ર આ નીચે આપ્યો છે:

'અમેરિકામાં "ડ્યૂક ઑફ વિન્ડસરનું મિત્રમંડળ" નામની સંસ્થા ટાઉન હૉલ કલબમાં આજ, જાન્યુઆરી ૨૦ મીએ આપના માનમાં એકત્ર થઈ આપને તથા હર રૉયલ હાઈનેસ ધ ડચેસ ઑફ વિન્ડસરને અભિનંદન તથા વંદન પાઠવે છે, અને ઇચ્છે છે કે જગતના વિશાળ ક્ષેત્રમાં આપની પ્રતિભાને યોગ્ય સેવાના કાર્યમાં આપ તુરતમાં પ્રવૃત્ત થશો. આ મંડળ એટલા માટે મળ્યું છે કે જેથી લોકશાસન અને વિશ્વશાંતિ માટેના સર્વ પ્રજાને સામાન્ય એલચીના હોદ્દાની સ્થાપના માટે સંપૂર્ણ વિચાર કરી શકાય. અને અમારી એ પણ યોજના છે કે ઇતિહાસમાં આ જાતના પ્રથમ જ ઉત્પન્ન થતા આ હોદ્દાનો આપ સ્વીકાર કરશો.

(સહી) લૂઇ ચાન્સલર, પ્રમુખ'

ઉપરના પત્રમાંથી જ એ સંસ્થાના હેતુઓ સ્પષ્ટ જણાઈ આવે છે. આ સંસ્થા એમ માને છે કે ડ્યૂક ઑફ વિન્ડસરનું વ્યક્તિત્વ યુરોપના આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અદ્‌ભુત ભાગ ભજવી શકે તેમ છે અને તેથી જો જગતની પ્રજાઓ એ વ્યક્તિત્વનો ઉપયોગ કરી જાણે તો જગતશાંતિ તરત સ્થાપી શકાય તેમ છે. આપણા હિંદના સ્વ. ડૉ. હરદયાલ પણ એ સંસ્થાના એક આગેવાન હતા. આમ વિવિધ પ્રજાઓના માણસોની બનેલી આ સંસ્થા ડ્યૂક ઑફ વિન્ડસરને આંતરરાષ્ટ્રીય જવાબદારીવાળું કામ સોંપવા માગે છે. અને એ કામમાં જોઈતું બળ મેળવવા માટે પ્રથમ તો એ સંસ્થા દેશેદેશમાં પોતાનાં પ્રતિનિધિ કેન્દ્રો સ્થાપશે, અને એ ઉપરાંત કાયમને માટે એક ઇનામી હરીફાઈ ચાલુ રાખશે જેમાં હરકોઈ "What would I do if I were appointed Ambassador-at large for Democracy and Peace" એ વિષય ઉપર ૫૦૦ શબ્દની અંદરનો નિબંધ લખી મોકલી શકશે એમાંના ઉત્તમ ગણાએલા નિબંધોને ૧૦ ડૉલરનું ઇનામ મળશે અને તે 'New History' માસિકમાં છપાશે. આવી રીતે દુનિયાભરમાંથી નિબંધરૂપે મળતાં સૂચનોમાંથી સંસ્થાને રસ્તો સૂઝતો રહેશે, અને સાથોસાથ જગતનું લોકમાનસ પણ એથી ઘડાશે. જેમને આ વિષયમાં વધુ રસ હોય તેમણે આ સરનામે પત્ર વ્યવહાર કરવો: "Friends of the Duke of Windsor in America. 132 East 65th Street New York U. S. A."

(ચાલુ)

હરિકૃષ્ણ વ્યાસ

જળજંગલની જીવસૃષ્ટિનો અભ્યાસ અને પરિચય કરાવતી લેખમાળા

વનવગડાનાં વાસી



થોડાં રૂપજીવી

[૨] દશરથિયાં

ગયા અંકમાં જે નીલકંઠની વાત થઇ, એ એક જ વર્ણથી સધાતી પ્રચ્છન્નરૂપતાને અનુલક્ષીને. હવે દશરથિયાંની અને બટેર વગેરેની વાત કરીએ: એ અનેક વર્ણના મિશ્રણથી સધાતી પ્રચ્છન્નરૂપતાનો દૃષ્ટાન્ત પૂરો પાડે છે.

દશરથિયું[1] કે બટાબટ એટલે Nightjar કાનને કર્કશ (jarring) લાગે એવી બોલી એ રાતે બોલે છે એથી એનું આવું અંગ્રેજી નામ પડ્યું છે. વળી એ વાડામાં બાંધેલાં બકરાંને ધાવી જાય છે, એવી ભ્રમમૂલક માન્યતાને લીધે એને Goat-sucker (લૅટીનમાં Caprimulgus) પણ કહે છે. એનું હિન્દી નામ चिप्पक.

દશરથિયું આપણું સામાન્ય પંખી ગણાય, છતાં એનો પરિચય ઘણા થોડાને હોય છે. ઘણા અંગ્રેજી ભણેલા ચીબરીને Nightjar કહે છે: ચીબરીની કર્કશ વાણી રાતે સંભળાય છે તેથી. પણ આ સાચું નથી. ચીબરી ઘુવડનું કુટુંબીજન[2] છે. વળી એ શિકારી[3] પંખી ગણાય. જ્યારે દશરથિયું જીવાત ખાનારું[4] છે. એને અને ચીબરીને રજ પણ સગપણ નથી. એ આટલું બધું અજાણ્યું રહે છે એનું કારણ એની રાત્રીચર્યા છે. દિવસે એ ભાળી શકે છે, પરંતુ બહાર ફરવા ન નીકળતાં એકાદ જાળાના મૂળમાં લપાઈ છુપાઇ બેસી રહે છે કે ઊંઘે છે. સન્ધ્યા થાય એટલે એ ચરવા નીકળે છે, અને રાત ઠીકઠીક જામે એટલે ચરવાનું બંધ કરીને પાછું શાંતિથી બેસી જાય છે. આખી રાત આરામ લઇને પુનઃ પ્રભાતપ્રાયા રજની થતાં જ ચરવા માંડે છે અને અરુણોદય પહેલાં જ ભોજનવ્યવહાર પતાવી દઇ આશ્રયસ્થાને પહોંચી જાય છે. આવી કઢંગી જીવનચર્યા ઉપરાંત એની આત્મગોપનની ટેવમાં મદદ કરે છે એનાં વિશિષ્ટ રૂપરંગ. એનો સમગ્ર વર્ણ મુખ્યત્વે મટોડીના જેવો ફિક્કો લાલ કે બદામી અથવા મેલો પીળો. એ રંગ પણ કાળા ચટાપટાવાળો. એના કોઇ અંગ પર ટપકાં, કોઇમાં રેખા, કોઇ પર છૂંદણાં, કોઇ પર પટા—એમ આખા શરીરે ટીલડી ટીપકાંને લીધે એ અતિશય રૂપાળું દેખાય છે, છતાં એ રૂપમત્તા, ધૂળમાં કે ઘાસતરણાંને ઓથે ઢંકાઇ બેસી તિરોહિત થવામાં એને ખૂબ મદદ કરે છે. એના રૂપનું વર્ણન સાંભળતાં એને કોઇ સુંદર ન કહે, પણ એ ખરેખર જ સુંદર પંખી છે. આવી જ સુંદરતા ઘણાં કદરૂપાં મનાતાં પંખીઓમાં પણ હોય છે. બોલવે ચાલવે તેમ શાકુનિકોના મતે ચીબરી ભલે તેટલી દુષ્ટ ભલે મનાય, પણ હું જાતઅનુભવે કહી શકું છું કે એનાં રેશમને આંટે એવાં મુલાયમ અને મૃદુ પીછાં ભલભલાં રૂપાળાં મનાતાં પંખીઓનો ગર્વ પણ ઊતારી શકે છે. દશરથિયાંનાં પીછાં પણ આવાં જ સુંદર અને સુકુમાર છે, પણ કમનસીબે એ એનું વિભૂષણ બનવાને બદલે એને જનનજરથી દૂર રાખવાનું સબળ સાધન બન્યાં છે.

દશરથિયાં જેવાં રૂપાળાં છે એવી જ લોકોત્તર એમની ઊડવાની છટા છે. એમના વિશિષ્ટ જીવન-વ્યવહારને લીધે એ એક સપાટે ઝાઝું ઊડી શકતાં નથી, પણ જેટલું ઊડે છે તેટલું પણ એટલી સરળતાથી, એટલી સફાઇથી અને એટલી પ્રતિભાથી કે એ જોનાર મુગ્ધ જ થઇ જાય કવચિત્ આસ્તે આસ્તે, ઘડીકમાં વીજળી વેગે, એમ ગતિભંગ કરતાં એ જાતે મૂર્તિમતી ગતિ બની જાય છે! ઊડે છે તે પણ નીરવ વેગે: અન્ય

---

૧ આબુ પર્વતમાં થતા લીલા કંસારા (કુમાર અંક ૧૮૩ પૃ ૧૩૨)ને પણ 'દશરથિયું' કહે છે. આ પંખીનું એક બચ્ચું ગુજરાત પ્રકૃતિ મંડળના સંગ્રહસ્થાન માટે ભાઇ ખરાદી લાવ્યા હતા પણ દુર્ભાગ્યે એ ઝાઝો વખત જીવ્યું નહિ.

2 Fam. Strigidae

3 Order: Raptores

4 Order: Insessores, Fam. caprimulgidae.

નિશાચર પંખીઓ પેઠે પાંખોના ફડફડાટ સિવાય.

ભારતવર્ષમાં દશરથિયાની આઠેક જાતો થતી હશે એમાંની બે ગૂજરાતમાં જોવામાં આવી છે. એક Indian Nightjar[૫] અને બીજી Franklin's Nightjar[૬] આમાંની પહેલી જાત અમદાવાદની આસપાસ નજરે પડી છે; પણ બીજી જાત માટે મને કાંઇ અંગત માહિતી નથી, છતાં એ ડીસા બાજુ થાય છે એટલું તો હું જાણું છું.

(૧)

સામાન્ય દશરથિયું

નરમાદાનાં રૂપ રંગ ઉપર દર્શાવ્યાં તેવાં જ કાબરચીતરાં, કોયલની માદાને મળતાં છે. કદમાં નાનું છતાં દેખાવે પણ એને મળતું આવે છે. ફેર હોય તો માત્ર મોની ફાડમાં. દશરથિયાનાં જડબાં વચ્ચે લાંબુ ગોદડું હોય તો પણ રહી શકે એટલું વિશાળ એ હોય છે, જ્યારે કોયલ એટલું પહોળું મો ફાડી શકતી નથી. દશરથિયું રહ્યું નિશાચર એટલે એની આંખો મોટી વિશાળ અને ચમકતી અંગારા જેવી લાલ બદામી. ચાંચ નરમ, સુકોમળ અને ધૂળમાંથી જીવાત ઉપાડી ખાવાના ઉપયોગ પૂરતી સબળ પણ ખૂબ ટૂંકી. પગ નિર્બળ અને ટૂંકા. એને ત્રણ આંગળાં આગળ અને એક પાછળ. વચલું આગળું અતિશય લાંબું: એને છેડે કાંસકીના જેવા દાંતાવાળો મોટો નહોર. પગની આવી વિચિત્રતાને લીધે એનાથી ઝાડ પર, ડાળી પકડીને અન્ય પંખીઓ પેઠે આડું બેસી શકાતું નથી. એ ઝાડ પર બેસે ત્યારે ડાળીના છેડા ભણી મોં કરીને ઊભું બેસે છે.

એનો આહાર જીવાત. ધૂળમાંથી વીણી લઇને કે ઊડતાં ઊડતાં હવામાંથી પકડીને મેળવે છે.

એનો અવાજ કર્કશ. બરફ ઉપર પથ્થરની ચકરડી ઘસડાતાં જેવો 'ચક્-ચક્' અવાજ થાય છે તેવો. કુદરતી બરફ મેં જોયો નથી એટલે એ ઉપર ખસની ચીકરી કેવો અવાજ કરે છે તે હું નથી જાણતો, પણ એક વખત મોઢેરા જતાં કડી સ્ટેશને રાતના અગીઆરેક વાગે મેં એને બોલતાં સારી પેઠે સાંભળેલું, તે ઉપરથી એની બોલી તાંબાના વાસણના ખણખણાટ કે ઘસવાના અવાજને મળતી આવે છે, એટલું જ હું કહી શકું.

સ્વભાવે જ વનવગડાનું ને ખેતર પાદરનું વસનારૂં છે, તોપણ મનુષ્યની વસતીની નજીક બાગબગીચામાં પણ એ નિશંક આવતું જતું રહેતું અને માળો કરતું દેખાય છે.

ગ્રીષ્મના આરંભથી વર્ષાના અંત સુધી એનું પ્રજનન ચાલે છે. એકાદ છોડવાના મૂળમાં કે અવડ ખેતરની વચ્ચે ઉઘાડમાં, પગથી જમીન ખોતરી, માળો બાંધવાની ખટપટમાં ઊતર્યા સિવાય, ખુલ્લી ભોંય ઉપર જ ૨-૩ ઇંડાં મૂકે છે; ઇંડાં હોય છે આછા ચળકાટવાળા મેલા ઘેરા લાલ રંગનાં અને ડાઘાડુઘી કે ક્વચિત ટપકાંવાળાં.

સ્વભાવે અત્યંત શાંત અને નિરુપદ્રવી હોઇ જીવાત ભક્ષક આ નિશાચર મનુષ્યને અત્યંત ઉપકારક પંખી છે.

(૨)

અન્ય દશરથિયાંનો મને પ્રત્યક્ષ પરિચય નથી, તેમ આવા નિશાચરનો સહેજે પ્રસંગ પડવાનું શકય નથી, એટલે એનું શાબ્દિક ચિત્ર આપી પરિચય કરાવવાથી કોઇ અર્થ નહિ સરે; કારણ વર્ણન ગમે તેટલું વિસ્તૃત હોય છતાં બધાંય દશરથિયાં વચ્ચે રૂપનું એટલું ગાઢ સામ્ય હોય છે કે એમને હાથમાં લઇને પીંછે પીંછું તપાસો નહિ ત્યાં સુધી એમનો પરસ્પર ભેદ નહિ સમજાય. એ વિચારથી જ એનો માત્ર નામોલ્લેખ કરી સંતોષ માનું છું.

લ કે ચર

૫ Caprimulgus asiaticus
૬ " monticolus

મેંદીનાં પાન

વગર બોલાએલા શબ્દનો તું સ્વામી છે; બોલાઇ ચૂકેલાનો ગુલામ.
બોલતાં પહેલાં બે વખત વિચાર કરીને બોલવાથી તેમાં બમણી મિઠાશ આવે છે.
તમને પોતાને તમારી જાતમાં હોય એથી વધુ વિશ્વાસ બીજા તમારામાં કદી નહિ મૂકે.
જેટલા વધુ દુર્ગુણો આપણે પગ તળે દબાવશું તેટલા વધુ ઊંચા થઇશું.
પ્રયત્ન એ બીજું કંઇ નહિ તો આળસ ઉપરનો વિજય તો છે જ.



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ પહેલું
સોળ લડવૈયા

જગતના ઇતિહાસનું દિવ્ય પાનું ઊઘડ્યું હતું. કેપની ભૂશિરથી વછૂટેલા ત્રણસો વિદ્યુત્શબ્દે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પર વજ્રપાત કર્યો હતો. ભારતના સરતાજ માનનીય ગોખલેજીને આપેલાં વચનોને દક્ષિણ આફ્રિકાની સરકારે પગતળે છૂંદી માર્યાં હતાં. એ તો ચપટીમાં આવેલા ચાંચડની જેમ હિંદી કોમને ચોળી નાખવા તૈયાર હતી. વાટાઘાટ પૂરી થઇ હતી અને હિંદીઓને લડાઇ લીધા વિના છૂટકો ન હતો. હતાશ થઇ રીબાતા રહેવા કરતા પોતાનું ખમીર બતાવી હાથે કરી રહેંસાઇ જવાનો ને ભારતમાતાની ઇજ્જત સાચવવાનો હિંદીઓએ નિર્ધાર કર્યો હતો. ફીનિક્સના આશ્રમે એ જવાબદારી ઉપાડી લીધી હતી અને પોતાના બધા બળ વડે લડાઇ આરંભી દેવાનો નિશ્ચય કર્યો હતો.

આજે કૂચનો દિવસ હતો. સવારના પહોરમાં આખું ફીનિક્સ પ્રસ્થાનની તૈયારીથી ગૂંજી ઊઠ્યું હતું. ફીનિક્સનું સૈન્ય સોળ જણનું હતું. બાપુજીએ સોળ માણસની ટુકડી વડે મહાસમર ખેલવાનો રંગ રચ્યો હતો. એ કારણી લડાઇમાં ઝંપલાવનારા લોખંડી શરીરવાળાં ન હતાં. સોળમાં ચાર તો માતાઓ હતી, જેમાં પૂજ્ય બાની તબિયત ચિંતાભરી હતી. બીજા ચાર બાળકો હતા, જેમને મૂછ ફૂટી હતી એમ પણ ન કહેવાય. સામી બાજુએ સાત સાગરના મદમાતા ધણી અંગ્રેજો અને તેમને પં લોઢાના ચણા ચવડાવનાર વલંદાઓની બનેલી સંયુક્ત સરકાર હતી. પૂરેપૂરી શસ્ત્રસજ્જ. ચાણક્ય જેવી ચકોર અને વકરેલા વાઘ જેવી નિર્દય એ સરકાર સામે બાથોડા લેવા એ ભીંતમાં માથું પછાડવા જેવું જ હતું. છતાં બાપુજીની શાખે પથ્થર પીગળાવવાનો સંકલ્પ થઇ ચૂક્યો હતો. કાળ-સિંહની બોડમાં ઘુસી જઇ વગર મુઠ્ઠી ઉગામ્યે તેના જડબામાંથી કોળીઓ છીનવી લાવવા સમું હતું. જીવ સટોસટની બાજી હતી. પરીકથા કે ઇતિહાસની વાર્તાઓ જેવી એ જગજૂની લડાઇ પણ ન હતી. એમાં શરીરે બખ્તર માથે તાંસળી કે એવો કશો યે આધાર જીવ બચાવવા માટે ન હતો. વળી કિલ્લામાં ભરાઇને કે બાણનું નાકું દબાવીને મુઠ્ઠીભર વીરોને હાથે બાજી મારી લેવા જેવી કોઇ અનેરી તક સાધી લેવાની પણ એ લડાઇ ન હતી. ખુલ્લા મેદાનમાં અણનમ ગર્દને આગળ ને આગળ ધસ્યે જવાની એ દિવ્ય લડાઇ હતી. ભારત માતાનું નાક સાચવવાનું હતું. સાચને ખાતર મરી ફીટવાનું હતું. લડવૈયાઓને એક જ આશરો હતોઃ सत्यमेव जयते।

મારી ટેવ પ્રમાણે હું ઊઠ્યો અને ઊઠતાંની સાથે ચોમેર ઘૂમા વળ્યો. ફીનિક્સનું સ્વરૂપ બદલાઇ ગયું હતું. નિશાળ બંધ, ખેતર પર કામની છુટ્ટી અને બધા પ્રવાસીઓ ઉમંગભેર ગાંસડા પોટલાં બાંધવામાં રોકાયા હતા. અમે ઇનાન્ડા ફૉલ્સની ઉજાણીએ જવા નીકળતા એ કરતાં ચોગણો ઉત્સાહ દેખાતો હતો.

બાપુજી રસોડામાં ઊભે પગે ઘણી ઝડપથી રસોઇનો ઉકેલ આણી રહ્યા હતા. પૂજ્ય બા અને મારી બાની હાજરી વિના રસોડું ખાલીખાલી લાગતુ હતું, પણ બાપુજીએ એમની ગેરહાજરીને લીધે કામ ધીમું પડવા નહોતુ દીધું. રોટલીનો ખડકલો પતાવવામાં એમની મદદમાં હું ભૂલતો ન હોઉં તો મગન કાકા હતા. ડબલ રોટીનો લોટ કુણવવાની આકરી મહેનત દેવદાસ કાકાને સોંપાઇ હતી અને હું પહોંચ્યો ત્યારે મારે ભાગે રોજનું જૂનું કામ જ આવ્યું. શાક સુધારવાનું.

રસોઇની આટલી ધમાલમાં પણ બાપુજીનું ધ્યાન સોળ સત્યાગ્રહીઓ શું સામાન સાથે લે ને શું ન લે તેની સૂચનાઓ આપવામાં હતુ. પાંચપાંચ દસદસ મિનિટે કોઇ ને કોઇ સવાલ પૂછવા આવતા અને બાપુજી ખુલાસાવાર જવાબ દેતા. જેલમાં ખપની અને ખપ વગરની વસ્તુ બતાવતા અને ભાત ભાતનો વિનોદ કરતા.

આજે વિદાયનો દિવસ હતો. લડવૈયાઓને સારૂ ઘરનું છેલ્લું ભોજન હતું એટલે બાપુજીએ જમવાનો ઘંટ વાગતાં સુધીમાં જાતજાતની રસોઈ તૈયાર કરી દીધી. રોટલી, ખીર, મસાલેદાર શાક, ટમાટાં વગેરેની કચુંબર, ખજૂરનો રસ અને કઢી ભાત ઇત્યાદિ વિવિધ વાનીઓ હોવાનો મારો ખ્યાલ છે. એ દિવસનો થાળ મેં નોંધી રાખ્યો નથી, છતાં એટલું યાદ છે કે ફીનિક્સમાં વાર તહેવારે મળતું એ દિવસથી યે વધુ સ્વાદિષ્ટ ને ગચગચતું ભોજન હોંશેહોંશે બાપુજીએ સૌને તે દિવસે પીરસ્યું. સાથેસાથે ખમી શકે એવાઓને તાણ પણ કરી કે ખૂબ ધરવ કરી લેજો. ફરી જેલમાંથી નીકળો ત્યાં સુધી આવાં ભોજન નથી મળવાનાં. અત્યારે મન ભરી લો, એટલે જેલમાં બેઠે સારૂંસારૂં ખાવા સારૂ મોઢામાં પાણી ન છૂટે. મધ્યાહ્ન પહેલાં વિનોદ અને આનંદપૂર્વક એ ભોજન પૂરૂં થયું પણ ભાણેથી ઊઠતાંની સાથે એકાએક ચોમેર ગંભીરતા છવાઇ ગઇ.

ટ્રેન સાંજે ચાર વાગે જવાની હતી. સ્ટેશને જવાને હજુ ત્રણેક કલાકની વાર હતી. ડૂબકી મારતાં પહેલાં જેમ મરજીવો ઊંડો શ્વાસ તાણે, શરીર સંકોરે અને નસેનસ અક્કડ બનાવે તે પ્રમાણે હવે સત્યાગ્રહીઓ ફીનિક્સની વહાલસોઇ ભૂમિથી વિદાય લેવાને તથા પાછળ રહેનારા વિદાય આપવાને પોતપોતાના મનને જાણે નીચોવી રહ્યા હતા. જેલ જવાની વાતો તો હળવે હૈયે રોજ ચાલ્યા કરતી પણ પ્રયાણની ઘડી સામે આવીને ઊભી રહી કે કઇ પરિસ્થિતિમાં ઝંપલાવવાનું છે તેનું આખું ચિત્ર નજરની સામે ખડું થયું. દિવસો સુધી ચર્ચાએલી વાતો તથા બાપુજીએ આપેલી સાવધાનીની સ્મૃતિ ફીનિક્સના વાતાવરણમાં પથરાઇ ગઇ.

લોહીચૂસ કાયદાઓ હિંદી કોમને વળગ્યા હોય ત્યાં સુધી સત્યાગ્રહ કર્યા કરવો. ત્રણ પાઉંડ સમો ઘાતક કર નાબૂદ ન થાય ત્યાં સુધી જેલ ગમાજ કરવું. જેમના ઉપર એ કરનો બોજો છે એ ગિરમીટિયાઓની મદદ ને ભરોસો ન હોવા છતાં તેમને ખાતર આપણે—જેઓને ત્રણ પાઉંડના કર સાથે લેવાદેવા નથી તેમણે અંત સુધી ઝૂઝતા જ રહેવું. ભલેને પછી સરકાર બે વરસ, ચાર વરસ કે આઠ વરસ સુધી પણ ઢીલી થઇ નમતું ન મૂકે. બીજી તરફથી આપણા કોઇ ભાઇઓ કંટાળી જાય, આ લડાઇ તેમને માલ વિનાની લાગે અને નાહકના ફના થવા સારૂ તેઓ સત્યાગ્રહ યુદ્ધમાં જોડાતા અટકે એટલું જ નહિ પણ આપણી આડે ઊતરે, આપણને વખોડે, તોપણ જે સોળ જણા આજે પગરણ કરે છે એમણે તો હેઠા બેસવાનું જ નથી. ફીનિક્સનું નામનિશાન રહે ત્યાં સુધી જંપવાનું નથી એની પૂરી ગણત્રી સાથે જ આજનું મંગળાચરણ કરવાનું છે એ સમજ હરેક ફીનિક્સવાસીના મગજમાં ઘેરાવા લાગી અને અંધારા ભવિષ્યની કલ્પનાએ સૌને ગમગીન કરી મૂક્યા, અથવા કહો કે, પોતપોતાની શક્તિ મુજબ અંતર્મુખ બનાવ્યા.

બે વાગતાં બધાના બિસ્તરા પોટકાં ઠેલામાં ખડકાઇ રવાના થઇ ગયાં. પછી સૌ પ્રાર્થનાની જગ્યાએ બાપુજીના છેલ્લા આશીર્વાદ લેવાને ભેગાં થયાં. એકે એકે સૌ આવી ગયા અને ખુરશી બાંકડા ભરાઇ ગયા એટલે પોતાની શાંત ગંભીર અને મીઠી વાણી વડે બાપુજીએ બધાંને વીર રસથી ભરી મૂક્યાં.

'જોજો! લાજ રાખજો, અત્યારે જેવા ઉત્સાહ અને આનંદમાં છો એવા જ ઉત્સાહ અને આનંદમાં ગમે તેટલું દુઃખ આવી પડે તો યે રહેજો. આપણો ઉત્સાહ મરણની ઘડીએ પણ તલભાર મોળો ન પડવો જોઇએ. ત્રણ મહિનાની જેલ એ તો કંઇ વિસાતની વાત નથી. એમાં તો ચેન છે. પહેરવાને કપડાં, સૂવાને પથારી, ખાવાને ખોરાક એ બધું નિયમિત મળ્યા કરશે મજૂરી કરવી પડશે, પણ એ તો આકરી લાગવી જ ન જોઇએ; આળસુને તથા એદીને એ આકરી લાગે. આપણે ક્યાં અહીં મજૂરી નહોતા કરતા? ઊલટી અહીં વધુ કરતા હતા. જો સાચી દાનતથી જરા યે આળસ કર્યા વિના મજૂરી કરશો, તમારી શક્તિ જરાય નહિ ચોરો તો દારોગાને તમારે માથે ચોકી જ શાની કરવી પડે? હું સમજું છું કે તમે જુવાનીઆઓ દારોગાનું વેણ જરા યે નહિ સાંખી શકો; તમારૂં લોહી તપી જશે. પણ એ જ આપણે વેઠવાનું છે. એ જ આપણી તપશ્ચર્યા છે. આપણાથી ક્રોધ કરાય જ નહિ. તપસ્વી ક્રોધ કરે તો તપસ્યાનું ફળ ફોક થાય. આપણે તો સંપૂર્ણ નિર્દોષતા બતાવવી. જો એ તમે બતાવશો તો દારોગાનું કહ્યું તમને વાગશે નહિ, પણ સહેજ એનું બોલ્યું સાંભળ્યું ન સાંભળ્યું તમે કરી શકશો. ખાવાની કે એવી લાલચમાં પડી કોઇને લાંચ આપવી કે ક્યાંકથી ચોરી

લેવું વગેરેમાં તમે જરાય નહિ પડો એવી મારી આશા છે. એવી વાતમાં નિર્બળ બની જશો તો ફાંસીએ ચડવાનો વારો આવ્યે તમે નિર્બળ નહિ બનો એની શી ખાતરી? તમને જુવાન બાળકોને મારી આટલી સલાહ છે. આમાં જે મોટા છે એમને તો મારે શું કહેવાનું હોય? સત્ય એ આપણો ધોરી રસ્તો છે. એના ઉપરથી ગબડી ન પડાય એટલું સાચવવાનું છે. એ સાચવતાં દુઃખસુખનાં વાદળ ઘેરાવાનાં અને છૂટાં પડી જવાનાં. સુખ જેમ હમેશ માટે નથી ટકતું તેમ દુઃખ પણ રોજ નથી રહેતું. દુઃખથી ગભરાઈ જનારને દુઃખના દિવસ લાંબા લાગે છે એટલું જ. આપણે જેમ મનને બરાબર લગામમાં રાખી, એ સત્યનો ધોરી માર્ગ નહિ ચૂકીએ તો જરૂર માનજો કે આપણી જીત છે. લાંબે લાંબે નજર કરી નિરાશ થવા કરતાં લાંબી નજર જ ન કરવી. આપણું પગલું સાચું અને અડગ હશે તો ગમે એટલા લાંબા રસ્તાનો અંત જરૂર આવવાનો.

બીજી વાત એ કે માથે દુઃખ આવી પડતાં જેલમાં ન્યાય મેળવવા પાંચ પાંચ છ છ ઉપવાસ થઈ ગયા પછી મન અને બુદ્ધિ હાથમાં નહિ રહે ત્યારે તમને થશે કે આપણે શા માટે બીજા માટે દુઃખ ભોગવીએ છીએ? આપણને બહાર શું ઊણું છે કે નકામી આ લપમાં પડીએ છીએ? ત્રણ પાઉંડનો કર ક્યાં આપણે માથે છે? આપણે ક્યાં ટ્રાંસવાલ જવું છે? નાતાલમાં નિરાંતે બેઠા હતા ત્યાંથી અહીં ક્યાં આવી ભરાણા? આવા અનેક તરંગો ઊઠશે. પણ એવા વિચાર ક્ષણભર પણ આપણને છાજે નહિ. આપણે ઘણી વાર નરસિંહ મહેતાનું પદ ગાઈએ છીએ એમાં પહેલી વાત જ એ છે ને, કે "પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે" એ વૈષ્ણવજન. આપણામાંથી ઘણાના ગળામાં કંઠી છે. આપણે વૈષ્ણવ જન્મ્યા છીએ. આપણો ધર્મ છે કે પારકાંને દુઃખે દુઃખી થવું. બીજાંને દુઃખે દુઃખી થવા સિવાય, એમના કષ્ટમાં ભાગ લીધા સિવાય આપણે વધુ કંઈ નથી કરી શકતા. પારકાનું તો શું પણ આપણા સગાભાઈનું દુઃખ દૂર કરવું એ આપણા હાથની વાત નથી. દુઃખ દૂર તો ઈશ્વર કરે છે. જે વાત ઈશ્વર કરે છે, જેમાં આપણાથી તલભાર આઘુંપાછું નથી થઈ શકતું એમાં આપણે શા માટે અભિમાને ફુલાવું જોઈએ? ભરતજી નંદીગ્રામમાં શા માટે જઈને રહ્યા હતા? એમને અયોધ્યામાં શું દુઃખ હતું? કંઈ ન હતું. પણ રામ વનવાસનાં દુઃખ સહે ત્યારે એનાથી કેમ નિરાંતે સેજ પર સૂઈ શકાય? જ્યારે મનમાં સહેજ પણ શંકા આવે, દુઃખથી નાસવાના તરંગોમાં પડી જવાય ત્યારે આ બધી વાતો જે રોજ આપણે રામાયણમાં વાંચી છે અને ભજનોમાં ગાઈ છે એનો ખ્યાલ કરવો. એ વચનોમાં હેતુ શો છે એ શોધતા રહેવું તો રામ તમારી વહારે દોડી આવશે અને તમારા હૈયામાં વસશે; અંતરમાં ખૂબ બળ આવશે અને એ જ શક્તિથી પારકાને દુઃખે હસતે ચહેરે મરવામાં પણ તમે પાછી પાની નહિ કરો.'

આટલું કહી, છેવટે મારી બા વગેરેને સંબોધીને બાપુએ કહ્યું કે 'તમે છોકરાંઓને છોડીને જાઓ છો તેઓની ઈશ્વર કાળજી કરશે. તમારે એમની જરાયે ચિંતા ન કરવી. ત્યાં જેલમાં બેઠે રામનું રટણ કર્યા કરો અને પ્રસન્ન રહી તમારી ફરજ સંભાળો એટલે બસ. છોકરાંઓ પણ અહીં પ્રસન્ન રહેશે અને ગેલ કરશે. બસ, હવે પહેલાં 'વૈષ્ણવ જન' અને પછી 'સુખ દુઃખ' એ બે ભજન બધાં સાથે મળીને ગાઈ લો અને પછી આપણે નીકળીએ.'

મારી બાએ એક પછી એક ભજન ઉપાડ્યું. તેની પાછળ પાછળ બધાનો કંઠ ભળ્યો. અનેક ગળાં ગદ્ગદિત થયાં. પચીસ ત્રીસ જણનો એકત્ર અવાજ પણ શાંત અને નાનો રહ્યો. આખા ઓરડાનું વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું. ભજનો ગવાઈ રહેતાં બાપુજીએ છેવટનો આદેશ આપ્યો: 'આ બંને ભજનો તમારા ભાતામાં બાંધજો, એનું રટણ કર્યા કરજો અને એ સમજી લઈ એ પ્રમાણે વરતજો.'

થોડી વાર બધે શાંતિ પથરાઈ ગઈ. કોઈ કોઈની સામે જોતું ન હતું. સૌ જાણે પોતાના ઊંડાણને ભાળતાં બેઠાં હતાં. અનેક વીરોની—લડવૈયાઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મારા જેવા બાળકની આવે વખતે માતૃમંડળ તરફ નજર જાય એ સ્વાભાવિક જ હતું. મેં જોયું કે પૂજ્ય બા, મારી બા અને મારી કાકી દરેકે મહામહેનતે પોતાની આંસુની ધારાઓને ખાળી રાખી હતી.

પણ આ કરુણામય વાતાવરણમાં બધાં દુઃખી થાય એ કેમ પોસાય? પાંચેક મિનિટ બધાં સુમસામ બેસી રહ્યાં ત્યાં તો બાપુજીએ ધીમેધીમે એ વાદળ વિખેરી નાખ્યું. બએક વર્ષની નાની રૂખીને તેમણે મારી કાકી પાસેથી લઈ લીધી અને માથા વિભૂતી પડતાં એ રડે નહિ એટલા માટે તેને રમાડવા લાગ્યા. રૂખી તો રમતે ચડતાં ચડી, પણ બાપુજી એને હસાવવા લાગ્યા એ સાંભળી બધાને ગળે બાઝેલો ડૂમો છૂટી ગયો અને એક પછી એક ખુરશી ઉપરથી ઊભા થઈ સૌ સ્ટેશને જવા તૈયાર થઈ ગયાં.

સોળે જણાને વળાવવા બાકી બધાં સ્ટેશને જવા તૈયાર થયાં. છાપાનું, ઘરનું, ખેતરનું કે રસોડાનું કામ આજે કોઈને રોકી રાખી ન શક્યું. એક સત્યાગ્રહીને વિદાય આપતાં યે હૈયું હાથ ન રહે, તો આજે તો ફીનિક્સ લગભગ ખાલી થવાનું હતું. પાછળ રહેનારામાં બાપુજી અને મગનકાકા સિવાય અમે બાળકો જ હતાં. મોરચો લેનારા વીરોની નામાવલિ આમ હતી:

બહેનો: ૧. પૂજ્ય કસ્તુરબા ૨. કાશીબેન (મારી માતા) ૩. સંતોકબેન (મારી કાકી) ૪. જયાકુંવર (રંગૂનવાળા દા. પ્રાણજીવનદાસનાં પુત્રી). પુરુષો: ૫. પૂ. શ્રી પારસી રૂસ્તમજી શેઠ ૬. શ્રી છગનલાલ ખુશાલચંદ ગાંધી ૭. શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલ ૮. શ્રી મગનભાઈ હરિભાઈ પટેલ ૯. શ્રી સૉલોમન રૉયપન ૧૦. શ્રી ગોવિંદસ્વામી રાજુલુ કુમારો: ૧૧. શ્રી શિવપૂજન બદ્રી ૧૨. શ્રી રાજુ ગોવિંદુ. કિશોરો: ૧૩. શ્રી રામદાસ મોહનદાસ ગાંધી ૧૪. શ્રી રેવાશંકર રતન શીરોછા ૧૫. શ્રી કુપ્પુસ્વામી મુદ્દલીઆર ૧૬. શ્રી ગોકળદાસ હંસરાજ.

આ સોળ જણા સિવાય ફીનિક્સના બીજા કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ હતા, પણ તેઓ આ પહેલા જથામાં ન હતા. પહેલો જથો ગયા પછી બીજો જથો તૈયાર થવાનો હતો. સૌનો ખ્યાલ એવો હતો કે મોટામાં મોટો જથો તો આ જ છે; પછી છૂટાછવાયા બેપાંચ જણ જેલ ભેગા થઈ જશે ને આ સૌ ગણ્યાગાંઠ્યા વીરોને જ વારેવારે જેલમાંથી નીકળી પાછા જેલ જવાનું રહેશે. કોઈ વિશાળ ભવ્ય મોરચાની ઝાંખી કલ્પના યે અમારામાં ભાગ્યે જ કોઈને હતી.

(ચાલુ) પ્રભુદાસ છગનલાલ ગાંધી

Our Friends Abroad

પરદેશોમાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો (ગતાંકથી ચાલુ)

Vraj Babu (19)

P. O. Box No. 181, MOMBASA (AFRICA).

આફ્રિકામાં વસતો આ તરુણ હિંદમાંથી કોઈ પણ તરુણ કે તરુણી જોડે પત્રવ્યવહાર બાંધવા ઇચ્છે છે. બીજા દેશોમાં પણ પત્રવ્યવહાર કરે છે.

S. C. Aiyar

African Chronicle Printing Works

45 Agnes Road, DURBAN, Natal (AFRICA)

Mr. Francis Weber (16)

106, Dorothy Street SYRACUSE, N. Y. (U. S. A.)

ટિકિટો સંઘરવા સાથે માઇક્રોસ્કોપી, ટેલીસ્કોપી, કેમિસ્ટ્રી વગેરે વિષયોમાં રસ ધરાવે છે. લખે છે કે 'With the world as it is to-day this friendship plan is the great plan to promote world-peace.'

Mr. Clayton Ryder

COTUIT Mass. (U. S. A.)

એક નવી યોજના

'કુમાર'ના ઘણા વાચકોને પરદેશથી પત્રોના જવાબ મળ્યા હશે. આ વિભાગને બને તેટલો રસમય બનાવવાની મારી ઇચ્છા છે, માટે તેઓ જો પોતાના પત્રો કાર્યાલયને સરનામે મોકલી આપશે તો તેનો સારભાગ 'કુમાર'માં પ્રગટ કરવામાં આવશે. પત્રો સહીસલામત રીતે પાછા મળી જશે. મને મળેલા Miss Janet Haskellના એક પત્રનો સાર નીચે આપું છું.

'મને હિંદમાંથી ઘણા પ્રેરણાત્મક પત્રો મળવા લાગ્યા છે. હિંદ અને અમેરિકાનો સંબંધ ગાઢ બને એવી મારી ઇચ્છા છે. વ્યક્તિગત ગમે તેવા વિચારોમાં દોરવાઈ જઈ અમારા વિષે ગેરસમજુતી કરતા નહિ. અમે જાણીએ છીએ કે હિંદ એ પ્રાચીન સંસ્કૃતિનો દેશ છે, અને જ્ઞાનમાં વિશાળ અને સમૃદ્ધ છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં દરેક જગ્યાએ શાળાઓ છે, જ્યાં કેળવણી મફત ને ફરજિયાત છે. સૌકોઈ આનો લાભ લે છે.

અમારાં માબાપ અમારા સંસ્કાર પાછળ ખૂબ લક્ષ આપે છે. લગ્ન સામાન્ય રીતે ૨૨ વર્ષ પછી હોય છે, પરંતુ સારા હોદ્દાવાળી સ્ત્રીઓ ભાગ્યે જ પરણે છે. અમારી લખવાની રીત કદાચ તમને ફેરફારવાળી માલૂમ પડે, તોપણ અમને તમારાં મિત્ર જ સમજજો.'

તમારા પત્રો બીજાને ખૂબ માર્ગદર્શક અને પ્રેરણાત્મક થઈ પડશે. આ વિભાગમાં તમે સારો ફાળો પણ આપી શકશો.

ભૂલતા નહિ: (૧) તમારા કાગળનું વજન ટિકિટોના પ્રમાણમાં વધી ન જાય; (૨) પોતાનું આખું નામ જ આપજો, ઇનીશીઅલ (પ્રથમાક્ષરો) નહિ. વિનોદ પાઠક

પંચતંત્રની વાર્તાઓ

સિંહ કહે, 'ભદ્ર. આ સ્થિતિમાં એને ચેતવણી આપીએ તો?'

દમનક કહે, 'ના રે ના. એમ તો એ આપણું વધારે બગાડે.'

સિંહ કહે, 'એ ઘાસાહારી છે તે આપણું માંસાહારીનું શું બગાડતો'તો?'

દમનક કહે, 'હરિજી, એ સાચું. તે ભોજ્ય છે ને આપ ભોક્તા છો, તો પણ જો તે પોતે અનર્થ ન કરે તો યુક્તિથી બીજા આગળ કરાવે. વાત એમ છે કે આપ નિત્ય મદોન્મત્ત હાથીપાડાસૂઅર હારે યુદ્ધ કરો ને ઘાયલ થાઓ અને આ સંજીવક સદાય આપની પાસે વસે ને ત્યાં જ છાણમૂત્ર કરે, તેમાં કીડા થાય તે આપના ઘામાં પડી જાય તો મારી દિએ. અને કહ્યું છે કે

આશરો ન કદી દેવો અજ્ઞાતકુલશીલને ।
પાપે માકણને કેવી મુઇ મન્દવિસર્પિણી ॥૨૭૪॥

પિંગલકે કહ્યું, 'એ કેમ?' તેણે કહ્યું.

કથા ૧૨

એક રાજાની ક્ષીરસાગરના ફીણ જેવી ધોળી સેજમાં મન્દવિસર્પિણી નામે ધોળી જૂ વસતી હતી. રાજાના લોહીનો સ્વાદ કરતી તે ત્યાં બહુ દિવસ સુખેથી રહી. પણ એક દિવસ એ શયનમાં અગ્નિમુખ નામે માકણ ભમતો ભમતો આવી ચડ્યો, એને જોઇને જૂનું મોઢું પડી ગયું ને તે બોલી, 'અરે માકડભાઇ, તું આ અયોગ્ય વાસમાં ક્યાંથી આવ્યો? જા અહિંથી.' એ બોલ્યો, 'આર્યે, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્રનાં અનેક પ્રકારનાં રુધિરો મેં ચાખ્યાં છે, પણ તે મને લૂખાં ને ખારાં લાગ્યાં છે, પણ જે આ સેજનો



ચંડરવ કૂંડામાંથી નીકળતાં વાદળી રંગનો થઈ ગયો એટલે કૂતરાઓએ એને છંડ્યો નહિ

સૂનારો છે એનું શોણિત તો અમૃતથી યે ચડિયાતું હશે. રાજવૈદ્યો એના શરીરમાં વાત, પિત્ત કે શ્લેષ્મ એ ત્રણ દોષમાંથી એકેને કોપવા નહિ દેતા હોય, ને એને માત્રે નરવો રાખતા હશે. ખાંડ, ગોળ, દાડમ, અને સૂંઠ, મરી તથા પીંપરની કટુત્રયી ખાનારા આ પુરુષનું લોહી તો રૂષ્ટપુષ્ટકારી રસાયનનું કામ કરે. તે હું તો જ ચાખી શકું જો તમે પ્રસન્ન થાઓ. આવો, બેસો, શું સમાચાર છે, અતિદૂબળા લાગો છો, તમારા મોટા પગ આવ્યાં વચનથી ઘેર આવેલા અસાધુનો પણ આદર કરવો જોઈએ. ત્યાં તમે મને આમ તગડી મૂકો ને એકલાં એકલાં રાજાનું રક્ત જમો તે તમને ન છાજે. માટે મને એક રાત જ રહેવા દેજો.'

મન્દવિસર્પિણી કહે, 'ઠીક, પણ રાજાને નિદ્રા આવી જાય પછી તારે ડંખવું.'

અગ્નિમુખે હા પાડી, પણ રાજા જાગતો હતો ત્યાં જ એ તેને કરડ્યો. રાજાએ સેવકોને બોલાવીને સેજ જોવરાવી, ત્યાં અગ્નિમુખ તો હડી કાઢીને પલંગની તડમાં વહી ગયો, પણ મન્દવિસર્પિણીને શુરપાલે જોઈ અને મારી નાખી.

એટલે હું કહું છું, 'આશરો ન કદી' ઇત્યાદિ.

વળી કહ્યું છે,

સગાને દૂર રાખીને પારકાને સગા કરે।
તે મૂર્ખો નાશ પામે છે નીલવર્ણ શૃગાલવત્ ॥૨૮૨॥

પિંગલક કહે, 'એ કેમ?' તેણે કહ્યું.

કથા ૧૩

ચંડરવ નામે શિઆળ હતો, તે ભૂખનો માર્યો નગરમાં પેઠો. નગરવાસી કૂતરા એની વાંસે લાગ્યા, એટલે ભયભીત થઈને એક રંગારાના ઘરમાં ઘર્યો અને ત્યાં ગળીના રસથી ભરેલા કૂંડામાં પડી ગયો. એમાંથી નીકળ્યો તો વાદળી રંગનો થઈ ગયો હતો. એટલે કૂતરાઓએ એને છેડ્યો નહિ, અને એ જંગલમાં પહોંચી ગયો. એને જોઈને સિંહ, વાઘ, દીપડા, વરૂ આદિ વનવાસીઓ ભયવ્યાકુલચિત્તે પલાયન કરે છે ને કહે છે, 'જેની ચેષ્ટા કુળ કે પરાક્રમ જાણતા ન હોઈએ એનો વિશ્વાસ ન કરવો, એટલે ભાગો. ચંડરવે એને કહ્યું, 'પશુઓ, મને જોઈને કાં ત્રાસો? મને વનદેવતાએ આજ સર્જીને કહ્યું, 'પશુઓનો કોઈ રાજા નથી, એટલે તારૂં કકુદ્રુમ નામ પાડીને તારો વનરાજ્યાભિષેક કરૂં છું તું ભૂતલ ઉપર જા, ને બધાને પાળ.' એટલે હું આવ્યો છું. અને તમે બધાં પશુ મારી છત્રચ્છાયામાં લહેર કરો.' એટલે સિંહ, વાઘ આદિ પશુઓ, 'સ્વામિન્, પ્રભો આજ્ઞા કર' એમ કહેતાં એના પરિવારમાં આવ્યા. સિંહને એણે અમાત્યપદવી દીધી, ને વાઘને શય્યાપાલ, દીપડાને તામ્બૂલાધિકારી તથા વરૂને દ્વારપાલ બનાવ્યા, પણ પોતાનો સજાતીય જે શિઆલ તેની હારે તો વાત જ ન કરી, ને તેને કાઢી મૂક્યા. જાતે દિવસે એકવાર ચંડરવ સભામાં બેઠો હતો ત્યાં તેણે દૂર બોલતા શિયાળનો કોલાહલ સાંભળ્યો, અને જાતિ સ્વભાવને કારણે પોતે પણ તાણીને બોલવા મંડ્યો. કૂતરો રાજા થાય તો પણ જોડા ચાંટ્યા વિના કેમ રહે? એટલે આ તો શિઆળ જ છે એમ સિંહ વગેરે વર્તી ગયા ને એને મારી નાખ્યો.

એટલે હું કહું છું: 'સગાને દૂર રાખીને' ઇત્યાદિ.

(ચાલુ) **વાલજી ગોવિંદજી દેસાઈ**

બાળ જોડકણાં

વશરામ ભૂવાને ધૂણાવી દ્યો

કૂબિયા વચ્ચે લીમડો
રોવા બેઠો ભીમડો
ભીમાભાઇનાં આંસુ
તડતડ વાગ્યું તાંસુ
તાંસા ઢોલ ઢમઢમ
બાવો બોલે બમબમ
બમ બાવા પૂજા કર
પાણીના તું કુંજા ભર
કુંજો ભરતાં ફૂટ્યો
ચાલતાં મારગ ખૂટ્યો
મારગ વચ્ચે ઓરડી
ગામ આવ્યું ચોરડી
ચોરડી ગામનો કૂવો
ધૂણે વશરામ ભૂવો

ગુલાબસિંહ બારહઠ

આ મહિનો (જુલાઈ) . . અને એની પ્રતિભા

તા. ૧ કૅનેડાનું ફેડરેશન અસ્તિત્વમાં આવ્યું ઈ. ૧૮૬૭ ● ● ઇરાક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્ય થયું-ઈ. ૧૯૩૦

તા. ૨ મીરજાફરના પુત્ર મીરને બંગાળના હતભાગી નવાબ સિરાજુદ્દૌલાનું ખૂન કર્યું-ઇ. ૧૭૫૭

તા. ૪ ફિલાડેલ્ફિયા મુકામે અમેરિકન સ્વાતંત્ર્ય જાહેર થયું-ઇ. ૧૭૭૬ ● ● રેડિયમની શોધક માદામ ક્યુરીનું અવસાન-ઇ. ૧૯૩૪

તા. ૭ વૉરન હૅસ્ટિંગ્સે કાશી પર ચડાઇ કરી ત્યાંના રાજા ચૈતસિંહને કેદ કર્યો-ઇ. ૧૭૮૧

તા. ૮ '૫૭ના વિગ્રહ બાદ હિંદમાં શાંતિની જાહેરાત થઇ-ઇ ૧૮૫૯

તા. ૯ હિંદીઓને જ્યુરીમાં બેસવાનો હક્ક મળ્યો-ઇ. ૧૮૨૭

તા. ૧૧ ચીન અને જાપાનના ચાલુ વિગ્રહની શરૂઆત-ઈ. ૧૯૩૭

તા. ૧૪ ફ્રાન્સના મજૂરોએ બાસ્તિલનું કારાગૃહ તોડ્યું-ઇ. ૧૭૮૯ ચાર્લ્સ જેમ્સ ફૉક્સ એ મહાન પ્રસંગ પર લખે છે, 'How much the greatest event it is that ever happened in the world! And how much the best!'

તા. ૧૫ મૉરોક્કોમાં ફ્રેન્ચ સત્તા સામે રીફ લોકોનો બળવો-ઈ. ૧૯૨૧

તા. ૧૭ અંગ્રેજો ને ડચો વચ્ચે મસાલાના વેપાર અંગે સંધિ-ઇ. ૧૬૧૯

તા. ૨૦ લૉર્ડ કર્ઝને આસામ અને પૂર્વ બંગાળનો નવો પ્રાંત બનાવી બંગાળના ભાગલા પાડવાની જાહેરાત કરી, જેના વિરોધમાં કલકત્તા ટાઉન હૉલમાં તા. ૭મી ઑગસ્ટના રોજ મળેલી સભાએ સ્વદેશી ને બહિષ્કારની ચળવળ ઉપાડવાનો નિર્ણય કર્યો-ઇ. ૧૯૦૫

તા. ૨૪ બાસ્સો જેટલા ગ્રંથોના લેખક મહાન ફ્રેન્ચ નવલકથાકાર ઍલેક્ઝાંડર ડુમાનો જન્મ-ઇ. ૧૮૦૨

તા. ૨૭ હિંદની કૉમ્યુનિસ્ટ પાર્ટી ગેરકાયદેસર જાહેર થઇ-ઈ. ૧૯૩૪

તા. ૩૦ લૉર્ડ કૉર્નવૉલિસે બીજીવાર ગવર્નરજનરલનું પદ સંભાળ્યું-ઇ. ૧૮૦૫

તા. ૩૧ પ્રોટેસ્ટંટ પંથના લ્યુથર જેટલો જ કૅથોલિક પંથના પુનરુદ્ધારમાં ફાળો આપનાર ખ્રિસ્તી સંત ઇગ્નૅશિયસ લોયોલાનું અવસાન-ઇ. ૧૫૫૬ ● ● ફ્રાન્સે જર્મનીને તમામ રૂહર પ્રદેશ ખાલી કરી આપ્યો -ઇ. ૧૯૨૫



આ માસની વિભૂતિ
કરસનદાસ મૂળજી

હિંદુ સમાજના આ નીડર સુધારકનો જન્મ ઈ. ૧૮૩૨ના જુલાઇની ૨૫મી તારીખે થએલો. નાનપણમાં મા મરી જતાં કાકીને ત્યાં ઉછર્યા. ૨૧ની વયે એલ્ફિન્સ્ટન ઈન્સ્ટીટ્યુશનમાં દાખલ થયા. તે વખતથી જ સુધારા માટે ખમવું ને મથવું શરૂ કર્યું.

જ્ઞાનવર્ધક મંડળીની જાહેરાત પરથી એ અરસામાં પુનર્વિવાહ પર એમણે એક પ્રબંધ લખતાં કાકીએ કાઢી મૂક્યા ને તેમને નોકરી શોધવાની ફરજ પડી એ સાથે 'રાસ્તગોફ્તાર'માં હિંદુ સુધારા પર કલમ ચલાવવા માંડી ને 'બુદ્ધિવર્ધક સભા'માં યે દાખલ થઇ, 'દેશાટન' પરના નિબંધથી પંકાયા.

ઇ. ૧૮૫૫માં 'સત્યપ્રકાશ' શરૂ કર્યું. ગોકળદાસ તેજપાળ સ્કૂલના હેડમાસ્તર તરીકેની સારી નામનાથી હોપ સાહેબે ડીસા બોલાવ્યા, પણ બીમાર પડતાં દસ મહિનામાં નવી નોકરી છોડી દીધી.

એ વખતે વૈષ્ણવ ધર્મમાં એટલો અધર્મ ચાલતો હતો, કે 'વૈષ્ણવો અન્ય માર્ગીઓ સાથે પોતાના પંથની વાત કરતાં પણ લાજતા હતા.' એવામાં બ્રાહ્મણોએ ભૂલેશ્વરનો છપ્પનભોગ કર્યો તે સામે વૈષ્ણવ મહારાજોએ ફતવો બહાર પાડ્યો કે શિવપ્રસાદ ખાનારા પતિત છે. આખા હિંદુસ્તાનના બ્રાહ્મણો આથી ઉકળી ઊઠ્યા, સમજુ વૈષ્ણવો પણ તેમની સાથે ભળ્યા ને એ અવસર સાધી ધર્મની રક્ષા કરવા ઊભા થએલા મહારાજોના અધર્મનાં એક પછી એક લોપાળાં કરસનદાસે બહાર પાડી, 'વલ્લભપંથને જડમૂળથી ઉખેડી નાખવાના મહા જોરાવર હુમલા કરવા માંડ્યા.' કરસનદાસના જીવનનું સર્વોપરિ મહત્કર્મ એ જ હતું. એ વડે જ વિલાયત સુધી એ પ્રખ્યાત થયા હતા. અને ૧૮૬૦ના ઑક્ટોબરનો એમના સામેનો 'મહારાજલાયબલ કેસ' તો જાણીતો છે જ.

વિલાયતની એમણે બે સફરો કરેલી. એ સારૂ નાત બહાર પણ મૂકાએલા, પણ છેવટ સુધી તેની પરવા નહોતી કરી. બીજી વારની સફર બાદ રાજકોટમાં ડે.આ.પો. એજન્ટ નીમાયા. ત્યાંથી 'પાખંડ ધર્મ ખંડન' નામના જૂના સંસ્કૃત નાટકનો તરજૂમો બહાર પાડી મહારાજો પર ફરી ઘા કર્યા. 'વિજ્ઞાન વિલાસ' નામનું ચોપાનિયું પણ એમના ઉત્સાહથી જ ઊભું થએલું.

રાજકોટથી તેઓ લીંબડી ગયા ને ત્યાં જ ૧૮૭૧ના ઑગસ્ટની ૨૮મી એ અવસાન પામ્યા. અવસાનના થોડા વખત અગાઉ લીંબડીની ધનિક વિધવા ધનકોરનાં મુંબાઇના આબરૂદાર વેપારી માધવદાસ રૂગનાથદાસ સાથે લગ્ન કરાવી સુધારાનો જય બોલાવ્યો હતો. એ જોદ્ધા માટે સ્વ. નવલરામભાઈ જેમ આપણે યે ઇચ્છીએ કે 'આ દેશમાં એવા ઘણા શૂરવીરો થાઓ, સત્યને સારૂ મથો, દુઃખ ખમો ને મથી મથીને આ દેશનો પાછો જીર્ણોદ્ધાર કરો.'



માધુકરી


આખાયે આભે તારાના
લાખ લાખ દીવા મૂકી
સૂતેલાં માનવહૈયામાં
વિભાવરી શોધે ઝૂકી
યુગોયુગોથી ન લીધે જેહ
હજુ સુધી એવો એ સ્નેહ

—પિનાકિન્ ઠાકોર

રાહુલ સાંકૃત્યાયન

એક ધર્મપ્રચારક જેને ઉત્તરીય સિવાય ધાર્મિક પરંપરાનો કશો આડંબર નહિ; એક વિદ્વાન જેણે સર્વ વિદ્યાઓમાં ડૂબકી મારી માત્ર નાસ્તિકતાને જ ગ્રહણ કરી છે; સાહિત્યમાં રહેતાં જેને રાજનીતિનો મોહ છે અને છતાં રાજનીતિમાં અગ્રેસર થતાં જેને ઘૃણા છે; ઇતિહાસને મુડદાંઓનું ક્ષેત્ર કહી જીવતાઓની વચમાં વસવાની લાલસાથી જે રશિયા દોડ્યા ને ત્યાંથી મર્મવ્યાઘાત લઈ જે પાછા મુડદાંઓના દેશમાં વળી આવ્યાં; પ્રકાંડ વિદ્વાન, સ્વતંત્ર વિચારક ને સાંસ્કૃતિક ક્રાન્તિના ઉગ્ર નેતા; જાણીજોઇને સાપની ફેણ પર પણ પગ મૂકી દે એવા ધૂની—આવી વિચિત્રતાઓના આગાર તે રાહુલ સાંકૃત્યાયન.

પરંતુ એ વિચિત્રતાઓ નથી; એ તો એમના વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાં છે; એ એવી શક્તિનો બહુમુખ સ્રોત છે, જે ચારે બાજુથી મનુષ્યની ગુલામીની દીવાલ તોડવા મથે છે પરંતુ આંતકદ્રોની ભૂલભૂલામણીમાં અટવાઈ જેના



પ્રહારનો વેગ ધારી ચોટ નથી આપી શકતો. આજથી લગભગ બત્રીસ વર્ષ પૂર્વે સર્વ સાંસારિક સુખોનો મોહ છોડી આજમગઢના કનૈલા ગામથી નાકળી પડેલા એ બાળકના દિલમાં કેવળ વૈરાગ્યની જ આગ નહોતી; એક એવી અનિર્વચનીય જ્વાલા પણ હતી જે કોઇ દિવસ રાજકુમાર (સર્વાર્થ) ના દિલમાં જળેલી, જે પ્રત્યેક યુગના મહામાનવોના દિલમાં જળતી રહે છે. અને એ જ્વાલાએ એમને કદી સ્થિર થવા નથી દીધા મળેલી સિદ્ધિથી સંતુષ્ટ ન થતાં 'હજી આગળ, હજી આગળ' કહેતા એ આગળ વધતા જ રહ્યા છે. વૈરાગ્યના માર્ગમાં હાથ જોડતી આવેલી મઠની સંપત્તિને છોડી તે આગળ વધ્યા. પોતાની આંતરિક પિપાસા બુઝવવા કાશીમાં દર્શનોનો અભ્યાસ કર્યો, મદ્રાસ જઈ વૈષ્ણવ આગમોમાં ડૂબ્યા, પરંતુ શાંતિ ન મળી. એમને એ વસ્તુ જોઇતી હતી, જે માત્ર દેવતાઓની ગુલામીથી કદી હાંસલ ન થઈ શકે.

આગળ વધી તેઓ લંકા પહોંચ્યા. બે વર્ષની કઠોર તપસ્યા કરી બૌદ્ધ દર્શનોનું મંથન આદર્યું ને પહેલી જ વારં માયાપુત્ર ગૌતમના ઉપદેશોએ રાહુલજી (ત્યારે વૈષ્ણવ રામોદરદાસ) નો માયાપાશ છેદી નાખ્યો. એમને પ્રતીતિ થઇ કે માણસનો વૈયક્તિક ઈશ્વર (Personal God) કોઇ દિવસ હોઇ શકે નહિ; પોતાનાં કર્મો સિવાય માણસ કોઇને અધીન નથી; અને માણસની મહત્તા એમના મનમાં ચમકી ઉઠી.

બૌદ્ધ દર્શનોની એ તૃષા એમને ઠેઠ તિબેટ લઇ ગઈ. ને ત્યાંનાં મઠોમાંથી દોઢસોએક એવા તો બહુમૂલ્ય ગ્રંથો એ લાવ્યા છે કે સ્વ જાયસવાલજીના કથન મુજબ એવા એક ગ્રંથનો ઉદ્ધારક પણ ઇતિહાસમાં અમર બની જાય. પૃથ્વીભરના પ્રાચ્યવિદ્યાવિશારદો એમના પરિશ્રમ પર વિસ્મય કરી રહ્યા છે. ધર્મકીર્તિના 'પ્રમાણવાર્તિક'ને તો તિબેટના મઠોમાંથી હિંદમાં આણી એમણે બૌદ્ધ દર્શનના ઇતિહાસમાં જાણે ક્રાન્તિ આણી દીધી છે. આ પરિશ્રમ ઉપર જ રશિયાનો પ્રો. શેરબાત્સ્કી એ મહાગ્રંથોનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજી તેમને ઐતિહાસિક મહત્ત્વ આપવા ને રાહુલજીનું સંમાન કરવા આજે તૈયાર થાય છે.

પ્રસન્ન આકૃતિ, હોઠ પર આંતર આનંદની ઉલ્લસિત રેખા, બાહુદષ્ટતાથી ચમકતી આંખોવાળો, પીળા ફલાલીનથી આવૃત્ત રાહુલજીની દેહયષ્ટિ નખશિખ પ્રતાપવાન છે. સમય અને શ્રમ કરતાં કોઇ વસ્તુનું મૂલ્ય એમને મન અધિક નથી. અને પોતાની મહત્તા છુપાવવાની બાબતમાં તો એ એવા પટુ છે કે એમની સાથે ઘૂમતાં કે વાતચીત કરતાં તમને ક્લ પણ ન પડે કે ઐતિહાસિકોમાં એક યુગવિધાયક પુરુષ સાથે તમે ઘૂમી રહ્યા છો, જેના હૃદય અને મસ્તિષ્કમાં ભારતની તમામ પ્રાચીન વિદ્યાઓ ઘર કરી ગઇ છે અને જે પરાજિત બની સમસ્ત રાષ્ટ્રના કલ્યાણમાર્ગની શોધમાં છે.

જોતજોતામાં રાહુલજીએ હિંદીના બૌદ્ધ સાહિત્ય ભંડારને પાલી સિવાયની જગતની સર્વ ભાષાઓને મોખરે મૂકી દીધો છે. આ અજસ્ર શક્તિનું રહસ્ય શું છે? ઉત્તર કઠિન છે. સંકલ્પની દઢતા ને કામ કરવાની અતૂટ શક્તિ; એ સિવાય શો જવાબ આપી શકાય? એમની લંકાથી તિબેટ યાત્રાની કલ્પના તો કરો! માત્ર સો રૂપિયા સાથે છે. પાસપોર્ટ નથી મળતો. નેપાલમાં ઘુસે છે. ત્યાંની સરકાર શિવરાત્રિ બાદ કોઇ ભારતીય નેપાળમાં ન રહી જાય એની ચોકસી કરે છે. રાહુલજી એક આખો મહિનો એક કોટડીમાં પુરાઈ રહે છે ને પછી એક રાતે નાસી છૂટે છે હિમાલયની પાર એમનો કોઇ મિત્ર નથી, પરિચિત નથી. ચોરીછૂપીથી ઓઘટઘાટ થઇ, દુર્ભેદ્ય અરણ્યને ચીરતા, દુર્ગમ શિખરોને ખૂંદતા, એકલા જ હિમાલય પાર કરી એ તિબેટ પહોંચે છે ને ત્યાંથી માત્ર આટલું લખે છે,

'પ્રિય આનંદ! વન્દે.

કાર્યં વા સાધયેયમ્
શરીરં વા પાતયેયમ્

તમારો રામોદરદાસ.'


આ બે પંક્તિઓ બતાવે છે કે દુનિયામાં રાહુલજી માટે કશું અસંભવિત નથી. ખરેખર, એવા પરાક્રમી પુરુષને ઈશ્વરની આવશ્યકતા પણ નથી રહેતી. આજે યે એમની અધ્યયનશીલતા અપરિમેય છે. દુર્ભાગ્યે ક્યારેક તાવ આવી જાય તો એમના ભોજનને વાંધો આવે છે, પણ અધ્યયન તો ચાલુ જ રહે છે.

મેંદીનો ગુણ લાલી ને અગ્નિનો ગુણ તાપ છે, તેમ જ રાહુલજીના સ્વભાવની સૌથી પ્રમુખ વિશેષતા વિચારસ્વાતંત્ર્ય છે. એમની દષ્ટિએ તર્કથી જે સમજાય તે ગ્રાહ્ય અને તેથી પરનું બધું ત્યાજ્ય છે. ધર્મ, રાજનીતિ, સાહિત્ય સઘળાંમાં એ ગણિત જેવી સ્પષ્ટતા ઇચ્છે છે. જીવનમાં બુદ્ધિ સામે ભાવનાને એ કશું સ્થાન નથી આપતા. જ્યાં બુદ્ધિ થાકી જાય છે ત્યાં બેસી જવામાં જ એમને સંતોષ છે, કારણ એમનો દઢ વિશ્વાસ છે કે ભાવના જે અસ્પષ્ટ સ્વપ્ન પ્રત્યે સંકેત કરતી રહે છે એ વિશાળ ભ્રમ સિવાય કશુ જ નથી.

જિબ્રાલ્ટર

યુરોપનો પૂર્વ અને પશ્ચિમનો જળમાર્ગ સાચવતો ને ઉત્તર દક્ષિણના ભૂમિખંડો પર આધિપત્ય ભોગવતો જિબ્રાલ્ટરનો ખડક બ્રિટિશ ટાપુઓ બહારની બ્રિટનની સૌથી જબરી કિલ્લેબંદીથી પ્રખ્યાત છે. કશી વનસ્પતિ વિનાનો, ૧૪૦૦ ફૂટ ઊંચો એ ખડક સમૃદ્ધિની દષ્ટિએ કંઈ નાવીન્ય નથી ધરાવતો ને સ્પેન કે સ્પેનિશ મૉરૉક્કોમાંથી તેની ખોરાકીની આયાત અટકે તો વસતિને ભૂખે જ મરવાનું રહે. એક છેડાથી બીજા છેડા સુધીના બે માઇલની લંબાઈ પર માત્ર બે જ મુખ્ય રસ્તા છે. પશ્ચિમે યુરોપા રોડ ને પૂર્વમાં હર્બર્ટ માઈલ્સ રોડ.

યુરોપ ને આફ્રિકા ખંડ વચ્ચેની સામુદ્રધૂનિમાં એક છેડે સ્પેનની મુખ્ય ભૂમિથી જોડાઇ બીજે છેડે મૉરૉક્કોની સન્મુખ લાંબો પડેલો આ ખડક પ્રાચીન કાળમાં મૉન્સકાલ્પી નામે ઓળખાતો હતો. ફીનીશિયનોને તેની ભાળ હતી, પણ તેનો કબજો મેળવવા તેમણે પ્રયાસ નહોતો કરેલો.



ભૂમધ્ય સાગરના મુખદ્વારે ઊભેલો બ્રિટનનો સંગી જિબ્રાલ્ટર: (ઉપર) તેનો ખડક (નીચે) વિહંગદૃશ્ય

આફ્રિકાએ એને અને સામે કાંઠે આવેલા સેન્ટા ખડકને હર્ક્યુલિસના થાંભલા તરીકે ગણેલા, જેની નીચે નર્ક આવેલું હોવાની તેમની માન્યતા હતી. ભૂસ્તરશાસ્ત્રીઓ વળી કહે છે કે એક કાળે ત્યાં નીઆન્ડરટાલ નામની પ્રાચીન માનવજાતિનો અધિવાસ હતો. ત્યાંની સેંટ મિરોલ ગુફામાંથી તેની ખોપરીના અવશેષો પણ હાથ લાગેલા છે, જે જિબ્રાલ્ટર મ્યુઝીઅમમાં સંઘરાએલા છે.

પરંતુ જિબ્રાલ્ટરનો વાસ્તવિક ઇતિહાસ તો ઇ ૭૧૧થી શરૂ થાય છે. એ સાલના એપ્રિલની દસમી તારીખે મૂર સેનાનાયક તારીક ઇબ્ન સૈયદે તે કબજે કર્યું ને તેના પર એક કિલ્લો બાંધ્યો. ત્યારથી એ ખડક જબલ તારીક (તારીકનો પર્વત) તરીકે ઓળખાવા લાગ્યો, જે પરથી તેનું આધુનિક નામ જિબ્રાલ્ટર ઊતરી આવ્યું છે. આજે તારીકનો બંધાવેલો કિલ્લો 'મૂરિશ કૅસલ' તરીકે ઓળખાય છે.

એના લાંબા ઇતિહાસકાળમાં આ ખડકે ઘણા ઘેરાના અનુભવ લીધા છે. પહેલો ઘેરો ઇ. ૧૩૦૯માં બેઠો, પણ ઇ. ૧૪૬૨નો ઘેરો સફળ થયો ને મૂરો પાસેથી એ સ્પેનિયર્ડોના હાથે ગયો. ઈ ૧૫૫૨માં ચાર્લ્સ પાંચમાએ એને ફરતી દીવાલ બાંધી, પણ ૧૭૦૪ના જુલાઈની ૧૦મી તારીખે 'સ્પેનિશ સક્સેસન'ની લડાઈ વખતે ઍડમિરલ સર જ્યોર્જ રૂકે ૧૮૦૦ અંગ્રેજો ને ડચોના સૈન્ય વડે ત્રણ જ દિવસના ઘેરામાં તે જીતી લીધો. ઇ ૧૭૦૬ની ફેબ્રુઆરીની ૧૭મી તારીખે ઇંગ્લંડની એન રાણીએ તેને 'ફ્રી પોર્ટ' તરીકે જાહેર કર્યો, પણ પછી ૧૭૧૩ની યુટ્રેક્ટની સંધિથી તેનો સંપૂર્ણ કબજો ગ્રેટબ્રિટનને મળ્યો.

પણ જિબ્રાલ્ટરનો સૌથી વિખ્યાત ઘેરો તો સૌથી જબરો ને સૌથી છેલ્લો ૧૭૭૯–૧૭૮૩નો ઘેરો છે, જ્યારે ફ્રેંચ ને સ્પેનિશ ૪૦૦૦૦ના સંયુક્ત સૈન્યે ખડક પરના ૯૦૦૦ના સૈન્યનો ઘેરો ઘાલેલો. એ વખતે કિલ્લાની રખેવાળી જનરલ ઇલીઅટ (પાછળથી લૉર્ડ હીથફીલ્ડ)ના હાથમાં હતી ને એ રખેવાળી એણે એવી સાવધપણે કરી કે તે 'Cock of the Rock' તરીકે ઓળખાયો. અત્યારની કિલ્લેબંદીના શ્રીગણેશ એને જ આભારી છે.

આ ખડક ઉપર માત્ર બ્રિટિશ પ્રજાજનને જ જવા દેવામાં આવે છે, અને તે પણ અમુક રસ્તા પર, કારણ જ્યાં ને ત્યાં નોટીસો ચોડેલી છે ને તેની પાછળ જબરા સરંજામો ગોઠવાએલા છે.

સભાની સભ્યતા

આજે બીજા કોઈ પણ સાધન કરતાં સભામંડળીઓ જ્ઞાનસંપાદનના ઉત્તમ સાધનની ગરજ સારે છે. એવી સભાઓનો પ્રચાર છે તેથી યે વધુ થવાની જરૂર છે, કારણ અનભિજ્ઞ લોકોનું માનસ ઘડવામાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે. પણ એ સાથે એ ભૂલવું ન જોઇએ કે સભા એ એક જાતની જ્ઞાનપીઠ હોઇ, બીજા કોઇ પણ જ્ઞાનપ્રદ સ્થાને જેવી અને જેટલી સભ્યતા જાળવવાની જરૂર હોય છે એટલી જ ત્યાં હોય છે. એટલે તે માટેની આ થોડી સૂચનાઓ માર્ગદર્શક થઈ પડશે.

પહેલું તો એ કે કોઇ પણ સભામાં જવાનું થતાં મુકરર સમયથી થોડો વખત અગાઉથી પહોંચી જવું. એથી બેસવા માટે મનપસંદ જગ્યા મળી શકે એટલું જ નહિ પણ મુકરર સમયે સભાની કાર્યવાહી ચાલુ કરવાનું યે સરળ બને. તે છતાં કદાચ મોડું થઈ જાય તો હળવે જઇને એવી રીતે ગોઠવાઇ જવું કે પોતાના આગમન પ્રત્યે બીજા કોઇનું ધ્યાન ન ખેંચાય. વળી બેઠા બાદ કંઈ બોલીને કે કશી ચળવળ કરીને બીજાનું લક્ષ ન ખેંચવું.

બીજું, સભામાં બોલવા કરતાં સાંભળવાની અધિક તૈયારી રાખીને જવું, કારણ પોતે પ્રવચન કરવું એ બીજાઓને શાણપણ આપવાનો પ્રયત્ન છે જ્યારે સાંભળવું એ જાતે શાણા બનવાનો. જો કે બંને પ્રયત્ન સ્તુત્ય જ છે, પરંતુ તેમાં બીજો પ્રકાર વધુ વિવેકભર્યો છે. કોઇ કવિએ કહ્યું છે કે, 'ઇશ્વરે આપણને મોઢું એક જ આપ્યું છે જ્યારે કાન બે આપ્યા છે તે એટલા જ માટે કે બોલવું થોડું પણ સાંભળવું પુષ્કળ', એમાં જરા યે ખોટું નથી.

છતાં તમારે બોલવાનું હોય તો ચાલતા વિષય પરના તમારા વિચારો બીજા કોઇએ ન જણાવ્યા હોય તો જ તમારો વારો આવ્યે બોલવા. ભાષા ખૂબ સરળ વાપરવાનો પ્રયાસ કરવો અને તેમાં બોલી ગએલા કોઇ વક્તાથી મતવિરોધ હોય તો તે બીજાઓનું મન ન દુખાય એ રીતે દર્શાવવો, એટલે કે પોતાનો મત જાહેર કરવાનો જ તેનો હેતુ હોવો જોઇએ, બીજાઓના મતના ખંડનનો નહિ. વળી બોલતી વખતે શબ્દોના ભારતોલ વિચારીને જ તેમનો ઉપયોગ કરવો ને આત્મશ્લાઘાથી હમેશાં દૂર રહેવું.

સભામાં કોઇથી વાદ ન કરવો. વાદ થવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં મૌન જાળવવું. 'વાદે વાદે જાયતે તત્ત્વબોધ' એ ઉક્તિ ઠીક છે, પણ એ તત્ત્વબોધ તો શાંતપણે, પ્રમાણ દાખવી, ક્રમ જળવાય તો જ થાય નહિતર વૈમનસ્ય તો નીપજે જ છે.

સભામાં ચાહે તે વક્તા બોલવા ઊભો થયો હોય પણ એનું વક્તવ્ય એકધ્યાને સાંભળવું. એના તરફ દુર્લક્ષ કરવું એ એનું અપમાન કર્યા બરાબર છે.

અને છેલ્લી સૂચના એ કે સભા વિસર્જન થતાં તેની કામગીરીને માત્ર તાત્કાલિક મનોરંજન ન ગણી લેતાં તેના પર મનન કરો, તેમાંથી કયાં નવાં તત્ત્વો તમે મેળવ્યાં તેનો ક્યાસ કાઢો.

એક નકશા પાછળ સો વરસ

હિંદુસ્તાનની ખનિજસંપત્તિ અને તેની પૃષ્ઠરચનાના જાણીતા રંગીન નકશા પાછળ એક મહાન આત્મભોગ રહેલો

છે. છતાં એ પ્રકરણ હજુ સમેટાયું નથી. આજ ૯૪ વર્ષની સતત મહેનત છતાં એ નકશો સંપૂર્ણ થયો નથી.

હિંદી સરકારે ઈ. ૧૮૪૧માં પહેલવહેલું 'જ્યૉલૉજિકલ સર્વે ડીપાર્ટમેન્ટ' ખોલ્યું. ગંગા નદી પર દોડતી સ્ટીમરોને એ વખતે દેશી કોલસા પર જ નભવું પડતું. એટલે આ ખાતાને પહેલું જ કામ તેવાં ક્ષેત્રોની મોજણી કરવાનું આવ્યું. મિ. એચ. ડી વિલિયમ્સ નામના ભૂસ્તરજ્ઞે તે કામ હાથમાં લીધું, પણ જંગલોની રખડપાટોથી લાગુ પડેલા તાવે (Jungle fever) ત્રણ વર્ષમાં જ તેની જિંદગીનો અંત આણ્યો.

પણ એનું મૃત્યુ ભવિષ્ય માટે અત્યુત્તમ વારસો મૂકતું ગયું. રાણીગંજ, રામગઢ ને કરણપુરના કોલસાના વિસ્તારોની તેણે મોજણી કરેલી. તેની પછી પાછા એ જ કામ માટે ચાર જણ નીમવામાં આવ્યા, પણ તેમાંના બે વિલિયમ્સના મોતે જ મૂઆ ને બીજા બેને એટલી નબળાઈ આવી ગઈ કે તેમને હળવા ખાતામાં બદલાવવામાં આવ્યા.

૧૮૫૧માં ડૉ. ટૉમસ ઓલ્ડહૅમ એ ખાતાનો ડીરેક્ટર નિમાયો. એ ખૂબ ખડતલ હોઈ તેણે પોતાના કાર્યમાં પૂરતી શ્રદ્ધા રાખી હતી. જો કે એને પણ આખરે તો તબિયતને જોખમે નિવૃત્ત થવું પડ્યું, પણ મૅલેરિયા અટકાવવા ક્વીનાઈનની શોધ પણ નહોતી થઈ કે હિંદની છાતી પર રેલવેના પાટા પણ નહોતા ખૂંચ્યા ત્યારે ભીનાં જંગલોમાં એ અને એની સાથેનાં ૩૨ માણસોએ એવું કામ ઉપાડવાની લીધેલી જવાબદારી કાંઈ ઓછું સાહસ નહોતી. એ બત્રીસમાંના નવ તો તાવથી જ માર્યા ગએલા ને આઠને લથડેલી તબિયતે રજા લેવી પડી હતી.

ત્યાર પછી પણ એ ખાતાએ ઓછો ભોગ નથી આપ્યો. હવે તો જોઇતાં બધાં સાધનો હસ્તગત થઈ શકે એમ છે, છતાં યે આ નકશો ઇ ૧૯૪૫ પહેલાં પૂરો થાય એમ નથી.

આઇસલૅન્ડના બે ટુકડા થાય છે

'કુમાર'ના ૧૭૩મા અંકમાં જે દેશનો પરિચય આપી ગયો એ આઇસલૅન્ડ ધીમે ધીમે બે ટુકડામાં વિભક્ત થતું આવે છે એવું કેટલાક ભૌતિકશાસ્ત્રીઓને માલૂમ પડ્યું છે. એ આખા ટાપુમાં ઇશાન ખૂણાથી તે વાયવ્ય ખૂણા સુધીમાં સીધી રેખામાં અનેક ફાટો પડી ગઇ છે, જે જમીનમાં ખૂબ ઊંડે ઉતરેલી છે. એની આજુબાજુ કેટલાક જ્વાળામુખીઓ આવેલા છે ને તેમનું પડબંધારણ જોતાં જણાય છે કે ધીમે ધીમે ત્યાંની ભૂમિની ઊંચાઇ પણ ઘટતી આવે છે.

હવે વિજ્ઞાનીઓ આ આખો વિસ્તાર ('crack zone') તપાસવામાં રોકાયા છે ને થોડાં જ વર્ષોમાં એ પોતાનો નિર્ણય જાહેર કરશે. જો ભૂમિ ખસતી જણાશે તો આલ્ફ્રેડ વૅગનરે ખંડોના ખસવા (continental drift)નો જે સિદ્ધાંત રજૂ કર્યો છે તેને નવો ટેકો મળશે.

અમાનુષી પાદચિહ્નો



આ પગલાં જોયાં? આબેહૂબ માણસના જેવાં લાગે છે ને? છતાં એ માણસનાં નથી! એ પગલાં તો ભૂસ્તરવિજ્ઞાનીઓના અભિપ્રાય મુજબ, ૨૫ કરોડ વર્ષ પરનાં છે, જ્યારે પૃથ્વી પર માણસ પેદા પણ નહોતો થયો, ડિનોસાર પણ પેદા નહોતાં થયાં ને પૃથ્વીની પ્રાણિસૃષ્ટિ માત્ર જળચરો ને થોડાં ઘણાં પ્રાથમિક સરી જીવોમાં જ સમાપ્ત થઇ જતી.

પહેલવહેલાં કેન્ટુકીમાંથી આ પગલાં મળ્યા પછી બીજે ઘણે ઠેકાણેથી મળ્યાં છે. એ બધી છાપો દ્વિપાદ હોઇ, માનવાનું રહ્યું કે એ પ્રાણી બે પગાળું હશે ને જળચર જ હશે, એટલે જ્યાંથી એ છાપો હાથ આવી છે તે બધો ભાગ એક વખત સાગરકાંઠે હશે.

એક કરતાં વધુ એવી છાપો મળતાં યુનાઇટેડ સ્ટેટ્સના નૅશનલ મ્યુઝીઅમના પુરાકલ્પવિદ્યા (Paleontology)ના ક્યૂરેટર મિ. ચાર્લ્સ ડબલ્યુ. ગિલ્મોરે જૂનાં વૈજ્ઞાનિક પ્રકાશનો ઉથલાવવા માંડ્યાં તો ૧૮૨૨ના 'અમેરિકન જર્નલ ઑવ સાયન્સ'માં સેન્ટ લૂઇ નજીકના ખડકો પરનાં એવાં પગલાં પરની નોંધ મળી આવી. પણ એમાં એને માનુષી ગણાવ્યાં હતાં, જ્યારે વાસ્તવિકતઃ એ અમાનુષી છે.

હાથી વિષે વધુ

હાથીના મુખ્ય વર્ગો તો બે જ છે. આફ્રિકન અને હિંદી (સવિસ્તર વર્ણન માટે જુઓ 'કુમાર'નો ૧૭૫મો અંક). સિયામના ધોળા હાથી (Albinos)નો સમાવેશ હિંદી વર્ગમાં અને પશ્ચિમ આફ્રિકાના વામન હાથીનો આફ્રિકન વર્ગમાં જ સમાવેશ થઈ જાય છે.

આફ્રિકાનો હાથી જમીનપરનાં સઘળાં પ્રાણીઓમાં કદાવર ને છથી આઠ ટન જેટલા વજનનો હોય છે. હિંદી હાથી કદમાં નાનો હોય છે, પણ તેનું ભાંડું ને ખભા ખૂબ ભરાવદાર હોય છે ને વજનમાં ક્યારેક આફ્રિકન હાથીને યે ટપી જાય છે. તેની પૂછડીને છેડે ને કપાળે થોડાક વાળ હોય છે. આફ્રિકાના હાથીનું માથું ઢળતું ગોળાશ પર હોય છે, જ્યારે હિંદી હાથીનું સહેજ ચપટું ને ખાંચદાર હોય છે.

હાથીની ચામડી એક ઇંચ જેટલી જાડી હોય છે. તેની નજર બહુ ટૂંકી હોય છે, ને કહેવાય છે કે તેર ફૂટ ઉપરના અંતરે આવેલો પદાર્થ ગતિમાન હોય તો જ તે જોઇ શકે છે.

એનાં દંતૂશળ આખી જિંદગી સુધી વધ્યા જ કરે છે. ઘણી વખત તો એ એટલાં ભારે થઇ જાય છે કે હાથીને તે ક્યાંક ટેકવી ગરદનના સ્નાયુઓને આરામ આપવો પડે છે. ૧૩૦ રતલ જેટલા વજનના દંતૂશળવાળો હાથી ટોળાની સાથે સાથે રહેવા પણ અશક્તિમાન છે ને એ નબળાઇને કારણે શિકારીઓનો સહેલો શિકાર થઇ પડે છે. જો કે એના આહારોપાદાનના અર્થે કંદમૂળ ખોદવા માટે તેનો ઉપયોગ કરતાં રહેતાં તે ઘસાતાં રહે છે. આફ્રિકાનો હાથી મોટે ભાગે એક દંતૂશળથી જ જમીન ખોદે છે એટલે બીજા દંતૂશળ કરતાં તે બહુ ઘસાએલો રહે છે. એમાં જ ક્યારેક દંતૂશળ ભાંગી પણ પડે છે.

મોટે ભાગે આ હાથીઓ નરમાદા મળી ચાળીસ ચાળીસનાં ટોળામાં રહે છે ને માનવેતર બીજા કોઈ પણ પ્રાણીથી ઉચ્ચ સમાજવ્યવસ્થા ધરાવે છે.

અગ્નિભોમ

છ હજાર માઇલ લંબાઈના દખ્ખણ અમેરિકાના આખા ખંડ ઉપર નજર કરી જાઓ ત્યારે તેને છેક તળીએ મેગેલનની સામુદ્રધૂનિની દક્ષિણે એક વિચિત્ર દ્વીપસમૂહ નજરે પડશે. ઇ. ૧૫૨૦માં પહેલા જગતસફરી મેગેલને એ શોધેલો. એ ટાપુઓ તે દખ્ખણ અમેરિકાના ગિરિરાજ આન્ડીઝની સમદરશાયી બનેલી હારમાળાની ટોચો જ છે. સ્પેનિશોએ એ દ્વીપસમૂહને નામ આપ્યું છે, 'ટેરા ડેલ ફ્યુએગો' જેનો અર્થ થાય અગ્નિભોમ.

દખ્ખણ ધ્રુવના સમવર્તી વાયરાની આ ભૂમિ દુર્ગમ જંગલોથી છવાએલી છે. છતાં કશું ધાન્ય પાકી શકે એવી આબોહવા તો નથી જ. ઠેઠ ડીસેમ્બરમાં—એ ભૂમિના મધ્ય ઉનાળામાં યે બરફનાં તોફાનો ત્યાં નવાં નથી. કુદરતની નાફરમાનીએ પોતા પરનો સઘળો જ અંકુશ જાણે અહીં ફગાવીને ફેંકી દીધો છે. ભીષણ તોફાનો, કરાળ ઠંડી, લાચાર એકાકિતા ને અસહાય ભૂખમરો--જીવનનિભાવ સામેની સઘળી દુષ્કરતાઓ અહીં એક સ્થળે જોવા મળે.

છતાં કેટલાક સાહસબાજો એ ભૂમિ પર જઇ વસ્યા છે. એ ઉપરાંત એના દક્ષિણ ભાગમાં યામાના નામની એક પ્રાથમિક જાતિ પણ વસે છે. હોડકાં એ એ જાતિની અનિવાર્ય અસ્કયામત છે ને આ પરિસ્થિતિમાં ફરજિયાત તેને સારંગ બનવું પડ્યું છે. સ્ત્રી હોડકાને પાઢવા બેસે છે ને પુરુષ ભાલા કે ગદા વડે શિકાર મેળવે છે.

તાંબા જેવા રંગના ને એસ્કિમોને મળતા આ યામાના લોકોના મુકામ આથી સદા અસ્થિર હોય છે. વળી એ લોકો એટલા સ્વતંત્ર ખવાસના હોય છે કે બીજી તમામ પ્રાગ-ગિક જાતિઓમાં જે મુખ્યત્વે જણાય છે તે સરદાર કે રાજાપદનો એમનામાં સર્વથા અભાવ છે. મળેલો શિકાર છાવણીમાંના સઘળા સમભાગે વહેંચી લે છે. ધર્મ કે તેના ક્રિયાકાંડોના સોંગ એમનામાં હજી નથી પ્રવેશ્યા. કોઇ મરી જાય છે ત્યારે 'તે ગયો' એમ જ તેઓ કહે છે ને તેના હોડકાના બે કકડા કરી તેની તમામ વસ્તુઓનો નાશ કરી નાખે છે.

પણ આજની ગોરી સભ્યતા જ્યાં જ્યાં ઘૂસે છે ત્યાં ત્યાં જે કચ્ચરઘાણ વાળે છે તે અનુસાર આજથી પોણોસો વરસ પર એ દ્વીપસમૂહ પર ૨૮૦૦ જેટલી વસતિ વિલસતી તેને બદલે આજે તેની સંખ્યા ભાગ્યે જ ૫૦ની રહી હશે.

કેટલાંક વિશેષનામોના ઉચ્ચાર

'કુમાર'ના આગલા એક અંકના છેલ્લા પાના પર પરદેશી વિશેષનામોના ઉચ્ચારમાં આપણાથી થતી ભૂલો પ્રત્યે લક્ષ દોર્યું છે. અહીં એવા થોડા વધુ દાખલા સંઘર્યા છે.


સાધારણ રીતે 'મુસૉલિની'ના ઉચ્ચારમાં આપણે ત્રીજા અક્ષર પર ભાર મૂકીએ છીએ, પણ ખરી રીતે પહેલા અક્ષર પર મૂકવો જોઇએ. વળી તેનો જમાઈ Ciano જે ઇટાલીનો પરદેશમંત્રી છે તેનો ઉચ્ચાર સિયાનો નહિ પણ 'ચાનો' થવો જોઇએ. એવી જ રીતે પ્રખ્યાત માનસશાસ્ત્રીઓ Freud તથા Jung ના ઉચ્ચારો અનુક્રમે 'ફ્રૉઇડ્'અને 'યૂંક' તથા એકસ કિરણોના શોધક Rontgen નો સાચો ઉચ્ચાર 'રંગન્' છે.

Mooreનો ઉચ્ચાર જેમ 'મોર' થાય છે તેમ જ Roosevelt નો ઉચ્ચાર 'રોઝવેલ્ટ' થાય. Elgin અને Gillett એ નામોમાં g નો ઉચ્ચાર સદા 'ગ' થાય છે. બીજાં અંગ્રેજી વિશેષનામો લઇએ તો 'Gower'નો 'ગોર' 'Hawarden' નો 'હાર્ડેન', 'Maughm' નો 'મૉમ' ને 'Urquhart' નો 'અર્કાર્ટ' ઉચ્ચાર થવો જોઇએ.

રોગનું ઘર હિંદુસ્તાન

રોગ	વરસે મૃત્યુ સંખ્યા
કોલેરા	૧,૬૦,૦૦૦
શીતળા	૧,૦૫,૦૦૦
મૅલૅરીઆ	૧૦,૦૦,૦૦૦
મરકી	૧૩,૦૦૦
રક્તપિત્ત	૧૦,૦૦,૦૦૦
ક્ષય	૫૦,૦૦,૦૦૦
દમ	૫,૦૦,૦૦૦
અતિસાર	૨,૮૦,૦૦૦
જુદા જુદા તાવો	૩૬,૦૦,૦૦૦

એ ઉપરાંત નાસુર જેવા ભયંકર, તથા બીજા નાના નાના તો કેટલાયે રોગોની હસ્તી છે.



નવા નુસખા

વગર શાહીએ કાગળ પર તમે મનધાર્યું લખાણ લખી શકો એવો અજબ આ નુસખો છે; ને એમાં ઝાઝી કડાકૂટ પણ નથી. માત્ર બે જ રસાયણો જોઇએ. કૉપર સલ્ફેટ અને પોટાશિયમ ફેરોસાયેનાઇડ. પહેલાં તો એ માટે રફ સપાટીનો તથા પાણી તરત શોષી શકે તેવો કાગળ લો. પછી તેના પર પહેલાં કૉપર સલ્ફેટ અને પછી પોટાશિયમ ફેરોસાયેનાઇડનો બારીક ભૂકો કપડાના કકડા વડે ઘસો. બંને રસાયણો ને પસંદ કરેલા કાગળમાં ભિનાશ સહેજ પણ ન આવે એ ખાસ ખ્યાલમાં રાખવું. આમ તૈયાર થએલા કાગળ પર લખવું કે છાપવું હોય તો માત્ર પાણીમાં બોળેલી કલમ કે ભીંજવેલી વાદળી પર દબાવેલો રબર સ્ટૅંપ તેના પર ચલાવો એટલે તરત લખાણ ફૂટી નીકળશે.

નવી કેડીઓ

વર્ધાની યોજનાએ ઉદ્યોગની કેળવણી તરફ આપણું ખાસ લક્ષ ખેંચ્યું છે, એવે વખતે એક સૂચન ઉપયોગી થઈ પડે એવું છે. સામાન્ય રીતે શાળાઓનાં પુસ્તકાલયોમાં કાવ્ય, વાર્તા કે ઇતિહાસનાં પુસ્તકોનો ગંજ ખડકવામાં આવે છે, પણ ઉદ્યોગો ઉપરનાં પુસ્તકોને ત્યાં અસ્પૃશ્ય માનવામાં આવે છે. આથી તેઓની મહાનમાં મહાન મહત્ત્વાકાંક્ષા સરસ કવિ, નાટ્યકાર કે તત્ત્વચિંતક બનવાની થાય છે. પણ હવે આ નવું દૃષ્ટિબિંદુ મળ્યા પછી દરેક શાળા, તેમજ દરેક જાહેર પુસ્તકાલય પણ, એવી પ્રતિજ્ઞા જ લઈ લે કે દર વખતે મંગાવવાનાં પુસ્તકોની કુલ કીમતમાંથી અમુક ચોક્કસ ટકા (બારો કે પંદર)ની કીમતનાં પુસ્તકો વિજ્ઞાન કે ઉદ્યોગ ઉપરનાં હોવાં જ જોઇએ, તો વર્ધાની યોજનાનો સંદેશો ઝીલી શકે એવી પ્રજા ઘડી શકીએ. —હ.

વિકસતું વિજ્ઞાન

મોટરોની શોધ થતાં રબરનો ઉપયોગ અનેકગણો વધી ગયો છે ને આજે તેની ઉત્પન્નના લગભગ ૭૫ ટકા એ જ ઉદ્યોગ પાછળ ખરચાય છે. રબરનો મુખ્ય ઉત્પાદક પ્રદેશ દક્ષિણ અમેરિકા છે ને ૧૯૦૫ની સાલ સુધી તો તેની ઉત્પન્નમાં બ્રાઝિલ સૌથી મોખરે રહેલું, પણ ત્યાર પછી તેનું એ મહત્ત્વ ઓચિંતું ઓગળી ગયું. કારણ, ૧૮૭૬માં વિકહામ નામનો એક અંગ્રેજ બ્રાઝીલથી એનાં ૭૦,૦૦૦ જેટલાં બીઆં હિન્દુસ્તાન આણવામાં સફળ નીવડ્યો ને ત્યારથી પૂર્વમાં તેનું વાવેતર પથરાયું.

પણ પૂર્વના એ આધિપત્યને તોડવા જર્મની કટિબદ્ધ થયું ને તેના ત્રણ વિજ્ઞાનીઓ હૅરિસ, મૅથ્યુસ ને હૉફમાંન રબર પરના અખતરા પાછળ મંડ્યા. એમણે શોધી કાઢ્યું કે ‘આઇસોપ્રિન’ એ રબરનું માતૃતત્ત્વ (mother substance) હતું પછી તો તેઓ એ તત્ત્વની ખોજ પાછળ મંડ્યા, ને ચૂનો, કોલસો, પાણી ને હવામાંથી એ ખોળી કાઢી તેની સહાયથી કૃત્રિમ રબર ‘બુના’ ઉપજાવી કાઢ્યું. આ બુના રબરના બધા ગુણધર્મો અસલ રબર જેવા જ છે. મુશ્કેલી માત્ર એ છે કે એની બીજી બનાવટો માટે અસલ રબર માફક એ અન્ય પદાર્થો જોડે જલદી મિશ્રિત નથી થતું. પણ બીજી બાજુ અગ્નિથી અભેદ્યતાનો એનો ખાસ ગુણ તેનામાં નથી છે.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

આપણી ચામડીમાં રહેલાં છિદ્રોની સંખ્યા ૨૫ લાખ છે.

શિયાળા કરતાં આપણા વાળ ને નખ ઉનાળામાં વધુ વધે છે.

આપણા લોહીમાં જેમ કાર્બન ડાયોક્સાઇડ વધુ તેમ શ્વાસ જોરથી ચાલે છે.

આપણને એકાએક થતી લાગણીઓથી જે પરસેવો વળે છે તે ઠંડો હોય છે.

卐

આપણા દેશનું ક્ષેત્રફળ આખી દુનિયાના ક્ષેત્રફળના ૩·૫ ટકા છે, એટલે કે રશિયા સિવાયના આખા યુરોપ જેવડું.

આપણા દેશમાં કુલ ૨૫૭૫ શહેરો અને ૬,૯૬,૮૩૧ ગામડાં છે.

આપણા દેશના કુલ વિસ્તારના ૩૯ ટકા નાનાં મોટાં ૫૬૨ દેશી રાજ્યોએ રોકેલ છે ને તેમાં ૨૩ ટકા વસતિ છે.

આપણા દેશમાં કામ કરતા લોકોનું પ્રમાણ સૈકડે ૪૫·૫૨ ટકા છે, જ્યારે બાકીના એ કામ કરનારા પર જીવનારા છે.

卐

આપણી પૃથ્વી સૂર્યની આસપાસ સેકન્ડના ૧૮$\frac{1}{2}$ માઇલની ગતિથી ઘૂમે છે

આપણી પૃથ્વીનો વિષુવવૃત્ત પાસેનો વ્યાસ ૨૪,૮૯૦ માઇલ છે, જ્યારે મધ્યવ્યાસરેખા (diameter) ૭,૯૨૬ માઇલ.

આપણી પૃથ્વીનું ક્ષેત્રફળ ૧૯૬,૫૫૦,૦૦૦ ચોરસ માઇલ છે, જેમાં ૧૪૧,૦૫૦,૦૦૦ ચોરસ માઇલ તો પાણીએ રોકેલા છે.

જાગેલું બંડ શમાવવા ચીનના એક બાદશાહે પોતાના સેનાપતિને રવાના કરી તાકીદ આપી કે 'સૌનો નાશ નહિ થાય ત્યાં સુધી મને ચેન નહિ પડે.' પછી બંડખોરો શરણે આવ્યા એટલે બાદશાહે તો તેમને મોટી મિજબાની આપી. સેનાપતિએ આવેશપૂર્વક પૂર્વ વચન યાદ દેવડાવ્યું એટલે તે હસતો-હસતો બોલ્યો,'મેં તો શત્રુઓના નાશનું કહ્યું હતું ને? આ હવે ક્યાં શત્રુ છે? એમનો વધ કરીને મિત્રઘાતનું પાપ વહોરું?'

અનેકાર્થી શબ્દ: **ચીતળ**=એક જાતનો સાપ, ચીતળો; લાકડાનો ફાચરો, ચિતાળ; સ્ત્રીઓની કોટનું એક ઘરેણું; ચપટી પહોળી બંગડી, પાટલી; એક જાતનું હરણ.

કહેવતોના અર્થ: 'ખાંડણીમાં માથું ને ધમકારે બીવું'—સ્વેચ્છાએ કે અકસ્માતથી, એકવાર ભયમાં આવી પડ્યા પછી તેનાથી ફફડ્યા ન કરવું. એમાંથી તો સામી છાતીએ નિર્ભીક રીતે માર્ગ જ કાઢવો રહ્યો. એવી બીજી કહેવતો: 'પૂરું કરવું કે પૂરા થવું;' 'આ પાર કે પેલે પાર;' 'શિર જાઓ કે પુલાવ ખાઓ;' 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ' ઇ.

ગણિતગમ્મત

૩૦માંથી ૧૧૧ જતાં બાકી ૯૯૯ રહે! કેવી રીતે? જુઓ:

XXX
III

999

ચોમાસામાં ભીંતનો ભેજ કબાટમાંની ચોપડીઓને અસર કરતો હોય તો તે અટકાવવા કળી ચૂનાનો એક ટુકડો કબાટમાં મૂકી રાખજો ભેજ ચૂસી લઇને તે હવાને સુક્કી રાખશે.

Arrangagliotio Natininnaynik Sysarammas Sivik-ગ્રીનલૅંડમાં પ્રસિદ્ધ થતા આ પત્રનું નામ દુનિયામાં સૌ પત્રોમાં મોટામાં મોટું છે.



શાહાનશાહ જ્યૉર્જ છઠ્ઠા અને એમનાં શાહાનશાહબાનુએ હમણાં અમેરિકાની લીધેલી મુલાકાતના સ્મરણમાં કૅનેડાએ તેમની (ઉપર) તથા તેમની બે પુત્રીઓની (નીચે) કાઢેલી ટિકિટો.

'તમે ક્યાં જન્મેલા?'
'આફ્રિકામાં.'
'કયા ભાગ?'
'કેમ, હું આખો ને આખો જન્મેલો.'

ફિલ્મનગર તરીકે વિખ્યાત હૉલીવૂડમાં દર કલાકે ફિલ્મો પાછળ ૨૫૦૦ ડૉલર ખર્ચાય છે.

દુનિયામાં નાનામાં નાનું દેડકું ક્યૂબામાં થાય છે—ત્રણ ગ્રેનના વજનનું!

કહેવાય છે કે અમેરિકા ખંડ સૌ પહેલો બ્યાર્ની હર્ગોલ્ફસન નામના આઇસલૅંડરે ઇ. ૯૮૭માં શોધેલો.

ચોમાસામાં વરસાદને લઇને ટપાલના પત્રોનાં સરનામાં છેકાઇ જતાં આપણે જોયાં છે. સરનામાં લખી રહ્યા પછી જો ઉપર મીણબત્તી ઘસવામાં આવે તો સરનામું વૉટરપ્રૂફ બને.

યુરોપમાં કોલસાની ખાણોના ૩૦ ટકા જર્મનીમાં, ૨૪ ઇંગ્લંડમાં, ૨૩ પોલૅન્ડમાં, ૭·૫ રશિયામાં, ૩·૮ ફ્રાન્સમાં છે, જ્યારે બાકીના સઘળા દેશોમાં મળીને માત્ર ૧૧·૭ ટકા જ છે.



વીજળીના ટર્મિનલના બે ભાગને ભેગા દબાવતી વેળા વચ્ચે એક ટાંકણી મૂકી દેવી ઠીક પડશે. કેમકે જો બહુ જોરથી સાથે દબાવાઇ જાય છે તો એ કનેક્ટરના વેહમાં બરાબર ફિટ થતાં નથી.

દક્ષિણ અમેરિકાનાં ઓરિયોલ પંખી છ ફૂટ લાંબા માળા બાંધે છે.

સૂકો બરફ (ડ્રાઇ આઇસ) કદી ઓગળતો નથી. ઘન સ્થિતિમાંથી સીધો વાયુરૂપ તે બની જાય છે.



હવાનાનમાપક યંત્ર બૅરોમીટર અને એનો શોધક નિસેન્સન



વંટોળ


ચિત્રકાર - કનુ દેસાઈ



સોળ લડવૈયા

(વિગત માટે જુઓ આ અંકમાં 'જીવનનું પરોઢ' માંનું એ નામનું પ્રકરણ)

સૌથી પાછલી હાર—ડાબી બાજુથીઃ કુપ્પુસ્વામી મુદલીઆર, વી. ગોવિંદરાજુલુ, શિવપૂજન બદ્રી, રેવાશંકર રતનશી સોઢા. વચલી હાર; રાવજીભાઇ પટેલ, રાજુ ગોવિંદુ, ગોકળદાસ હંસરાજ, છગનલાલ ગાંધી (લેખકના પિતા), મગનભાઈ પટેલ, રામદાસ ગાંધી, સૉલૉમન રૉયપેન આગલી હાર; એચ. કેલનબૅક, ગાંધીજી, જયાકુંવર, કસ્તુરબા ગાંધી, કાશીબેન ગાંધી, સંતોકબેન ગાંધી, પારસી રુસ્તમજી શેઠ.



ગુરુ ગોવિંદસિંહ
(કાંગરા કલમ)



'કોસનાં પાણી' ચીમનલાલ ત્રિવેદી—બીજું ઈનામ

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ બીજું ઈનામ: 'કોસનાં પાણી'—ચીમનલાલ ત્રિવેદી (નડિયાદ); ત્રીજું ઇનામ: 'હિમાલયનું વિલાસસ્થાન'—રમણીકલાલ પરીખ (ધ્રાંગધ્રા); ઉત્તેજના: 'બા! બાઉ આયો ઓ' ઓ! ઓ!'—રસિકલાલ પટેલ (વડોદરા) નોંધપાત્ર: (૧) ચીમનલાલ ત્રિવેદી (નડિયાદ) (૨)–(૩) જયકુમાર પંડ્યા (અમદાવાદ)

હરીફાઇનાં ચિત્રોની સંખ્યા આ મહિને થોડી છે અને જે છે તે ગુણોમાં નબળી છે. તે કારણે પહેલું ઈનામ મોકૂફ રાખવામાં આવ્યું છે. બીજું ઇનામ લેનાર ભાઇ ત્રિવેદીનું 'કોસનાં પાણી'નું ચિત્ર સાધારણ પણ સ્પષ્ટ દર્શન આપે છે. પરંતુ કોસ ખેંચતા ખેડુઓની નજર કૅમેરા ભણી છે, તેમજ ચિત્રના વ્યવહારમાં જોઇતું મહત્ત્વ ઉમેરી શકતા નથી, આથી આ ચિત્ર ઊંચી કક્ષામાં આવતું નથી. ત્રીજા ઈનામને પાત્ર થએલું ભાઈ રમણીકલાલનું ચિત્ર કોઇ હિમાચ્છાદિત પર્વતનું દૃશ્ય છે. પ્રિન્ટ વધારે પડતો ઘેરો છે. ચિત્ર ગોળાકારમાં બનાવવામાં આવ્યું છે તે બરાબર નથી. સોમાંથી નવ્વાણું ચિત્રો આડા કે ઊભા લંબચોરસમાં જ વધારે દીપી નીકળે છે, ચોરસ અને તેમાં યે ગોળાકાર ચિત્ર અપવાદરૂપ હોય છે. અને અનુરૂપ સંયોજન હોય ત્યારે જ તે શોભે છે. વિષય બહુ સારો પસંદ કરેલો છે. ફરીવાર આડા ચોરસમાં મોટો એન્લાર્જમેન્ટ કરવાથી સરસ ચિત્ર ઊપજશે. પર્વતો જેવા વિરાટ ચિત્રવિષય માટે ગોળ રેખા સંગતિ નથી આપતા.

નોંધપાત્ર ઠરેલાં ચિત્રોમાં ભાઇ રસિકલાલે રડતા બાળકનો સ્નૅપ કરી ચિત્રનું નામ 'બા! બાઉ આયો ઓ ઓ ઓ!' રાખેલું છે. એક્સ્પોઝરની પળ બરાબર છે પણ ફોકસિંગ સરખું નહિ હોવાથી ચિત્ર વધારે પડતું આઉટ ઑફ ફોકસ આવ્યું છે, નહિતો કદાચ એ ચિત્ર પહેલું ઈનામ જીતી જાત. ભાઇ ચીમનલાલ ત્રિવેદીના 'જોડીદારો' નામના ચિત્રમાં બળદોની જોડ માત્ર પ્રદર્શન માટે ઊભી હોય એવી લાગે છે. સાફ ફોટોગ્રાફી હોવા છતાં સંયોજના અને હેતુદર્શન વિના ચિત્ર આકર્ષક બનતું નથી તેનો એ દાખલો છે બાકીનાં બે નોંધપાત્ર ચિત્રો ભાઇ જયકુમારનાં છે. એકમાં અમદાવાદનો ભદ્રનો કિલ્લો રાત્રે લેવાયો છે રાતની ફોટોગ્રાફી માટે ચિત્ર-સંયોજનનું સંપૂર્ણ જ્ઞાન જરૂરી છે. તે વિના એક્સ્પોઝર વ્યર્થ જાય છે. બીજામાં ફોટોગ્રાફરના મિત્રો કોઇ સ્ટેશને પાણીના નળ ઉપર પ્રાતઃવિધિ કરતાં જણાય છે. ચારમાંથી ત્રણ પાત્રોની નજર કૅમેરા તરફ છે અને જોનારને ફક્ત છબી પડાવનારાઓના જ અસ્તિત્વનો ખ્યાલ આવે છે. ટેકનીક ઠીક ગણાય.

મુંબાઇમાં ભરાનારૂં ત્રીજું હિંદી આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફિક પ્રદર્શન

'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બે' નામના મુંબાઈના ફોટો-કલાકારોના જાણીતા મંડળના ઉપક્રમથી આવતા નવેમ્બર માસમાં ઉપર જણાવેલું ત્રીજું 'ઇન્ડિયન ઈન્ટરનૅશનલ સૅલૉં ઑફ ફોટોગ્રાફિક આર્ટ' નામનું પ્રદર્શન, મુંબાઈના નામદાર ગવર્નર સર રૉજર લુમ્લેના આશ્રય નીચે ત્યાંના ટાઉન હૉલમાં ભરાવાનું છે. પ્રદર્શનમાં બે વિભાગ રાખવામાં આવ્યા છે: (૧) પિક્ટોરીઅલ પ્રિન્ટ્સ અને (૨) પિક્ટોરીઅલ લૅન્ટર્ન સ્લાઈડ્ઝ (રંગીન તેમજ સાદી). પ્રદર્શન માટે કૃતિઓ સ્વીકારવાની છેલ્લી તા ૮–૯–૩૯ છે.